Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી ભાષા પ્રવેશ

(વ્યાકરણ અને લેખન)

ભાગ પહેલો

વકીલ અને શાહ

66ग/89 I

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Foundation

urukul Ka

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या...... 66५/८१५

पञ्जिका संख्या...... २८५०२७

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકારી કેળવણી ખાતાએ નિયત કરેલા નવા અભ્યાસક્રમ પ્રમાણે

ગુજરાતી ભાષા-પ્રવેશ

(વ્યાકરણ અને લેખન)

ભાગ પહેલો

व्याकरण ११८४-११८५

ધોરણ પાંચમા માટે

With Best Compliments
from the publishers

કર્તા

રમણલાલ નરહરિલાલ વકીલ, એમ. એ.
આચાર્ય, મોડર્ન સ્કૂલ, મુંબઈ-૪.

અને

પુરુષોત્તમ છગનલાલ શાહ, એમ.એ., બી.ટી.
નિર્મળ નિવાસ, બોડેલી રસ્તે, વડોદરા.

★

CHECKED 1973
Initial

પ્રકાશક

મેસર્સ કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ
નાણાવટ સૂરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ
તરફથી
નવનીતલાલ બાલુભાઈ બુકસેલર,
નાણાવટ · સૂરત

गुरुकुल ग्रन्थालय कांगड़ी
पुस्तक सं० 66
आगत सं० 8921
तिथि 26.7.67

પ્રકાશનના સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

૧૯૫૬

કિંમત : ૦–૧૪–૦

*

મુદ્રક
વસંતલાલ રામલાલ શાહ
પ્રગતિ મુદ્રણાલય
ખપાટિયા ચકલા, સૂરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

નવી શિક્ષણયોજનામાં માતૃભાષાને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું હોવાથી તે વિષયના શિક્ષણનું ધ્યેય અગાઉના કરતાં ઘણું ઉચ્ચ બને છે. ભાષા એ પ્રજાની સંસ્કારિતાનું પ્રતીક છે. તે દ્વારા પ્રજાના વિચાર અને આચાર વ્યક્ત થાય છે તેમ જ ઘડાય છે. રોજના વ્યવહારમાં આ સાધન ડગલે ને પગલે વપરાય છે, તેથી તે વાપરવાની કળા પ્રત્યેક નાગરિકને બને તેટલી વહેલી સિદ્ધ થાય તેમ કરવું એ જવાબદારી શિક્ષકને માથે આવે છે.

વાંચતાંલખતાં શીખી રહ્યા પછી ભાષાને જીવનવ્યવહારના એક સાધન તરીકે વાપરતાં શીખવાની કક્ષા શરૂ થાય છે. એ કક્ષાએ વ્યવહારની ભાષાનાં પ્રચલિત સ્વરૂપો ઓળખવાં અને તેમનો સાચો ને સારો ઉપયોગ કરતાં શીખવું એ ભાષાશિક્ષણનું એક ધ્યેય છે. આ ધ્યેયને લક્ષમાં રાખી, સરકારમાન્ય અભ્યાસક્રમને આધારે, ભાષા–પ્રવેશનાં ક્રમિક પાઠ્ય પુસ્તકોની યોજના કરી છે. તેમાં બે વિભાગ છે : વ્યાકરણ અને લેખન.

વ્યાકરણ વિભાગ ભાષાશિક્ષણને મદદ કરવા માટે છે. ભાષા સમજવા માટે અને તે કુશળતાથી વાપરી શકાય તે માટે જરૂરી વ્યાકરણની માહિતી અને તાલીમ આપવાની નીતિ એમાં રાખેલી છે. પાઠોનો ક્રમ લેખનકાર્યને ઉપયોગી માહિતી બને તેટલી વહેલી આપી શકાય એ રીતે રાખ્યો છે. વ્યાકરણનું શાસ્ત્ર નહિ પણ તેનો વ્યવહાર કેમ થાય છે તે બતાવવાનો હેતુ હોવાથી, વ્યાકરણની પરિભાષા જરૂર જેટલી જ વાપરી છે. અને પરિભાષિક શબ્દોની વ્યાખ્યા નહિ આપતાં તેમના અર્થની વ્યવહારુ માહિતી દૃષ્ટાંતો દ્વારા સમજાવી છે. તેમ છતાં વ્યાકરણ એક શાસ્ત્ર છે અને ભાષાનો ઉપયોગ એના નિયમો પ્રમાણે થાય છે એની પ્રતીતિ બાળકને ક્રમે ક્રમે થતી જાય એ પદ્ધતિએ નિરૂપણ કરેલું છે.

વ્યાકરણ ભાષાશિક્ષણનું સાધન છે, સાધ્ય નથી. જોઈએ તે કરતાં વધારે કે ઓછો ભાર એ વિષય ઉપર મૂકવાથી ભાષાશિક્ષણને હાનિ થવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભય છે. તે ભય ટાળવા વ્યવહારની ભાષાના નમૂનાના અવલોકન અને પૃથક્કરણ દ્વારા વ્યાકરણ તારવવાની પ્રથા ખીલવવાની જરૂર છે. એમ કરવામાં મદદ અને માર્ગદર્શન થાય એ રીતે પાઠો અને સ્વાધ્યાયો રચેલા છે. એ બધું પોતે ધ્યાનપૂર્વક જોઈ, શિક્ષકે પ્રથમ પાટિયાની મદદથી અને પરિચિત દૃષ્ટાંતોથી વિદ્યાર્થીઓ સાથે વિષયની ચર્ચા કરવી. એક પાઠનું વસ્તુ વિગતવાર ચર્ચાઈ રહે ત્યાર પછી જ પુસ્તકનો પાઠ રજૂ કરવો. એમ કરવાથી શીખેલું તાજું થશે અને પાકું થશે. પાઠોનો ક્રમ પુસ્તકમાં છે તે પ્રમાણે રાખી શીખવવા ખાસ ભલામણ છે. વ્યાકરણના સ્વાધ્યાય કેટલાક મૌખિક રીતે અને બાકીના લેખિત રીતે કરવા.

વ્યવસ્થિત અને સતત લેખનપ્રવૃત્તિ વિના ભાષાનું સંગીન શિક્ષણ શક્ય નથી. જીવનની પ્રત્યેક અવસ્થાના પ્રત્યેક વ્યવહારમાં દરેક વ્યક્તિને પોતાના વિચારો, ભાવનાઓ, લાગણીઓ કે ઊર્મિઓ વાણી દ્વારા વ્યક્ત કરવાની જરૂર પડે છે. આ કાર્ય કરવાની આવડત ઉપરથી વ્યક્તિની કેળવણી, સંસ્કારિતા અને શક્તિ મપાય છે. પોતાના વિચારો સરળ, સ્પષ્ટ, સંક્ષિપ્ત, શુદ્ધ અને સુંદર ભાષામાં રજૂ કરવાની હથોટી ખીલવવી તે લેખનપ્રવૃત્તિનું ધ્યેય છે.

આ હેતુથી **લેખનવિભાગ**માં લેખનપ્રકારના જુદા જુદા નમૂના આપવામાં આવ્યા છે. તે આદર્શ નમૂના છે, એમ નથી. એ તો માત્ર વિદ્યાર્થીને માર્ગદર્શન કરાવવા માટે છે. એ નમૂનાને સાધન તરીકે વાપરી તેમના અવલોકન અને પૃથક્કરણની ચર્ચા દ્વારા વિદ્યાર્થીઓનાં અનુભવ, અવલોકન, વિચાર, લાગણી, વગેરે ચિત્તવ્યાપારોને જાગ્રત કરવા; એમાંથી તેમને રુચે તે વિષયની પસંદગી કરી તે વિષે તેમને સ્વતંત્ર રીતે રચના કરવા પ્રેરવા; અને તેમ કરવામાં જરૂર હોય તેટલી જ તેમને મદદ કરવી, એ શિક્ષકનું કર્તવ્ય છે. મૌખિક ચર્ચામાં વિદ્યાર્થીઓ જ મુખ્યત્વે ભાગ લે અને શિક્ષક ચર્ચાને યોગ્ય માર્ગે દોરવાનું ને નિયમનમાં રાખવાનું કાર્ય કરે, એ આવશ્યક છે. આખી પ્રવૃત્તિ વિદ્યાર્થીઓને માટે સ્વતંત્ર સર્જનની ભૂમિકા તૈયાર કરવાનું કામ કરે, શિક્ષક તો એની ઊણપો જ પૂરે. શિક્ષકની પોતાની માન્યતાઓનો બોજો વિકસતા બાળમાનસ ઉપર ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષ્ય એની કાળજી શિક્ષક રાખે એ ઇષ્ટ છે. એમ કરવાથી વિદ્યાર્થીઓની વિચારશક્તિ કેળવાશે, પરસ્પર વિચારોની આપલે કરતાં તેમને આવડશે, વિષય રસમય બનશે અને લેખનપ્રવૃત્તિ સક્રિય બનશે.

લેખન અસરકારક બને તે માટે ભાષા શુદ્ધ અને શિષ્ટ રીતે વાપરતાં શીખવાની ટેવ પડવી જોઈએ. બાળકની વાક્યરચના તેના ગજા પ્રમાણે વ્યાકરણશુદ્ધ અને આકારસૌષ્ઠવવાળી બનતી રહે તે વિશે શિક્ષકે સતત જાગ્રત રહેવું જોઈએ. આ માટે વખતોવખત માર્ગદર્શન આપવાની જરૂર રહે છે. જોડણી શુદ્ધ લખવી, વિરામચિહ્નો વાપરવાં, શબ્દો છૂટા લખવા, ફકરા પાડવા અને વિચારો સુસંબદ્ધ રીતે ગોઠવવા — આટલાં લક્ષણ બાળકના લેખનમાં સ્વાભાવિક બની રહે, એ માટે પ્રયત્નશીલ રહેવું એ શિક્ષકની ફરજ છે.

ભાષા વ્યાકરણશુદ્ધ હોય અને રચના કળાયુક્ત હોય છતાં લેખનના અક્ષર સુવાચ્ય, સુંદર અને સ્વચ્છ ન હોય તો શિક્ષણ ખામીવાળું ગણાય. તેથી આ કક્ષાએ સારા અક્ષર માટે વ્યાકરણશુદ્ધિ જેટલો જ આગ્રહ રાખવો જોઈએ. લેખનવ્યવસાયનાં તમામ તત્ત્વોનું પરિશીલન કરવાની બાળકને ટેવ પડે તો જ સ્વભાષાના સંગીન શિક્ષણનો હેતુ સધાય.

લેખન કરતાં પણ મૌખિક ચર્ચા દ્વારા ભાષાશક્તિ વિશેષ સારી રીતે અને સહેલાઈથી કેળવાય છે, એ હકીકત ઉપર ખાસ ભાર મૂકવાની જરૂર છે. લેખનવિભાગમાં આ માટે માર્ગદર્શન આપેલું છે. પરંતુ સંવાદ, નાટક, વાર્તાકથન, ચર્ચા વગેરે પ્રકાર દ્વારા વર્ગમાં કે શાળાનાં સંમેલનોમાં વિદ્યાર્થીઓને વાણી દ્વારા પોતાનું વ્યક્તિત્વ અને વક્તવ્ય પ્રકટ કરવાની અને તેટલી વધુ તકો અપાય તો જ આ હેતુ સધાય.

જે કંઈ બોલાય અને લખાય તે વ્યાકરણશુદ્ધ હોય અને લેખનમાં યોગ્ય વિરામચિહ્નો દરેક વખતે વપરાય એવો ખાસ આગ્રહ રાખવો. આ ઉપરાંત વાચનમાળાના પાઠો શીખવતાં લેખન ને વ્યાકરણના જ્ઞાનનો બને તેટલો ઉપયોગ કરવો અને એ ત્રણેય વિભાગના લેખનવસ્તુનો મેળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સધાય એ રીતે શિક્ષકે પોતાનો શિક્ષણક્રમ યોજવો. એકી વખતે બાળકને ગજા ઉપરાંત લખવાનો બોજો ન પડે તેની ખાસ સાવચેતી રાખવાની જરૂર છે.

ખરું જોતાં ભાષા વાપરવાની તક જીવનના સામાન્ય વ્યવહારમાં અને ભાષા સિવાયના બીજા વિષયો શીખતાં પણ મળે છે. બાળકની ભાષા ઘડનારાં ખરાં પરિબળો તો એ જ છે. તેથી દરેક પ્રસંગે ભાષા શુદ્ધ, શિષ્ટ અને સુંદર સ્વરૂપે વપરાતી રહે એવો આગ્રહ રાખવાની અત્યંત જરૂર છે. એમ થયા સિવાય ભાષાશિક્ષકનો પ્રયત્ન ગમે તેવો સહૃદય અને શાસ્ત્રીય હશે તો પણ ભાષાશિક્ષણનું ધ્યેય પૂરેપૂરું સધાશે નહિ.

આપણી ભાષા અને તેનું શિક્ષણ બન્ને બાલ્યાવસ્થામાં છે. તેમને શાસ્ત્રીય શિષ્ટતાએ પહોંચતાં હજુ સમય જોઈશે. શિક્ષણક્ષેત્રમાં આ દૃષ્ટિએ વિવિધ પ્રયોગો થવાની જરૂર છે. આ પુસ્તક એવા પ્રયોગની દૃષ્ટિથી યોજાયું છે. તેથી તે વાપરતાં જે કંઈ દોષો માલૂમ પડે અને સારામાઠા અનુભવો થાય તે કર્તાઓને જણાવવામાં આવશે તો તે પુસ્તકને વિશેષ ઉપયોગી બનાવવામાં કામ લાગશે.

ધી મૉડર્ન સ્કૂલ,
સિક્કાનગર, મુંબઈ–૪
૫ મી નવેંબર, ૧૯૫૦

ર. ન. વ.
પુ. છ. શા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

વ્યાકરણ

પાઠ				પાનું
૧	વાક્ય	...	...	૧
૨	વિરામચિહ્નો	...	...	૩
૩	વાક્યનાં બે મુખ્ય પદ	...	...	૭
૪	વાક્યના બે વિભાગ	...	...	૧૦
૫	વાક્યના પ્રકાર	...	...	૧૩
૬	નામ : ઓળખ	...	...	૧૬
૭	નામ : જાતિ	...	...	૧૯
૮	નામ : વચન	...	...	૨૨
૯	સર્વનામ	...	...	૨૫
૧૦	વિશેષણ	...	...	૨૮
૧૧	ક્રિયાપદ અને કૃદંત	...	...	૩૨
૧૨	કર્તા, કર્મ અને ક્રિયાપૂરક	...	...	૩૪
૧૩	ક્રિયાવિશેષણ	...	...	૩૭
૧૪	શું શું શીખ્યાં ?	...	...	૩૯
૧૫	નામના પ્રકાર	...	...	૪૫
૧૬	સર્વનામના પ્રકાર	...	...	૫૦
૧૭	વિશેષણના પ્રકાર	...	...	૫૩
૧૮	ક્રિયાપદના પ્રકાર	...	...	૫૮
૧૯	ક્રિયાપદના મુખ્ય કાળ	...	...	૬૪
૨૦	અવ્યય	...	...	૬૬
૨૧	પદોની ગોઠવણ	...	...	૭૧

લેખન

૧	ચિત્રવર્ણન	...	...	૭૫
૨	પત્ર લેખન	...	...	૭૬
૩	વાર્તા લેખન	...	...	૭૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ				પાનું
૪	નિબંધલેખન ખિલાડી	...	...	૮૧
૫	શાળાની નોંધપોથીનું એક પાનું		...	૮૩
૬	અભિનંદનપત્ર	...	...	૮૪
૭	મારું ગામ (નિબંધ)	...	...	૮૫
૮	કથાકાવ્ય	...	...	૮૭
૯	વિરામચિહ્નો	...	...	૯૦
૧૦	કાગડો (નિબંધ)	...	....	૯૨
૧૧	રજાચિઠ્ઠી	...	...	૯૪
૧૨	મારી રોજનીશીનું એક પાનું		...	૯૫
૧૩	સંવાદલેખન	...	...	૯૬
૧૪	નાળિયેરી (નિબંધ)	...	...	૯૮
૧૫	નિમંત્રણપત્ર	...	...	૧૦૧
૧૬	શેરડીને ખેતરે (નિબંધ)	...	...	૧૦૨
૧૭	ચિત્રવાર્તા	...	...	૧૦૪
૧૮	દશેરા (નિબંધ)	...	...	૧૦૬
૧૯	ચિત્રવર્ણન	...	...	૧૦૮
૨૦	પિતાને પત્ર	...	...	૧૦૯
૨૧	મનીઑર્ડર વિશે માહિતી	...	...	૧૧૦
૨૨	ચર્ચા	...	...	૧૧૩
૨૩	ચર્ચાસભાનું કામકાજ	...	...	૧૧૪
૨૪	ચર્ચાની નોંધ	...	...	૧૧૮
૨૫	થોડા અગત્યના શબ્દોની જોડણી		...	૧૨૧

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાકરણ

શુદ્ધિપત્રક

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧	૨૧	પરિભાષિક	પારિભાષિક
૬	૫	અલ્મવિરામ	અલ્પવિરામ
૧૦	૧૬	(નીચે ઉમેરો)	(૩) પાણી વહે છે.
૨૨	છેલ્લી (બીજું ખાનું)	સાધુ	સાધુઓ
૬૫	પહેલી (બીજો શબ્દ)	અત્યારે	અત્યાર
૬૭	આઠમી (ત્રીજો શબ્દ)	લાવ્યાં	લાવ્યા
૬૭	આઠમી (પાંચમો શબ્દ)	લાવ્યા	લાવ્યાં
૯૦	૨૦	ભૂકવાથી	મૂકવાથી
૯૧	૨	રહેતાં	રહેતા
૧૦૨	૯	કેટલાક	કેટલાંક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ		પાનું
૪	નિબંધલેખન ખિલાડી	૮૧
૫	શાળાની નોંધપોથીનું એક પાનું ...	૮૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાનું:
૮૧
૮૩

વ્યાકરણ

*

પાઠ પહેલો

વાક્ય

[૧]

(क) આ શબ્દો વાંચો :—

(૧) રાતો ઘોડો
(૨) કલમ લઈને
(૩) ફરવા જતાં

અર્થ સમજાય છે? હા, પણ પૂરેપૂરો નહિ. આવા શબ્દોને શબ્દસમૂહ કહે છે. જે શબ્દો એકઠા થવાથી અધૂરો અર્થ સમજાય તે શબ્દોને શબ્દસમૂહ કહે છે.

(ख) હવે આ શબ્દો વાંચો :—

(૧) રાતો ઘોડો ચરે છે.
(૨) કલમ લઈને મનુ લખે છે.
(૩) ફરવા જતાં તું મારે ઘેર આવજે.

અર્થ સમજાય છે? હા, દરેક લીટીના શબ્દો સાથે વાચતાં અર્થ પૂરેપૂરો સમજાય છે. આવા શબ્દોને વાક્ય કહે છે. જે શબ્દો એકઠા થવાથી પૂરેપૂરો અર્થ સમજાય તે શબ્દો તે વાક્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

(क)ના શબ્દો ફેરવીને લખીએ :—

(૧) ઘોડો રાતો
(૨) લઈને કલમ
(૩) જતાં ફરવા

અર્થ સમજાય છે? ના. કદાચ થોડો અર્થ સમજાય, પણ આમ બોલવું સારું લાગે છે? ના.

(ख)ના શબ્દો ફેરવીને લખીએ :—

(૧) ઘોડો રાતો છે ચરે.
(૨) મનુ લઈને છે કલમ લખે.
(૩) આવજે જતાં ઘેર મારે ફરવા.

અર્થ સમજાય છે? ના.

પૂરેપૂરો અર્થ સમજવા માટે શબ્દોને અમુક રીતે ગોઠવવા જોઈએ. શબ્દો અમુક રીતે ગોઠવાય ત્યારે જ વાકય બને.

[૩]

આપણા મનના વિચારો બીજાને જણાવવા આપણે શબ્દ બોલીએ છીએ. શબ્દો એવી રીતે બોલવા જોઈએ કે જેથી આપણો વિચાર પૂરેપૂરો સમજાય. એટલે આપણે દરેક વખતે શબ્દોને વાકયના રૂપમાં ગોઠવીને બોલીએ છીએ.

વાકયમાં વાપરવા લાયક શબ્દને પદ કહે છે.

સ્વાધ્યાય

૧ નીચેનાંમાંથી વાક્યો શોધી કાઢો :—

(ક) મનુએ મોં મલકાવીને
(ખ) તમે ઝટ જાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ગ) શહેરથી થોડે દૂર

(ઘ) પ્રતાપને દયા આવી.

(ઙ) વાંચવાનું મૂકી ચંપક રમે છે.

(ચ) લડતાં લડતાં લશ્કર

૨ નીચેના શબ્દો ગોઠવી વાક્યો બનાવો :—

(ક) દૂધ તેણે સવારમાં ગરમ પીધું

(ખ) બહુ ઉનાળામાં છે ગરમી પડે

(ગ) થાકે રમતાં ઘણો રમતાં લાગ્યો

૩ પ્રશ્ન ૧માંથી શબ્દસમૂહો લઈ ત્રણ વાક્યો બનાવો.

૪ નીચે ઘણાં વાક્યો એકઠાં કરેલાં છે. તે દરેક વાક્યને છૂટું પાડો :—

સૂરજ ઊગ્યો. સવાર થયું. લોકો ઊઠ્યા. પોતપોતાને કામે વળગ્યા. શિયાળાનો દિવસ હતો. સવારમાં ધુમ્મસ પડે. ઝાકળ પડે. જાણે કે વાદળાં છવાયાં હોય. એવું લાગે આજે ય એવું થયું

卐

પાઠ બીજો

વિરામચિહ્નો

[૧]

આ વાક્યો વાંચો :—

(૧) રમેશ વાંચે છે.

(૨) રમેશ વાંચે છે?

(૩) રમેશ વાંચે છે!

એક જ વાક્ય ત્રણ વખત લખ્યું છે. દરેક વાક્યને છેડે કંઈક ચિહ્ન મૂકેલું છે. એ એમ સૂચવે છે કે એ જગ્યાએ વાક્ય પૂરું થયું; માટે વાંચતાં ત્યાં અટકવું. આ દરેક ચિહ્નને વિરામચિહ્ન કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક વાક્યને છેડે જુદું જુદું વિરામચિહ્ન છે. શાથી? તે જોઈએ :—

(૧) રમેશ વાંચે છે—આ શબ્દોથી શું સમજાય છે? એમ સમજાય છે કે રમેશ નામનો છોકરો વાંચવાની ક્રિયા કરે છે. આ હકીકત સાદી રીતે જણાવવા વાક્યને છેડે એક ટપકું (.) કર્યું છે. એ ચિહ્નને પૂર્ણવિરામ કહે છે.

(૨) એ જ હકીકત ખરી છે કે ખોટી છે, એની ખાતરી કરવા, એ જ શબ્દો વાપરીને બીજા વાક્યમાં પ્રશ્ન પૂછ્યો છે. પ્રશ્ન બતાવવા આવું (?) ચિહ્ન કર્યું છે. એને પ્રશ્નચિહ્ન કહે છે.

(૩) એ જ હકીકત જોઈ નવાઈ લાગે છે, એમ બતાવવા ત્રીજા વાક્યને છેડે આવું (!) ચિહ્ન કર્યું છે. એને ઉદ્ગારચિહ્ન કહે છે.

શબ્દો બરાબર ગોઠવ્યા પછી અર્થ સ્પષ્ટ કરવા વાક્યને છેડે યોગ્ય વિરામચિહ્ન મૂકવું જોઈએ. વાક્ય પૂરું કરવા વપરાતાં વિરામચિહ્નોનાં નામ : પૂર્ણવિરામ, પ્રશ્નચિહ્ન, ઉદ્ગારચિહ્ન.

[૨]

આ વાક્યો વાંચો:—

(૧) લાલ, પીળો ને વાદળી મૂળ રંગ કહેવાય.
(૨) દિનુ, રામુ, શાન્તિ બધા જતા રહ્યા!
(૩) દીકરા, અત્યારે રડવાનું હોય?

દરેક વાક્યને છેડે વિરામચિહ્ન છે? હા. આ ઉપરાંત દરેક વાક્યની અંદર આવું (,) ચિહ્ન મૂકેલું છે. એને અલ્પવિરામ કહે છે.

પૂર્ણવિરામ એટલે પૂરેપૂરું અટકવા માટેનું ચિહ્ન. અલ્પવિરામ એટલે થોડું અટકવા માટેનું ચિહ્ન. વાક્ય વાંચતાં ક્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાં અટકવું તે બતાવવા અલ્પવિરામ વપરાય છે. અલ્પવિરામ વાક્યની અંદર આવે. પૂર્ણવિરામ વાક્યને છેડે આવે છે.

[૩]

આ વાક્ય વાંચો :—

નોકરે કહ્યું, "મારાથી એ નહિ થાય."

અહીં નોકરનું બોલેલું વાક્ય ફરીથી બોલી બતાવ્યું છે. તેને જુદું પાડવા શરૂઆતમાં આવું (") ચિહ્ન કર્યું છે, અને છેડે આવું (") ચિહ્ન કર્યું છે. આ બંને ચિહ્નોને "........" અવતરણચિહ્નો કહે છે.

બીજાના બોલેલા શબ્દો વાક્યમાં ઉતારેલા છે, એમ બતાવવા વપરાતાં ચિહ્નો તે **અવતરણચિહ્નો.**

અવતરણચિહ્નોવાળા શબ્દોની પહેલાં, કહ્યું શબ્દની પછી, અલ્પવિરામ મૂકેલું છે, તે ધ્યાનમાં લેવું.

કોઈ વાર અવતરણચિહ્નો એકવડાં પણ વપરાય છે. '........'

[૪]

વિરામચિહ્નો કેવી રીતે વપરાય છે તેના સહેલા નમૂના ઉપર આપ્યા છે. તે ધ્યાનમાં રાખી બીજાં વાક્યો જોતા રહેવું. એમ કરવાથી વિરામચિહ્નો વાપરવાની સમજ પડતી જશે.

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોને છેડે યોગ્ય વિરામચિહ્નો મૂકો :—

(ક) આવું ડહાપણ ન કરો .
(ખ) હવે શું થાય ?
(ગ) આ જાનવર કેવું હશે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઘ) જોઈને ચાલીએ તો ઠોકર ન વાગે

(ઙ) તમે તો ભારે જબરા

(ચ) અમને કેમ સમજ ન પડે

(છ) શી તમારી છટા

૨ નીચેનાં વાક્યોમાં અલ્પવિરામ મૂકો :—

(ક) આ દુકાનમાં કાગળ પેનસિલ ચોપડીઓ વગેરે મળે છે.

(ખ) તાપી નર્મદા મહી સાબરમતી એ ગુજરાતની નદીઓ છે.

(ગ) કનુ તું બહુ તોફાન કરે છે.

(ઘ) ચાલ ઊભો થા.

૩ નીચેનાં વાક્યોમાં અલ્પવિરામ અને અવતરણચિહ્નો મૂકો :—

(ક) મુસાફર કહે આ કોણ રોતું હશે ?
સિપાઈ કહે કોઈ બાઈ રોતી હોય એમ લાગે છે.

(ખ) બાએ કહ્યું માફ કરજો. મેં તમને ઓળખ્યા નહિ
તેણે કહ્યું મને ન ઓળખ્યો ? હું કાકા.

૪ નીચેનાં વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકો :—

(ક) શું હું મૂર્ખ છું

(ખ) કેવી કરુણ દશા

(ગ) સત્યનો સદા જય છે

(ઘ) તેણે પૂછ્યું ભાઈ મને રાખશો

(ઙ) ન ભાવે તો ય દવા તો પીવી પડે

(ચ) વાંચ્યું લખ્યું ને પછી હું ફરવા ગયો

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ત્રીજો

વાક્યનાં બે મુખ્ય પદ

[ક્રિયાપદ અને કર્તા]

[૧]

આ શબ્દસમૂહ છે કે વાક્ય ?

(૧) મોટર રસ્તામાં
(૨) ઉષા ઘેર જઈને
(૩) કૂતરું રાત્રે જોરથી

તે દરેક શબ્દસમૂહ છે, કેમ કે દરેકમાં અર્થ અધૂરો લાગે છે.

હવે આ વાંચો :—

(૧) મોટર રસ્તામાં દોડે છે.
(૨) ઉષા ઘેર જઈને રમે છે.
(૩) કૂતરું રાત્રે જોરથી ભસે છે.

અર્થ પૂરો સમજાય છે? હા. અર્થ પૂરો કરવા દરેક શબ્દ-સમૂહમાં બીજા શબ્દો ઉમેર્યા છે. આ શબ્દો કયા છે તે જોઈએ :—

'દોડે છે' એટલે ? દોડવાની ક્રિયા કરે છે.
'રમે છે' એટલે ? રમવાની ક્રિયા કરે છે.
'ભસે છે' એટલે ? ભસવાની ક્રિયા કરે છે.

આ ઉમેરેલા શબ્દો ક્રિયા બતાવે છે અને વાક્યનો અર્થ પૂરો કરે છે. આવા શબ્દોને ક્રિયાપદ કહે છે.

જે શબ્દ અથવા શબ્દો ક્રિયા બતાવે અને વાક્યનો અર્થ પૂરો કરે તે ક્રિયાપદ.

દોડે છે, રમે છે, ભસે છે—એ દરેક ક્રિયાપદ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે આ વાંચો :—

(૧) મોટર રસ્તામાં દોડે છે.

(૨) રસ્તામાં દોડે છે.

(૩) મોટર દોડે છે.

(૪) દોડે છે.

ઉપર પૈકી કઈ લીટીના શબ્દોને વાક્ય કહેવાય ? (૧) અને (૩)ના શબ્દોને વાક્ય કહેવાય, કેમ કે તે દરેકનો અર્થ પૂરો સમજાય છે. પણ (૨) અને (૪) ના શબ્દોને વાક્ય ન કહેવાય, કેમ કે બંનેમાં પ્રશ્ન ઊઠે છે કે 'કોણ દોડે છે ?'

આ ઉપરથી સમજાય છે કે 'રસ્તામાં' એ શબ્દ વિના વાક્ય બની શકે, પણ 'મોટર' એ શબ્દ વિના વાક્ય બને નહિ.

ત્યારે 'મોટર' એ શબ્દ શું કામ કરે છે તે જોઈએ. કોણ દોડે છે ? મોટર. દોડવાની ક્રિયા કોણ કરે છે ? મોટર. દોડવાની ક્રિયા કરનાર કોણ છે ? મોટર.

આ રીતે 'મોટર' એ શબ્દ ક્રિયાનો કરનાર બતાવે છે. ક્રિયાના કરનારને કર્તા કહે છે. તેથી 'મોટર' એ શબ્દ 'દોડે છે' એ ક્રિયાપદનો કર્તા છે.

જેમ શબ્દસમૂહમાં ક્રિયાપદ ઉમેરીએ ત્યારે જ વાક્ય બને, તેમ ક્રિયાપદ સાથે કર્તા જોડાય ત્યારે જ વાક્ય બને. આમ કર્તાનું પદ ક્રિયાપદ જેટલું જ જરૂરનું છે.

વાક્યમાં બે પદ મુખ્ય છે—ક્રિયાપદ અને કર્તા. શી ક્રિયા કરે છે ? એમ પૂછવાથી ક્રિયાપદ જડે. કોણ ક્રિયા કરે છે ? એમ પૂછવાથી કર્તા જડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

આ વાક્યો કહેવાય કે નહિ?—

(૧) લે. (૨) બેસો. (૩) આજે રજા! કેવી મજા! (૪) કાનો કરીને એક ભરવાડ. એને એક દીકરો. દીકરાનું નામ રૂપજી.

એ બધાં વાક્યો છે. (૧) અને (૨)માં ક્રિયાપદ છે, કર્તા નથી. (૩) અને (૪)માં કર્તા છે, ક્રિયાપદ નથી. છતાં દરેક વાકયનો અર્થ સમજાય છે. ખૂટતાં પદો ઉમેરીએ તો તે વાક્યો આમ વંચાય:—

(૧) (તું) લે. (૨) (તમે) બેસો. (૩) આજે રજા (છે)! કેવી મજા (છે)! (૪) કાનો કરીને એક ભરવાડ (હતો). એને એક દીકરો (હતો). દીકરાનું નામ રૂપજી (હતું).

આવાં વાક્યોમાં કર્તા કે ક્રિયાપદ અધ્યાહાર છે એમ કહેવાય છે. અધ્યાહાર એટલે બાકી રાખેલું—સમજી લેવાનું.

સ્વાધ્યાય

૧ નીચેનાં વાકયોમાંથી ક્રિયાપદ અને કર્તા ઓળખો :—

(ક) બાગમાં પતંગિયાં ઊડે છે.

(ખ) વાંદરા એક ઝાડથી બીજે ઝાડ કૂદે છે.

(ગ) બધા છોકરા એકઠા થઈ રોજ રમે છે.

(ઘ) ચોમાસામાં ધોધમાર વરસાદ પડે છે.

(ઙ) આપણા દેશમાં અનેક જાતના લોકો વસે છે.

૨ નીચેનાંમાં યોગ્ય ક્રિયાપદ ઉમેરી વાકયો બનાવો :—

(ક) મદારી રોજ ખેલ ______

(ખ) દાકતર દરદીને દવા ______

(ગ) વાઘને જોઈ શિયાળ ______

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઘ) મોડું થવાથી હું ગાડી ______

(ઙ) સારા છોકરા માબાપનું કહ્યું ______

૩ નીચેનાં વાકયોમાં ખાલી જગાએ કર્તા મૂકો :—

(ક) આકાશમાં ______ ચમકે છે.

(ખ) ______ અમને ભણાવે છે.

(ગ) જાણી જોઈને ______ મને ધક્કો માર્યો.

(ઘ) આંબાની ઘટામાં ______ બોલે છે.

(ઙ) આજકાલ ______ બહુ પડે છે.

પાઠ ચોથો

વાક્યના બે વિભાગ

[ઉદ્દેશ્ય અને વિધેય]

[૧]

આ વાકયો વાંચો :—

(૧) કાંતિ લખે છે.

(૨) વિનુ વાંચે છે.

દરેક વાકયમાં ક્રિયાપદ અને કર્તા છે? હા. તેનાથી શું સમજાય છે? એમ સમજાય છે કે કોઈક કશુંક કરે છે.

આમ દરેક વાકયમાંથી એમ જાણવાનું મળે છે કે કોઈક કશુંક કરે છે. એટલે દરેક વાકયમાં કોઈક વિશે કશીક હકીકત કહેલી હોય છે.

આ ઉપરથી વાકયના બે વિભાગ થઈ શકે—(૧) જેને વિશે કહેલું હોય તે. (૨) જે કહેલું હોય તે. જેને વિશે કહેલું હોય તેને ઉદ્દેશ્ય કહે છે. જે કહેલું હોય તેને વિધેય કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે વાક્યના બે વિભાગનાં નામ—ઉદ્દેશ્ય અને વિધેય.
આ દૃષ્ટિએ ઉપરનાં વાક્યોના વિભાગ આમ પડે :—

વાક્ય	જેને વિશે કહેલું હોય તે (ઉદ્દેશ્ય)	જે કહેલું હોય તે (વિધેય)
૧	કાંતિ	લખે છે
૨	વિનુ	વાંચે છે
૩	પાણી	વહે છે

[૨]

આ વાક્યોના વિભાગ પાડીએ :—

(૧) બોર મીઠાં લાગે છે.
(૨) પતંગ ઊંચે ઊડે છે.
(૩) તે હજી આવ્યો નહિ.
(૪) ગુલાબનું ફૂલ સુંદર લાગે છે.
(૫) ડાહ્યો દીકરો દેશાવર ભોગવે.

વાક્ય	કોને વિષે કહ્યું છે ? (ઉદ્દેશ્ય)	શું કહ્યું છે ? (વિધેય)
૧	બોર	મીઠાં લાગે છે
૨	પતંગ	ઊંચે ઊડે છે
૩	તે	હજી આવ્યો નહિ
૪	ગુલાબનું ફૂલ	સુંદર લાગે છે
૫	ડાહ્યો દીકરો	દેશાવર ભોગવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરના નમૂના ઉપરથી સમજાય છે કે-(૧) ઉદ્દેશ્ય શોધવા માટે આ પ્રશ્ન પૂછવો : કોને વિશે કહ્યું છે ? આ પ્રશ્નના ઉત્તરમાં જેટલા શબ્દો આવે તે ઉદ્દેશ્ય વિભાગમાં જાય. (૨) વિધેય શોધવા માટે આ પ્રશ્ન પૂછવો : શું કહ્યું છે? ઉત્તરમાં જે શબ્દો આવે તે વિધેય વિભાગમાં જાય.

બંને વિભાગમાં એકથી વધુ શબ્દો હોઈ શકે.

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોના બે વિભાગ કરો :—

(ક) સુશીલા વાજું વગાડે છે.
(ખ) ઘડિયાળ કીમતી છે.
(ગ) તમારું મોં રૂપાળું દેખાય છે.
(ઘ) સઘળી વાત બીજા જાણી ગયા.
(ઙ) મારો ભાઈ બહુ હોશિયાર છે.

૨ નીચેના શબ્દો ઉદ્દેશ્ય તરીકે વાપરી વાક્યો બનાવો :—

(ક) ચોપડી ____________
(ખ) ગાયન ____________
(ગ) માખીઓ ____________
(ઘ) સોનેરી વાળ ____________
(ઙ) મારાં બા ____________

૩ નીચેના શબ્દોને વિધેય તરીકે વાપરી વાક્યો બનાવો :—

(ક) ____________ કૂદે છે.
(ખ) ____________ પાકે છે.
(ગ) ____________ કડવાં લાગે છે.
(ઘ) ____________ ભીંતે લટકે છે.
(ઙ) ____________ પાણી ભરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪ વાક્યોના વિભાગ કરી નીચે બે ખાનાંમાં મૂક્યા છે, તેમાંથી યોગ્ય વિભાગો જોડી વાક્યો ગોઠવો :—

(૧) મારો મિત્ર	(૧) ચઢતાં થાક લાગે છે.
(૨) સુથાર	(૨) તંદુરસ્તી વધારે છે.
(૩) ઊંચો પહાડ	(૪) મેદાનમાં પહોંચ્યું.
(૪) લીલાં શાક	(૪) મારે ઘેર આવ્યો.
(૫) સરઘસ	(૫) લાકડું ઘડે છે.

*

પાઠ પાંચમો

વાક્યના પ્રકાર

[૧]

નીચેનાં વાક્યોમાં શો ફેર છે તે વિચારો :—

(૧) સૂરજ ઊગ્યો.
(૨) સૂરજ ઊગ્યો ?
(૩) સૂરજ ઊગ્યો !

ત્રણે વાક્યોમાં કોને વિશે કહેલું છે ? સૂરજ વિશે. શું કહેલું છે ? સૂરજ ઊગ્યાની હકીકત કહેલી છે.

પહેલા વાક્યમાં—'સૂરજ ઊગ્યો' એ હકીકત સાદી રીતે કહેલી છે. હકીકત સાદી રીતે કહેવી, એને 'વિધાન કરવું' એમ કહે છે. તેથી આવા વાક્યને વિધાન વાક્ય કહે છે. તેને છેડે પૂર્ણવિરામ (.) હોય છે.

"સૂરજ ઊગ્યો."—એ વિધાન વાક્ય છે.

બીજા વાક્યમાં—સૂરજ ઊગ્યાની હકીકત બની છે કે કેમ, તે જાણવા પ્રશ્ન પૂછ્યો છે. તેથી આવા વાક્યને પ્રશ્ન વાક્ય કહે છે. તેને છેડે પ્રશ્નચિહ્ન (?) હોય છે.

"સૂરજ ઊગ્યો ?"—એ પ્રશ્ન વાક્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજા વાક્યમાં—સૂરજ ઊગ્યાની હકીકત જાણી નવાઈની લાગણી થઈ એમ બતાવ્યું છે. આવા લાગણી બતાવતા વાક્યને ઉદ્‌ગાર વાક્ય કહે છે. તેને છેડે ઉદ્‌ગાર ચિહ્ન (!) હોય છે.

"સૂરજ ઊગ્યો!"—એ ઉદ્‌ગાર વાક્ય છે.

[૨]

હવે આ વાક્યોને ઉપરનાં વાક્યો સાથે સરખાવો :—

(૧) સૂરજ ઊગ્યો નહિ.
(૨) સૂરજ ઊગ્યો નહિ ?
(૩) સૂરજ ઊગ્યો નહિ !

ત્રણે વાક્યોમાં કોને વિશે કહેલું છે? સૂરજ વિશે. શું કહેલું છે? સૂરજ નહિ ઊગ્યાની હકીકત કહેલી છે.

પ્રથમનાં વાક્યોમાં સૂરજ ઊગ્યાની હકીકત કહેલી છે. એમાં 'હા'નો અર્થ છે. તેથી એ વાક્યોને હકારવાચક કહે છે.

પછીનાં વાક્યોમાં સૂરજ નહિ ઊગ્યાની હકીકત કહેલી છે. એમાં 'ના'નો અર્થ છે. તેથી આ વાક્યોને નકારવાચક કહે છે. 'ના'નો અર્થ બતાવવા 'નહિ' શબ્દ ઉમેરેલો છે.

આમ વાક્યમાં વિચાર દર્શાવવાની રીત ઉપરથી વાક્યના પ્રકાર પાડવામાં આવે છે. મુખ્ય પ્રકાર ત્રણ છે:—વિધાન વાક્ય, પ્રશ્ન વાક્ય અને ઉદ્‌ગાર વાક્ય. તે દરેકના બે પેટા પ્રકાર છે: હકારવાચક અને નકારવાચક.

[૩]

આ રીતે જોતાં :—

(૧) "સૂરજ ઊગ્યો."—એ હકારવાચક વિધાન વાક્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) "સૂરજ ઊગ્યો નહિ."—એ નકારવાચક વિધાન વાક્ય છે.

(૩) "સૂરજ ઊગ્યો ?"—એ હકારવાચક પ્રશ્ન વાક્ય છે.

(૪) "સૂરજ ઊગ્યો નહિ ?"—એ નકારવાચક પ્રશ્ન વાક્ય છે.

(૫) "સૂરજ ઊગ્યો !"—એ હકારવાચક ઉદ્‌ગાર વાક્ય છે.

(૬) "સૂરજ ઊગ્યો નહિ !"—એ નકારવાચક ઉદ્‌ગાર વાક્ય છે.

સ્વાધ્યાય

૧ તમારા પાઠ્ય પુસ્તકમાંથી પાચ વિધાન વાક્યો એકઠાં કરો અને તેમના પેટા પ્રકાર ઓળખાવો.

૨ નીચેનાં વાક્યોના પ્રકાર કહો :—

(ક) આ કોટ તમને બહુ ગમે છે ?
(ખ) ઓહો ! પેલો હંસ કેવો સુંદર છે !
(ગ) મારે માટે પતંગ લાવ્યા નહિ ?
(ઘ) હજી પણ વરસાદ ન આવ્યો !

૩ નીચેનાં વાક્યોના પ્રકાર ઓળખાવો :—

(ક) રાજાને આ વાત કોણે કહી ?
(ખ) આજે તો કોઈ નિશાળે આવી શકશે નહિ.
(ગ) હાય ! બિચારો બળી મર્યો !
(ઘ) તમે ગિરનાર ગયા નથી ?
(ઙ) કૂવામાં જરા પણ પાણી નથી !
(ચ) આવડું મોટું તળાવ !
(છ) સંપ ત્યાં જંપ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ છઠ્ઠો

નામ : ઓળખ

[૧]

પુરુષ, સ્ત્રી, બાળક, યુવક, ડોસો, ખેડૂત, ધોબી, અનિલ, શારદા, હુસેન—આ શબ્દોથી શું ઓળખાય છે?

એ શબ્દોથી માણસો ઓળખાય છે.

ગાય, બળદ, ભેંસ, બકરી, ઊંટ, વાઘ—આ શબ્દોથી શું ઓળખાય છે?

એ શબ્દોથી પશુઓ ઓળખાય છે.

ખુરસી, ટેબલ, ચોપડી, ખડિયો, કલમ, મોટર—આ શબ્દોથી શું ઓળખાય છે?

એ શબ્દોથી વસ્તુઓ ઓળખાય છે.

આ રીતે માણસ, પશુ, પંખી કે વસ્તુ ઓળખવા જુદા જુદા શબ્દો વપરાય છે. આવા શબ્દોને **નામ** કહે છે.

[૨]

માણસ, પશુ, પંખી—એ દરેકને પ્રાણી કહે છે, કારણ કે તેમનામાં પ્રાણ એટલે જીવ છે. પ્રાણને લીધે દરેક પ્રાણી પોતાની જાતે હાલેચાલે છે.

ખુરસી, ટેબલ, ચોપડી વગેરે વસ્તુઓમાં પ્રાણ નથી. તે પોતાની જાતે હાલીચાલી શકતાં નથી. આ બધાંને પદાર્થ કહે છે.

પ્રાણીઓ સજીવ કે ચેતન પદાર્થ છે. વસ્તુઓ નિર્જીવ કે જડ પદાર્થ છે.

આ રીતે જોતાં તમામ સજીવ અને નિર્જીવ પદાર્થને ઓળખવા વપરાતા શબ્દો **નામ** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

બધાં પ્રાણી અને પદાર્થ આંખ વડે જોઈ શકાય છે. પણ આંખે ન જોઈ શકાય, છતાં ઓળખાય એવું પણ ઘણું હોય છે. દાખલા તરીકે, બંદૂક ફૂટે ત્યારે અવાજ થાય છે. તે આંખે દેખાતો નથી, પણ કાને સંભળાય છે. એટલે આપણે તેને કાન વડે ઓળખીએ છીએ. એ જ રીતે ફૂલની સુગંધ આપણે નાક વડે સૂંઘીને ઓળખીએ છીએ. ફળની મીઠાશ જીભ વડે ચાખીને ઓળખીએ છીએ. પાણીની ગરમી કે ઠંડી ચામડી વડે અડકીને ઓળખીએ છીએ.

આ રીતે આંખ, કાન, નાક, જીભ અને ચામડી—એ પાંચ ઇંદ્રિયો વડે જે જે ઓળખાય તે દરેક માટે વપરાયલા શબ્દો **નામ** કહેવાય.

[૪]

આપણા અનુભવમાં જે જે આવે છે તેમાંનું ઘણુંખરું ઇંદ્રિયો વડે ઓળખાય છે. છતાં કેટલુંક એવું હોય છે જે ઇંદ્રિયો વડે નહિ, પણ મન વડે (એટલે વિચાર કરવાથી) જ ઓળખાય છે. દાખલા તરીકે :—

ગુણ :—નમ્રતા, ડહાપણ, સચ્ચાઈ, નબળાઈ, હોશિયારી.

ક્રિયા :—રમત, ગમત, વાચન, લેખન, ભજન.

લાગણી :—સુખ, દુઃખ, દયા, ક્રોધ, આનંદ, શોક, ભય, ત્રાસ, શંકા.

આ બધા શબ્દો નામ છે.

આ રીતે ગુણ, ક્રિયા, લાગણી વગેરે, જે મન વડે ઓળખાય તે દરેક માટે વપરાતા શબ્દો પણ **નામ** કહેવાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫]

ત્યારે કેવી જાતના શબ્દને નામ કહેવાય ?

જે શબ્દથી પ્રાણી, પદાર્થ, ગુણ, ક્રિયા કે લાગણી ઓળખાય તે શબ્દ નામ કહેવાય.

સ્વાધ્યાય

૧ માણસને ઓળખવા વપરાતા પાંચ શબ્દો એકઠા કરો.

૨ પાંચ પશુનાં અને પાંચ પંખીનાં નામ લખો.

૩ નીચે આપેલાં નામોમાંથી ચેતન અને જડ પદાર્થનાં નામ જુદાં પાડો :—

મજૂર, બુલબુલ, પલંગ, ફૂજો, કાબર, અકબર, અશોક, ભમરો, ઘંટી, સાપ, સાઇકલ, અગાસી, હાથી, કોળી, કમળ, કાજળ, નદી, પતંગ.

૪ રસોડામાં વપરાતી દશ વસ્તુઓનાં નામ લખો.

૫ ઇંદ્રિયો ગણાવો. દરેક ઇંદ્રિય વડે ઓળખાતાં નામના પાંચ પાંચ દાખલા આપો.

૬ ગુણ, ક્રિયા, લાગણી—એ દરેકનાં ત્રણ ત્રણ નામ લખો.

૭ નીચેનાં નામોમાંથી ઇંદ્રિયો વડે ઓળખાય તેવાં અને મન વડે ઓળખાય તેવાં નામો જુદાં પાડો :—

હંસા, ગમન, ટોપી, હાથ, ગાડું, લીમડો, ફોઈ, ઘાંટો, જવાહર, ભય, મીઠાઈ, દોરી, ટકોરો, કાતર, ડહાપણ, બિલાડી, ચિંતા, તડકો, ઢોલ, ફોરમ.

૮ નીચેનાં વાક્યોમાંથી નામ ઓળખો :—

(ક) અરવિંદને નારંગી અને દાડમ બહુ ભાવે છે.

(ખ) બાગની ચારે બાજુ મેંદીની વાડ છે.

(ગ) ગામડાંમાં ઘણા લોકો ખાંડને બદલે ગોળ ખાય છે.

(ઘ) ગોધરા જતાં રસ્તામાં પાવાગઢનો ડુંગર દેખાય છે.

(ઙ) ફૂલની સુગંધ મગજને ઠંડક આપે છે.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ સાતમો

નામ : જાતિ

[૧]

છોકરો, બાપ, ડોસો, છગન—આ શેનાં નામો છે? માણસનાં.

છોકરી, મા, ડોસી, કાશી—આ શેનાં નામો છે? માણસનાં.

બંને યાદીનાં નામોમાં શો ફેર છે? પહેલી યાદીનાં નામો **પુરુષ જાતિનાં** છે, અને બીજી યાદીનાં નામો **સ્ત્રી જાતિનાં** છે. વ્યાકરણમાં પુરુષ જાતિને **નર જાતિ** કહે છે અને સ્ત્રી જાતિને **નારી જાતિ** કહે છે.

છોકરું, બાળક—આ નામો કઈ જાતિનાં છે? એ નામો ઉપરથી જાતિ ઓળખાતી નથી. છોકરું—એ છોકરો (નર) પણ હોય અને છોકરી (નારી) પણ હોય. એ જ પ્રમાણે બાળક એ નર પણ હોય અને નારી પણ હોય.

આવાં નામોની જાતિ **નાન્યતર જાતિ** કહેવાય છે. જે નહિ નર કે નહિ નારી તે નાન્યતર. બેમાંથી એકે નહિ, તે નાન્યતર.

છોકરો, બાપ, ડોસો, છગન—એ નામોની જાતિ **નર જાતિ** છે.

છોકરી, મા, ડોસી, કાશી—એ નામોની જાતિ **નારી જાતિ** છે.

છોકરું, બાળક—એ નામોની જાતિ **નાન્યતર જાતિ** છે.

આમ જાતિ ત્રણ છે—નર, નારી, અને નાન્યતર.

[૨]

આ શેનાં નામો છે?—ઘોડો, ઘોડી, ઘોડું; બકરો, બકરી, બકરું; સિંહ, સિંહણ; હાથી, હાથણી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બધાં પશુનાં નામો છે. તેમની જાતિ ઓળખીએ—

નર જાતિ : ઘોડો, બકરો, સિંહ, હાથી.

નારી જાતિ : ઘોડી, બકરી, સિંહણ, હાથણી.

નાન્યતર જાતિ : ઘોડું, બકરું.

આ શેનાં નામો છે?—કાગડો, કાગડી; ચકલો, ચકલી, ચકલું; મરઘો, મરઘી; મોર, ઢેલ; ગીધ; સમડી.

એ બધાં પંખીનાં નામો છે. તેમની જાતિ ઓળખીએ—

નર જાતિ : કાગડો, ચકલો, મરઘો, મોર.

નારી જાતિ : કાગડી, ચકલી, મરઘી, ઢેલ, સમડી.

નાન્યતર જાતિ : ચકલું, ગીધ.

[૩]

આ શેનાં નામો છે?—કૂવો, બરફ, કેરી, ખાંડ, થાળી, ઘર, કપડું.

એ બધાં જડ પદાર્થનાં નામો છે. તેમને જાતિ હશે?

ખરી રીતે ચેતન પદાર્થોમાં જ નર અને નારીના કુદરતી ભેદ હોય છે. જડ પદાર્થોમાં એવા ભેદ હોતા નથી. પણ શબ્દો બોલતાં આપણે એવા ભેદ બતાવીએ છીએ. દાખલા તરીકે, ઊંડો કૂવો, ખાટી કેરી, ઊંચું ઘર—એમ બોલાય છે. એટલે કૂવો નર જાતિ છે, કેરી નારી જાતિ છે, અને ઘર નાન્યતર જાતિ છે.

એ જ પ્રમાણે—ઘણો તાપ, ઘણી ટાઢ, ઊંડો શોક, ઊંડું દુઃખ—એમ બોલાય છે. તેથી તાપ એ નર જાતિ છે, ટાઢ નારી જાતિ, શોક નર જાતિ અને દુઃખ નાન્યતર જાતિ છે.

આ ઉપરથી સમજાય છે કે વ્યાકરણમાં નામ માત્રને જાતિ હોય છે—પછી તે નામ ચેતન પદાર્થનું હોય, જડ પદાર્થનું હોય, કે ગુણ, ક્રિયા કે લાગણીનું હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪]

નામની જાતિ ઓળખાય શી રીતે?

આ પ્રશ્નો વિચારો :—

(૧) કેવો છોકરો? કેવો રાજા? કેવો બોલ? (નર જાતિ)
(૨) કેવી છોકરી? કેવી મા? કેવી ખાંડ? (નારી જાતિ)
(૩) કેવું છોકરું? કેવું પાણી? કેવું દૂધ? (નાન્યતર જાતિ)

જે નામને 'કેવો' શબ્દ લગાડી શકાય તેની નર જાતિ. જેને 'કેવી' શબ્દ લગાડી શકાય તેની નારી જાતિ. જેને 'કેવું' શબ્દ લગાડી શકાય તેની નાન્યતર જાતિ.

સ્વાધ્યાય

૧ નીચેનાં નામોની જાતિ કહો અને તે દરેકની ઊલટી જાતિનું નામ લખો :—

ભાઈ, માળી, દાદી, કુંભાર, રાણી, શેઠ, કાકી, બળદ.

૨ નીચેનાં નામોને કેવો, કેવી, કેવું જે યોગ્ય હોય તે લગાડી પ્રશ્ન પૂછો :—

મોચી, લુહાર, વરુ, ઢેલ, ગરમી, અવાજ, ગાડું, તાપણી, મધ, છત્રી, તેલ, શાક.

૩ ત્રણે જાતિનાં પાંચ પાંચ નામ લખો.

૪ નીચે આપેલાં નામોની જાતિ કહો :—

ઘડિયાળ, વસ્તુ, માણસ, હરણ, દહીં, નદી, વડ, મેંદી, ગુલાબ, અર્જુન, કબૂતર, નાગ, સોય, તકલી, ઈશ્વર, ગુલામ, ત્રાક, ઘી, કબર, કમાડ, બહેન.

*

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ આઠમો

નામ : વચન

[૧]

આ નામો જુઓ :—

એક છોકરો	બે છોકરા (છોકરાઓ)
એક ઘોડો	ત્રણ ઘોડા (ઘોડાઓ)
એક બકરી	પાંચ બકરીઓ

એક સંખ્યા માટે છોકરો, ઘોડો, બકરી એવાં રૂપો વાપર્યાં છે. નામનાં આવાં રૂપ **એકવચનનાં રૂપ** કહેવાય છે.

એક કરતાં વધારે સંખ્યા માટે—છોકરા (છોકરાઓ), ઘોડા (ઘોડાઓ), બકરીઓ—એવાં રૂપ વાપર્યાં છે. નામનાં આવાં રૂપ **બહુવચનનાં રૂપ** કહેવાય છે.

જે નામથી એક સંખ્યા સમજાય તે નામ **એકવચનમાં** છે, એમ કહેવાય.

જે નામથી એક કરતાં વધારે સંખ્યા સમજાય તે નામ **બહુવચનમાં** છે, એમ કહેવાય.

[૨]

આ રૂપો જુઓ :—

એકવચન	બહુવચન
માણસ	માણસો
માતા	માતાઓ
છોકરો	છોકરા, છોકરાઓ
છોકરી	છોકરીઓ
છોકરું	છોકરાં, છોકરાંઓ
સાધુ	સાધુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકવચનમાં નામના મૂળ રૂપમાં ફેરફાર થયો નથી. બહુવચનમાં નામના મૂળ રૂપમાં ફેરફાર થયો છે.

ઘણાંખરાં નામોનાં એકવચન અને બહુવચનનાં રૂપો ઉપરના નમૂના પ્રમાણે થાય છે.

[૩]

આ વાક્યોમાં વપરાયેલાં બહુવચનનાં રૂપો તપાસો :—

(૧) માણસને બે પગ હોય છે. પશુને ચાર પગ હોય છે.

(૨) ઝાઝા હાથ રળિયામણા.

(૩) માળીએ ફૂલ આપ્યાં.

(૪) ટોપલામાં ફળ ગોઠવેલાં છે.

પગ, હાથ, ફૂલ, ફળ—એ નામો બહુવચનમાં વપરાયાં છે, છતાં તેમનું એકવચનનું રૂપ ફેરવાયું નથી. બહુવચનનો અર્થ ક્રિયાપદ ઉપરથી સમજાય છે. આ રીતે કેટલીક વાર નામ બહુવચનમાં વપરાયું હોય છતાં તેનું સ્વરૂપ એકવચનનું હોય છે.

[૪]

આ વાક્યોમાંનાં નામો તપાસો :—

(૧) રાજા પધાર્યા.

(૨) શિક્ષક આવ્યા.

(૩) માસી આવ્યાં.

રાજા, શિક્ષક, માસી—એ નામો એકવચનનાં છે. છતાં વાક્યમાં ક્રિયાપદો બહુવચનમાં વપરાયાં છે. અહીં બહુવચન માન આપવા માટે વપરાયું છે.

સંખ્યા એક હોવા છતાં જો માન આપવા માટે બહુવચન વપરાય તો **તે માનાર્થે બહુવચન કહેવાય.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ નીચેનાં નામોનાં બહુવચનનાં રૂપ લખો :—

પુસ્તક, મોર, નદી, રોટલી, પંખી, રજા, છાપરું, ટટ્ટુ.

૨ નીચેનાં નામોનાં એકવચનનાં રૂપ લખો :—

બહેનો, ગાડીઓ, તાળાં, ચોકીદારો, માથાં, ખાટલા, કારેલાં, પ્યાલા.

૩ નીચેનાં વાક્યોમાં જે નામો એકવચનમાં હોય તેમને બહુવચનમાં ફેરવી વાક્યો ફરીથી લખો :—

(ક) પથ્થર પડ્યો અને નળિયું ભાંગ્યું.
(ખ) ખેતરમાં બકરી ચરતી હતી.
(ગ) વહાણમાં ખલાસી ગાતો હતો.
(ઘ) બાળકના હાથમાંથી રમકડું પડી ગયું.
(ઙ) ટકોરો વાગતાં જ વિદ્યાર્થી ઊઠ્યો.

૪ નીચેનાં વાક્યોમાં જે નામો બહુવચનમાં હોય તેમને એકવચનમાં ફેરવી વાક્યો ફરીથી લખો :—

બંદૂકના અવાજ થયા. પહેરેગીરો ચમક્યા. અવાજ ક્યાંથી આવતા હતા તેની તપાસ કરવા લાગ્યા. એવામાં ઘોડેસવારો આવી પહોંચ્યા. એ જોઈને પહેરેગીરોએ બૂમો પાડી.

૫ નીચેનાં વાક્યોમાં વપરાયેલાં નામોની જાતિ અને વચન ઓળખો :—

(ક) દિવાળીના દિવસમાં ઘરઘર દીવા થાય.
(ખ) આગ લાગે ત્યારે કૂવો ન ખોદાય.
(ગ) શેઠ આવ્યા એટલે દુકાન ઊઘડી.
(ઘ) ડંકો વાગ્યો, લડવૈયા શૂરા જાગજો રે !
(ઙ) છોકરાંથી ચા ન પીવાય.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ નવમો

સર્વનામ

[૧]

(૧) આ વાંચો :—

એક સિંહ હતો. સિંહ ઝાડ નીચે સૂતો હતો. સિંહને સૂતેલો જોઈ એક ઉંદરે સિંહના ઉપર દોડવા માંડયું. તેથી સિંહ જાગી ગયો.

(૨) હવે આ વાંચો :—

એક સિંહ હતો. તે ઝાડ નીચે સૂતો હતો. તેને સૂતેલો જોઈ એક ઉંદરે તેના ઉપર દોડવા માંડયું. તેથી તે જાગી ગયો.

બે લખાણમાંથી કયું સારું લાગે છે? બીજું. શાથી? (૧)માં સિંહ શબ્દ દરેક વાકયમાં આવે છે. તે સારું લાગતું નથી. (૨)માં સિંહ શબ્દ પહેલા વાકયમાં વપરાયો છે. પછીનાં વાકયોમાં સિંહને બદલે તે, તેને, તેના, તે—એ શબ્દો વપરાયા છે. એ શબ્દો વડે અર્થ સહેલાઈથી સમજાય છે અને વાંચતાં સારું લાગે છે.

સિંહ એ પદ નામ છે. તે, તેને, તેના, તે—એ પદો નામને બદલે વપરાયાં છે. આવાં પદોને સર્વનામ કહે છે.

વાકયમાં જે પદ નામને બદલે વપરાય તે પદ સર્વનામ કહેવાય.

[૨]

આ સંવાદ વાંચો :—

(૧) મનુ : હું જાઉં છું. કનુ, તું પછી આવજે.
(૨) કનુ : હું પણ આવું છું. તું ઊભો રહે.
(૩) મનુ : વિનુ આવવાનો છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) કનુ : ના, તે તો ક્યારનો ગયો.

(૫) મનુ : તે ગયો પણ ખરો ?

ઉપરનાં વાક્યો તપાસીએ :—

૧લું—'હું' એટલે કોણ ? મનુ—બોલનાર.
'તું' એટલે કોણ ? કનુ—સાંભળનાર.

૨જું—'હું' એટલે કોણ ? કનુ—બોલનાર.
'તું' એટલે કોણ ? મનુ—સાંભળનાર.

૩જું—'વિનુ' એટલે કોણ? ત્રીજો છોકરો. તે હાજર નથી.

૪થું-૫મું—'તે' એટલે કોણ ? વિનુ—જે હાજર નથી, પણ જેને વિશે વાત થાય છે તે.

હું, તું, તે—એ ત્રણેય પદો નામને બદલે વપરાયાં છે. તેથી તે દરેક સર્વનામ કહેવાય છે.

બોલનાર પોતાને માટે હું વાપરે છે. વ્યાકરણમાં બોલનાર **પહેલો પુરુષ** કહેવાય છે. તેથી હું એ **પહેલો પુરુષ સર્વનામ** કહેવાય છે.

સાંભળનારને માટે તું વપરાય છે. વ્યાકરણમાં સાંભળનાર **બીજો પુરુષ** કહેવાય છે. તેથી તું એ **બીજો પુરુષ સર્વનામ** કહેવાય છે.

બોલનાર અને સાંભળનાર ઉપરાંત, જેને વિશે વાત થાય તેને માટે તે વપરાય છે. વ્યાકરણમાં તેને ત્રીજો પુરુષ કહે છે. તેથી તે એ **ત્રીજો પુરુષ સર્વનામ** કહેવાય છે. બધાં નામ ત્રીજા પુરુષનાં ગણાય છે.

[૩]

સર્વનામ નામને બદલે વપરાય છે. તેથી નામની માફક સર્વનામને પણ જાતિ અને વચન હોય છે. જે જાતિ – વચન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામનાં હોય તે જ જાતિ – વચન સર્વનામનાં ગણાય છે. પરંતુ જાતિ અને વચનને કારણે કેટલાંક સર્વનામનાં રૂપ બદલાય છે, અને કેટલાંકનાં રૂપ બદલાતાં નથી.

હું, તું, તે — આ સર્વનામોનાં જાતિ અને વચન પ્રમાણે રૂપ આ રીતે થાય છે :—

	એકવચન	બહુવચન
પહેલો પુરુષ	હું	અમે (અમો)
બીજો પુરુષ	તું	તમે (તમો)
ત્રીજો પુરુષ	તે	તે (તેઓ)

ઉપરનાં રૂપો ત્રણે ય જાતિમાં વપરાય છે. એટલે આ સર્વનામોનાં રૂપમાં જાતિને કારણે ફેરફાર થતો નથી.

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોમાં સર્વનામો ઓળખો અને તે કયાં નામોને બદલે વપરાયાં છે તે કહો:—

(ક) લતાએ કહ્યું, "શીલા, તું ને હું સાથે જઈશું."

(ખ) શીલાએ કહ્યું, "હું આવીશ. પણ મીનાનું શું ? તે રડશે નહિ ?"

(ગ) લતાએ કહ્યું, "તો તમે બંને આવજો."

(ઘ) શીલાએ કહ્યું, "અમે આવીશું. પણ તમે વસંતને લાવશોને ?"

(ઙ) લતાએ કહ્યું, "હા, વસંત પણ આવશે. વસંત અને મીના સરખેસરખાં, એટલે તે સાથે રમશે."

૨ નીચેનાં વાક્યોમાં ખાલી જગાએ સર્વનામ મૂકો :—

(ક) શ્યામે કહ્યું, "બા, ——— બહાર જાઉં ? ——— કહે તો ——— કિરણ સાથે રમવા જાઉં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ખ) બાએ કહ્યું, "શ્યામ, ——— જા. પણ ——— સાચવીને રમજે."

(ગ) શ્યામે કહ્યું, "કિરણની બા ઘેર નથી. તેથી ——— ઘેર જ રહેવાનો છે. એટલે ——— ઘરમાં જ રમીશું. ——— અમારી ફીકર કરીશ નહિ."

(ઘ) બાએ કહ્યું, "કિરણ અને ——— ની બા સ્વભાવે ઘણાં સારાં છે. ——— અહીં ક્યારે આવવાનાં છે?"

(ઙ) શ્યામે કહ્યું, "હમણાં ——— નહિ આવે. ——— થોડા દિવસમાં બહારગામ જવાનાં છે."

૩ જરૂર લાગે ત્યાં નામને બદલે સર્વનામ વાપરી નીચેનું લખાણ ફરી લખો :—

સુઘરી ખુલ્લા મેદાનમાં રહેનારું પક્ષી છે. મનુષ્યવસ્તીથી સુઘરી દૂર રહે છે, છતાં સુઘરી ભડકણ નથી. સુઘરી માળો બાંધતી હોય ત્યારે સુઘરી પાસે જઈએ તો ય સુઘરી ઊડી જતી નથી.

*

પાઠ દશમો

વિશેષણ

[૧]

આ બે ખાનાંનાં વાક્યો સરખાવો :—

(૧) છોકરો રમે છે.	(૧) મોટો છોકરો રમે છે.
(૨) ઘોડો દોડે છે.	(૨) ધોળો ઘોડો દોડે છે.
(૩) કેરી પડી.	(૩) પાકી કેરી પડી.
(૪) કાગળ આવ્યા.	(૪) બે કાગળ આવ્યા.
(૫) બારી ઊઘડી.	(૫) છેલ્લી બારી ઊઘડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલા ખાનામાં દરેક વાક્યની શરૂઆતમાં એક એક શબ્દ ઉમેરી બીજા ખાનાનાં વાક્યો બનાવ્યાં છે. એમ કરવાથી શો ફાયદો થયો?

છોકરો રમે છે—એટલું સાંભળી વિચાર આવે કે કેવો છોકરો રમે છે? તેનો જવાબ મોટો શબ્દ ઉમેરવાથી મળે છે. આમ મોટો એ પદ છોકરા વિશે વિશેષ (વધારે) હકીકત કહે છે. તેનાથી છોકરો ઓળખાય છે.

એ જ રીતે કેવો ઘોડો? ધોળો ઘોડો. કેવી કેરી? પાકી કેરી. કેટલા કાગળ? બે કાગળ. કઈ બારી? છેલ્લી બારી.

આમ મોટો, ધોળો, પાકી, બે, છેલ્લી—એ દરેક પદ પોતાની નજીકના નામ વિશે વિશેષ હકીકત કહે છે. એટલે તે દરેક પદ નામના અર્થમાં વધારો કરે છે. નામના અર્થમાં વધારો કરનાર પદોને વિશેષણ કહે છે. અને તેમની સાથે સંબંધ ધરાવતા નામને વિશેષ્ય કહે છે.

જે પદ નામના અર્થમાં વધારો કરે તે વિશેષણ.
વિશેષણ જે નામના અર્થમાં વધારો કરે તે વિશેષ્ય.
મોટો, ધોળો, પાકી, બે, છેલ્લી—એ દરેક વિશેષણ છે.
છોકરો, ઘોડો, કેરી, કાગળ, બારી—એ દરેક વિશેષ્ય છે.

[૨]

આ વિશેષણો તપાસો:—

જાતિ	એકવચન	બહુવચન
નર જાતિ	ધોળો ઘોડો	ધોળા ઘોડા
નારી જાતિ	ધોળી ઘોડી	ધોળી ઘોડીઓ
નાન્યતર જાતિ	ધોળું ઘોડું	ધોળાં ઘોડાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોળો એ વિશેષણ છે અને ઘોડો એ વિશેષ્ય છે. વિશેષ્યની જાતિ બદલાતાં વિશેષણની જાતિ પણ બદલાય છે. તે જ પ્રમાણે વિશેષ્યનું વચન બદલાતાં વિશેષણનું વચન પણ બદલાય છે. 'ધોળો' એ વિશેષણનું રૂપ ત્રણે જાતિમાં 'ઘોડો' એ નામ પ્રમાણે થાય છે—ધોળો, ધોળી, ધોળું. એકવચન અને બહુવચનમાં પણ એ પ્રમાણે બને છે. માત્ર એક અપવાદ છે—નારી જાતિ બહુવચનમાં 'ધોળીઓ' નહિ, પણ 'ધોળી' થાય છે.

હવે આ વિશેષણો તપાસો :—

જાતિ	એકવચન	બહુવચન
નર જાતિ	લાલ ઘોડો	લાલ ઘોડા
નારી જાતિ	લાલ ઘોડી	લાલ ઘોડીઓ
નાન્યતર જાતિ	લાલ ઘોડું	લાલ ઘોડાં

અહીં લાલ એ વિશેષણ છે અને ઘોડો એ વિશેષ્ય છે. પણ ઉપરના ધોળો એ વિશેષણની માફક અહીં લાલ એ વિશેષણના રૂપમાં જાતિ-વચનને કારણે કંઈ ફેરફાર થતો નથી.

આ ઉપરથી સમજાય છે કે કેટલાંક વિશેષણનાં રૂપમાં જાતિ-વચનને કારણે ફેરફાર થાય છે અને કેટલાંકનાં રૂપમાં એવો ફેરફાર થતો નથી.

જે વિશેષણનાં રૂપમાં ફેરફાર થાય છે તે વિકારી વિશેષણ કહેવાય છે. જે વિશેષણનાં રૂપમાં ફેરફાર થતો નથી તે અવિકારી વિશેષણ કહેવાય છે.

'ધોળો' એ વિકારી વિશેષણ છે. 'લાલ' એ અવિકારી વિશેષણ છે.

વિશેષણનું રૂપ વિશેષ્ય પ્રમાણે બદલાય છે. માટે જે જાતિ-વચન વિશેષ્યનું હોય તે જાતિ-વચન વિશેષણનું ગણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોમાંથી વિશેષણો ઓળખો :—

(ક) ઘરમાં સુંદર ચિત્રો લટકે છે.

(ખ) સરદાર વલ્લભભાઈએ જોરદાર ભાષણ કર્યું.

(ગ) એને માથે વાંકડિયા વાળ છે.

(ઘ) પૈસાદાર લોકો પહેલા વર્ગમાં મુસાફરી કરે છે.

(ઙ) મારી બહેને લીલી સાડી પહેરી છે.

૨ ઉપરનાં વિશેષણોનાં જાતિ–વચન ઓળખો.

૩ નીચેના દરેક નામને વિશેષણ લગાડી એક એક વાક્ય બનાવો :—
ટોપી, ખેડૂત, કબાટ, ઝાડ, દૂધ.

૪ આ વિશેષણોને વિશેષ્ય લગાડો અને તે વિકારી છે કે અવિકારી છે તે કહો :—

ચપળ, ડાહી, બિમાર, ભારે, મીઠું, ચાલાક, મહેનતુ.

૫ આ વાક્યોની ખાલી જગામાં વિશેષણો મૂકો :—

અમારા ગામે ________ નદી છે. તેમાં ________ પાણી વહે છે. તેને કાંઠે ________ પવન વાય છે. ત્યાં સાંજે ________ લોકો ફરવા જાય છે. નજીકમાં ________ મંદિર છે. મંદિરમાં ________ બાગ છે. બાગમાં ________ જાતનાં ફૂલ ખીલે છે. તેની ________ સુગંધથી મનને આનંદ થાય છે.

૬ વિશેષણ અને વિશેષ્ય, તથા વિકારી અને અવિકારી વિશેષણ કોને કહેવાય તે સમજાવો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ અગિયારમો

ક્રિયાપદ અને કૃદંત

આ વાંચો :—

(૧) છોકરો દોડતો

(૨) બળદ ચરવા

(૩) તે ઝબકીને

(૪) પંખી ગાતાં ગાતાં

(૫) હું સવારમાં ઊઠી, નાહી, ધોઈ

અર્થ પૂરો સમજાય છે? ના. એમને વાક્યો કહેવાય? ના. ત્યારે શું કહેવાય? શબ્દસમૂહ.

હવે મોટા અક્ષરવાળા શબ્દોનો અર્થ વિચારો.

'દોડતો' એટલે? દોડવાની ક્રિયા કરતો. 'ઝબકીને' એટલે ઝબકવાની ક્રિયા કર્યા પછી. 'ચરવા' એટલે? ચરવાની ક્રિયા કરવા માટે. 'ગાતાં ગાતાં' એટલે? ગાવાની ક્રિયા કરતાં કરતાં. 'ઊઠી, નાહી, ધોઈ' એટલે? ઊઠવાની, નહાવાની, ધોવાની ક્રિયાઓ કર્યા પછી.

આમ દરેક શબ્દસમૂહમાં ક્રિયા બતાવનાર શબ્દ છે, છતાં તેનો અર્થ પૂરો થતો નથી. તેથી તે વાક્ય નથી.

હવે આ વાંચો :—

(૧) છોકરો દોડતો આવે છે.

(૨) તે ઝબકીને જાગે છે.

(૩) બળદ ચરવા જાય છે.

(૪) પંખી ગાતાં ગાતાં ઊડે છે.

(૫) હું સવારમાં ઊઠી, નાહી, ધોઈ વાંચું છું.

હવે અર્થ પૂરો સમજાય છે? હા. શાથી? દરેક શબ્દસમૂહમાં નવો શબ્દ ઉમેરી અર્થ પૂરો કર્યો છે. હવે એમને વાક્યો કહેવાય? હા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવા ઉમેરેલા શબ્દોનો અર્થ વિચારો.

'આવે છે' એટલે ? આવવાની ક્રિયા કરે છે. 'જાગે છે' એટલે ? જાગવાની ક્રિયા કરે છે. 'જાય છે' એટલે ? જવાની ક્રિયા કરે છે. 'ઊડે છે' એટલે ? ઊડવાની ક્રિયા કરે છે. 'વાંચું છું' એટલે ? વાંચવાની ક્રિયા કરું છું.

આમ નવા ઉમેરેલા શબ્દો ક્રિયા બતાવે છે, અને વાક્યોનો અર્થ પૂરો કરે છે. આવા શબ્દોને શું કહેવાય ? ક્રિયાપદ.

ઉપરના શબ્દસમૂહોમાં મોટા અક્ષરવાળા શબ્દો પણ ક્રિયા બતાવે છે. પણ તેમનાથી અર્થ પૂરો થતો નથી. એમને ક્રિયાપદ કહેવાય કે નહિ ? ના કહેવાય. ત્યારે તેમને શું કહે છે ? તેમને કૃદંત કહે છે.

આવે છે, જાગે છે, જાય છે, ઊડે છે, વાંચું છું—એ દરેક ક્રિયાપદ છે.

દોડતો, ઝબકીને, ચરવા, ગાતાં ગાતાં, ઊઠી, નાહી, ધોઈ—એ દરેક કૃદંત છે.

જે પદ ક્રિયા બતાવે, પણ ક્રિયાપદની પેઠે વાક્યનો અર્થ પૂરો ન કરે તે કૃદંત.

વાક્યમાં કૃદંત વિના ચાલે, પણ ક્રિયાપદ વિના ન ચાલે.

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોમાંથી કૃદંત ઓળખો :—

(ક) તને શોધી શોધીને હું થાક્યો.
(ખ) રમતાં રમતાં તે ગાયન ગાય છે.
(ગ) ડાળી પર બેસી લાકડું કાપતાં તે નીચે પડ્યો.
(ઘ) નફો લેવા જતાં કેટલીક વાર વેપારી મૂડી ગુમાવે છે.
(ઙ) ઘણાંને ખાતાં ખાતાં વાતો કરવાની ટેવ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. નીચેનાં વાક્યો પૂરાં કરો:—

(અ) બાએ ધાંટો કાઢતાં ____________

(આ) ખાઈ, પી, હાથમાં લાકડી લઈ ____________

(ઇ) ફૂલ તોડી નાસવા જતાં ____________

(ઈ) વાંચી વાંચીને ____________

(ઉ) વાત કહેતાં કહેતાં ____________

૩ નીચેનાં વાક્યોમાં ખાલી જગાએ કૃદંત મૂકો:—

(ક) કામ ____________ રમત કરવી નહિ.

(ખ) રસ્તે ____________ તેને ઠોકર વાગી.

(ગ) ____________ ____________ તે નદીએ ગયો.

(ઘ) ઘેર ____________ બાને ____________ તમને જવાબ આપીશ.

卐

પાઠ બારમો

કર્તા, કર્મ અને ક્રિયાપૂરક

[૧]

આ વાક્યોનાં ક્રિયાપદો ઓળખો:—

(૧) દરજી પહેરણ સીવે છે.

(૨) માળી છોડ રોપે છે.

સીવે છે, રોપે છે—એ ક્રિયાપદો છે.

પહેલું વાક્ય:—કોણ સીવે છે? દરજી. સીવવાની ક્રિયા કોણ કરે છે? દરજી. ક્રિયાનો કરનાર કોણ છે? દરજી.

દરજી શું સીવે છે? પહેરણ. સીવવાની ક્રિયા શેના ઉપર થાય છે? પહેરણ ઉપર. તે ક્રિયાની અસર ભોગવનાર કોણ છે? પહેરણ.

બીજું વાક્ય:—કોણ રોપે છે? માળી. રોપવાની ક્રિયા કોણ કરે છે? માળી. ક્રિયાનો કરનાર કોણ છે? માળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માળી શું રોપે છે? છોડ. રોપવાની ક્રિયા શેના ઉપર થાય છે? છોડ ઉપર. તે ક્રિયાની અસર ભોગવનાર કોણ છે? છોડ. આ ઉપરથી સમજાય છે કે—

(૧) દરજી, માળી—એ પદો ક્રિયાનો કરનાર બતાવે છે. એવાં પદોને કર્તા કહે છે, એ આપણે શીખી ગયાં છીએ.

(૨) પહેરણ, છોડ—એ પદો ક્રિયાની અસર ભોગવનાર બતાવે છે. એવાં પદોને કર્મ કહે છે.

જે પદ ક્રિયાનો કરનાર બતાવે તે કર્તા.
જે પદ ક્રિયાની અસર ભોગવનાર બતાવે તે કર્મ.
ક્રિયાપદને કોણ લગાડી પ્રશ્ન પૂછવાથી કર્તા જડે.
ક્રિયાપદને શું લગાડી પ્રશ્ન પૂછવાથી કર્મ જડે.

[૨]

આ વાક્યોનાં ક્રિયાપદો તપાસો :—

(૧) હોડી તરે છે.
(૨) સીતા હાર ગૂંથે છે.
(૩) રામ રાજા થાય છે.

વાક્ય ૧લું :— કોણ તરે છે? હોડી. શું તરે છે? હોડી. ક્રિયાનો કરનાર કોણ છે? હોડી. ક્રિયાની અસર ભોગવનાર કોણ છે? હોડી.

'તરે છે' એ ક્રિયાપદ એવું છે કે તેમાં ક્રિયા કરનાર અને તેની અસર ભોગવનાર એક જ છે. આવાં ક્રિયાપદને કર્મ હોતું નથી.

વાક્ય ૨જું :— કોણ ગૂંથે છે? સીતા. શું ગૂંથે છે? હાર. ક્રિયાનો કરનાર અને તેની અસર ભોગવનાર એક છે કે જુદા? જુદા. 'ગૂંથે છે' એ ક્રિયાપદ એવું છે કે તેમાં ક્રિયા કરનાર અને તેની અસર ભોગવનાર જુદા છે. આવાં ક્રિયાપદને કર્મ હોય છે. 'હાર' એ પદ કર્મ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાક્ય ૩જું :— કોણ થાય છે ? રામ. શું થાય છે ? રાજા. ક્રિયાનો કરનાર અને તેની અસર ભોગવનાર એક છે કે જુદા ? એક. રામ પોતે જ રાજા થાય છે.

'થાય છે' એ ક્રિયાપદને 'તરે છે' એ ક્રિયાપદ સાથે સરખાવો. બંનેમાં ક્રિયા કરનાર અને તેની અસર ભોગવનાર એક જ છે. પણ 'તરે છે' એ ક્રિયાપદમાં ક્રિયાની અસર બતાવવા જુદું પદ વાપરવું પડતું નથી, જ્યારે 'થાય છે' એમાં ક્રિયાની અસર બતાવવા 'રાજા' એ પદ વાપરવું પડે છે. આવા પદને કર્મ નહિ પણ ક્રિયાપૂરક કહે છે. 'રાજા' એ પદ કર્મ નહિ, પણ ક્રિયાપૂરક છે.

ક્રિયાની અસર ભોગવનાર કર્તા સિવાય બીજું કોઈક હોય ત્યારે તે બીજા કોઈક માટે વપરાયેલું પદ કર્મ કહેવાય.

ક્રિયાની અસર ભોગવનાર કર્તા પોતે હોય ત્યારે ક્રિયાની અસર બતાવનાર પદ ક્રિયાપૂરક કહેવાય.

જે પદ ક્રિયાની અસર ભોગવનાર બતાવે તે કર્મ.

જે પદ ક્રિયાની અસર બતાવે તે ક્રિયાપૂરક.

ક્રિયાપદને શું લગાડી પ્રશ્ન પૂછવાથી કર્મ અને ક્રિયાપૂરક બંને જડે.

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોમાંથી કર્તા, કર્મ અને ક્રિયાપૂરક ઓળખો :—

(ક) અમે રોજ રેડિયો સાંભળીએ છીએ.
(ખ) આંબે મોર ખીલ્યો છે.
(ગ) બાળકો ખાંડ બહુ ખાય છે.
(ઘ) ચા બનાવતાં તે દાઝયો.
(ઙ) ગાંધીજી મહાત્મા કહેવાય છે.

૨ નીચેનાં ક્રિયાપદો વાપરી એક એક વાક્ય બનાવો :—
ચાલે છે, મૂકો, જોયું, આવશે, ઊંચકે છે, વાંચજો, હસે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ પ્રશ્ન ૨નાં વાક્યોમાં કર્મ નીચે એક લીટી દોરો અને ક્રિયાપૂરક નીચે બે લીટી દોરો.

૪ ખૂટતાં પદો ઉમેરી નીચેનાં વાક્યો પૂરાં કરો અને ઉમેરેલાં પદો ઓળખો :—

(ક) મારા કાકા ગામ બહાર ________ બાંધે છે.
(ખ) રાત્રે રસ્તા પર લોકોની ________ થાય છે.
(ગ) હું ________ મારું છું, પણ ________ સાંભળતો નથી.
(ઘ) ઘડિયાળ બંધ ________. તેને ________ આપો.

પાઠ તેરમો

ક્રિયાવિશેષણ

[૧]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો વિચારો :—

(૧) કૂતરો **વહાલો** લાગે છે.
(૨) મહેલ **સુંદર** દેખાય છે.
(૩) મારી આંખ **લાલ** થઈ છે.

વહાલો, સુંદર, લાલ—એ પદો શું કહેવાય? વિશેષણ.

એ પદો વિના વાક્યો વાંચી જુઓ. અર્થ પૂરો સમજાય છે? ના. ત્યારે એ પદો એવાં છે કે તેમના વિના વાક્યોનો પૂરો અર્થ સમજાતો નથી. આવાં પદોને શું કહે છે? ક્રિયાપૂરક.

આમ વહાલો, સુંદર, લાલ—એ દરેક પદ વિશેષણ છે અને ક્રિયાપૂરક પણ છે. એટલે તે નામના તેમ જ ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે. આવાં પદોને ક્રિયાવિશેષણ કહે છે.

[૨]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો વિચારો :—

(૧) છોકરો **જલદી** ચાલે છે.
(૨) ટપાલ **હમણાં** આવે છે.
(૩) પતંગ **ઊંચે** ઊડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પદોનો વાક્યમાં કયા પદ સાથે સંબંધ છે? ક્રિયાપદ સાથે. નામ સાથે સંબંધ છે? ના. શાથી? 'જલદી ચાલે છે' એમ કહેવાય, પણ 'છોકરો જલદી' કે 'જલદી છોકરો' એમ કહેવાય નહિ. એ જ રીતે બીજાં વાક્યોમાં સમજવાનું.

કેવી રીતે ચાલે છે? જલદી. ચાલવાની રીત બતાવી, ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે.

ક્યારે આવે છે? હમણાં. આવવાનો સમય બતાવી ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે.

ક્યાં ઊડે છે? ઊંચે. ઊડવાનું સ્થળ બતાવી, ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે.

આ રીતે **જલદી, હમણાં, ઊંચે**—એ પદો ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે અને ક્રિયા કેવી રીતે, ક્યારે, અથવા ક્યાં થાય છે તે બતાવે છે. આવાં પદોને પણ **ક્રિયાવિશેષણ** કહે છે.

[૩]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો તપાસો :—

છોકરો **જલદી** ચાલે છે.	છોકરા **જલદી** ચાલ્યા.
છોકરી **જલદી** ચાલી.	છોકરીઓ **જલદી** ચાલી.
છોકરું **જલદી** ચાલ્યું.	છોકરાં **જલદી** ચાલ્યાં.

જાતિ-વચનમાં ફેરફાર થતાં નામ અને ક્રિયાપદનાં રૂપોમાં ફેરફાર થાય છે, પણ જલદી એ પદમાં ફેરફાર થતો નથી. આવા પદને અવ્યય કહે છે.

'જલદી' એ પદ ક્રિયાવિશેષણ છે અને અવ્યય પણ છે. તેથી તેને **ક્રિયાવિશેષણ અવ્યય** કહે છે.

એ જ રીતે ઉપરનાં વાક્યોમાં **હમણાં** અને **ઊંચે** એ દરેક પદ ક્રિયાવિશેષણ છે અને અવ્યય પણ છે. તેથી તે દરેક પદ **ક્રિયાવિશેષણ અવ્યય** છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪]

જે પદ વિશેષણ હોય અને નામ અને ક્રિયાપદ બંનેના અર્થમાં વધારો કરે તે ક્રિયાવિશેષણ વિશેષણ. જે પદ અવ્યય હોય અને એકલા ક્રિયાપદના અર્થમાં વધારો કરે તે ક્રિયા-વિશેષણ અવ્યય.

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોમાંથી ક્રિયાવિશેષણ ઓળખો અને તે વિશેષણ છે કે અવ્યય તે કહો :—

(ક) વિમાન ઝડપથી ગયું.
(ખ) કનુ ઉતાવળે વાંચે છે.
(ગ) તમને ટોપી સારી શોભે છે.
(ઘ) બધાં બારણાં ઉઘાડાં છે.
(ઙ) આઘે એક ગામડું દેખાય છે.
(ચ) દીનુ મોડો આવ્યો.
(છ) લાકડું વચ્ચે પડ્યું છે.
(જ) અત્યારે ઊપડો.
(ઝ) દડો ઊંચે ફેંકો.

૨ નીચેનાં ક્રિયાપદોને ક્રિયાવિશેષણ લગાડી વાક્યો બનાવો :—
ખાય છે, લટકે છે, કહેવાય છે, કૂદ્યું, નીવડશે.

૩ યોગ્ય પદો ઉમેરી નીચેનાં વાક્યો લંબાવો :—
(ક) જર્મનો લડ્યા. (ખ) હોળી સળગી. (ગ) એને પકડ.
(ઘ) બચ્ચુ રમે છે. (ઙ) પરિણામ જણાશે. (ચ) ઘડિયાળ અટક્યું,

પાઠ ચૌદમો

શું શું શીખ્યાં ?

આપણે જે બોલીએ છીએ અને લખીએ છીએ તેને ભાષા કહે છે. ભાષા વડે આપણા મનના વિચારો આપણે બીજાને જણાવીએ છીએ. ભાષા શબ્દો અને વાક્યોની બને છે. એકલા શબ્દોથી વિચાર બરાબર સમજાતો નથી. તેથી શબ્દોને વાક્યોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપમાં ગોઠવીને આપણે બોલીએ છીએ. કેવી જાતના શબ્દો ગોઠવાય તો વાક્ય બને? વાક્યનો વિચાર કેવી રીતે સમજાય? વાક્યમાં વપરાતા શબ્દોને શું કહે છે?—આ બધા વિશે આપણે શીખ્યાં. તે યાદ કરી જઈએ.

શબ્દસમૂહ અને વાક્ય

(૧) શબ્દસમૂહ અને વાક્ય એ બેમાં શો ફેર છે?

શબ્દસમૂહમાં એક કરતાં વધારે શબ્દો હોય. તેમાંથી પૂરો અર્થ સમજાય નહિ.

વાક્યમાં ઓછામાં ઓછા બે શબ્દો હોય—એક ક્રિયાપદ અને બીજો કર્તા. તેમાંથી અર્થ પૂરેપૂરો સમજાય.

બંનેમાં શબ્દો અમુક રીતે ગોઠવેલા હોય તોજ અર્થ સમજાય.

(૨) એક શબ્દ વડે વાક્ય બને કે નહિ?

બને. પણ એવા વાક્યમાં બીજો શબ્દ અધ્યાહાર હોય છે.

વાક્ય

(૧) વાક્ય ઓળખવાની નિશાની શી?

(ક) છેડે આ ત્રણ પૈકી એક વિરામચિહ્ન હોય:— પૂર્ણવિરામ, પ્રશ્નચિહ્ન, ઉદ્‌ગારચિહ્ન.

(ખ) શબ્દો ગમે તેટલા હોય, પણ તેમાં ક્રિયાપદ અને કર્તા હોવાં જ જોઈએ. એ પદો વાપરેલાં ન હોય, પણ અધ્યાહાર હોય તો ચાલે.

(૨) વાક્યમાં જે વિચાર દર્શાવેલો હોય છે તે સમજવા વાક્યના કેવી રીતે વિભાગ કરવામાં આવે છે?

દરેક વાક્યમાં કોઈકને વિશે કંઈક કહેલું હોય છે. જેને વિશે કહેલું હોય તેને ઉદ્દેશ્ય કહે છે. અને જે કહેલું હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને વિધેય કહે છે. આ રીતે વાક્યના બે વિભાગ પડે છે: ઉદ્દેશ્ય અને વિધેય. ઉદ્દેશ્ય અને વિધેયનો સંબંધ સમજવાથી વાક્યનો વિચાર સમજાય છે.

(૩) વાક્યના મુખ્ય પ્રકાર કેટલા છે? કયા કયા? તે દરેકના પેટા પ્રકાર કહો.

વાક્યના મુખ્ય ત્રણ પ્રકાર છે: વિધાન વાક્ય, પ્રશ્ન વાક્ય અને ઉદ્ગાર વાક્ય. તે દરેકના બે પેટા પ્રકાર છે: હકારવાચક અને નકારવાચક.

પદો

(૧) પદ એટલે શું?

વાક્યમાં વપરાયેલા દરેક શબ્દને પદ કહે છે.

(૨) પદોને ઓળખવા વપરાતા જે શબ્દો તમે શીખી ગયા તે બધા ગણાવો.

ક્રિયાપદ, કર્તા, નામ, સર્વનામ, વિશેષણ, વિશેષ્ય, વિકારી વિશેષણ, અવિકારી વિશેષણ, કૃદંત, કર્મ, ક્રિયાપૂરક, ક્રિયાવિશેષણ (વિશેષણ), અવ્યય, ક્રિયાવિશેષણ અવ્યય.

(૩) ઉપરના શબ્દો પૈકી જે શબ્દો ક્રિયાપદને લગતા હોય તે જુદા પાડો.

ક્રિયાપદ, કૃદંત, કર્તા, કર્મ, ક્રિયાપૂરક, ક્રિયાવિશેષણ (વિશેષણ) અને ક્રિયાવિશેષણ (અવ્યય).

(૪) જે શબ્દ વિશેષણને લગતા હોય તે લખો.

વિશેષણ, વિશેષ્ય, વિકારી વિશેષણ, અવિકારી વિશેષણ.

(૫) બાકી કયા શબ્દો રહ્યા?

નામ, સર્વનામ, અને અવ્યય.

(૬) આ ઉપરથી મુખ્ય પદો ગણાવો.

નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ અને અવ્યય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૭) જાતિ અને વચન ગણાવો.

જાતિ:—નર, નારી, નાન્યતર.

વચનઃ—એકવચન, બહુવચન.

(૮) જાતિ-વચનને કારણે કયાં કયાં પદોનાં રૂપમાં ફેરફાર થાય છે?

નામ, સર્વનામ, વિશેષણ અને ક્રિયાપદનાં રૂપમાં.

(૯) કયા પદના રૂપમાં જાતિ-વચનને કારણે ફેરફાર થતા નથી?

અવ્યયના રૂપમાં.

(૧૦) કેવી જાતના શબ્દને નામ કહે છે?

જે શબ્દથી પ્રાણી, પદાર્થ, ગુણ, ક્રિયા કે લાગણી ઓળખાય તે શબ્દને નામ કહે છે.

(૧૧) વાક્યમાં નામ શું શું કામ કરે છે?

કર્તા, કર્મ, ક્રિયાપૂરક કે વિશેષ્ય તરીકે વપરાય છે.

(૧૨) સર્વનામ શું શું કામ કરે છે?

જે જે કામ નામ કરે છે, તે તે કામ સર્વનામ કરે છે.

(૧૩) વિશેષણ અને ક્રિયાવિશેષણ (વિશેષણ) એ બેમાં શો ફેર છે?

વિશેષણ નામના અર્થમાં વધારો કરે છે. જ્યારે વિશેષણ નામ અને ક્રિયાપદ બંનેના અર્થમાં વધારો કરે ત્યારે તેને ક્રિયાવિશેષણ (વિશેષણ) કહે છે.

(૧૪) ક્રિયાવિશેષણ (વિશેષણ) અને ક્રિયાવિશેષણ (અવ્યય) એ બેમાં શો ફેર છે?

જે પદ વિશેષણ હોય અને નામ અને ક્રિયાપદ બંનેના અર્થમાં વધારો કરે તે ક્રિયાવિશેષણ (વિશેષણ).

જે પદ અવ્યય હોય અને માત્ર ક્રિયાપદના અર્થમાં વધારો કરે તે ક્રિયાવિશેષણ (અવ્યય.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૫) ક્રિયાપદ અને કૃદંતમાં શો ફેર છે ?

બંને ક્રિયા બતાવે છે. પણ ક્રિયાપદથી વાક્યનો અર્થ પૂરો થાય છે, કૃદંતથી થતો નથી. કૃદંત વિના વાક્ય બને, ક્રિયાપદ વિના ન બને.

(૧૬) કઈ જાતનાં પદને કર્તા, કર્મ અને ક્રિયાપૂરક કહે છે ?

જે પદ ક્રિયાનો કરનાર બતાવે તે કર્તા.

જે પદ ક્રિયાની અસર ભોગવનાર બતાવે તે કર્મ.

જે પદ ક્રિયાની અસર બતાવે તે ક્રિયાપૂરક.

કર્તા — નામ કે સર્વનામ હોય.

કર્મ — નામ કે સર્વનામ હોય.

ક્રિયાપૂરક — નામ, સર્વનામ કે વિશેષણ હોય.

વિરામચિહ્નો

(૧) વિરામચિહ્નો ગણાવો.

પૂર્ણવિરામ, પ્રશ્નચિહ્ન, ઉદ્‌ગારચિહ્ન, અલ્પવિરામ અને અવતરણચિહ્નો.

(૨) કયાં વિરામચિહ્નો વાક્યને છેડે આવે ?

પૂર્ણવિરામ, પ્રશ્નચિહ્ન, ઉદ્‌ગારચિહ્ન.

(૩) વાક્યની અંદર કયું વિરામચિહ્ન વપરાય છે ?

અલ્પવિરામ.

(૪) અવતરણચિહ્ન ક્યારે વપરાય ?

કોઈના બોલેલા શબ્દો વાક્યમાં ઉતારેલા છે એમ બતાવવા તે શબ્દોની આસપાસ અવતરણચિહ્નો મૂકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ નીચેના નમૂના પ્રમાણે એક કોઠો દોરો અને તેની નીચે આપેલાં વાક્યોનાં પદો યોગ્ય ખાનામાં મૂકો :—

વાક્યનો ક્રમાંક	નામ	સર્વનામ	વિશેષણ	ક્રિયાપદ	કૃદંત	ક્રિયાવિશેષણ

(ક) માટી પલાળીને અમે રમકડાં બનાવીએ છીએ.
(ખ) ઊંચે ચઢતાં સૂરજ દેખાયો.
(ગ) સરકાર નાણાં આપી નાના ઉદ્યોગો ઝડપથી વધારે છે.
(ઘ) ખીલતું પ્રભાત જોઈ અમે એકદમ અટક્યા.
(ઙ) બાળક માયાળુ સ્વભાવ જલદી પારખે છે.

૨ પ્રશ્ન ૧ના કોઠામાં મૂકેલાં પદોમાંથી—(ક) ક્રિયાપદો લઈ તે દરેકનો કર્તા અને કર્મ કે ક્રિયાપૂરક લખો. (ખ) વિશેષણો લઈ તે દરેકનું વિશેષ્ય લખો.

૩ દરેકમાં ઓછામાં ઓછાં બે પદ ઉમેરી નીચેનાં વાક્યો ફરી લખો :—

(ક) ખેડૂત અનાજ પકવે છે. (ખ) ધજા ફરકે છે.
(ગ) બાળાઓ ગરબા ગાય છે. (ઘ) કડિયા ઘર બાંધે છે.

૪ પ્રશ્ન ૩નાં વાક્યોના ઉદ્દેશ્ય અને વિધેય એવા વિભાગ પાડો.

૫ નીચેના લખાણમાં વિરામચિહ્નો મૂકો :—

ઈસપ નામનો એક ગુલામ હતો તેની સૌ મશ્કરી કરે એક દિવસ પરગામ જવાનું થયું દરેક ગુલામે સામાન લીધો પણ એક ભારે કરંડિયો કોઈએ લીધો નહિ ઈસપે તે ઊંચકી લીધો તે જોઈ સૌ હસી પડ્યા

માલિક આ તમાશો જોતો હતો તેણે ઈસપને પૂછ્યું તેં આ ભારે કરંડિયો કેમ ઊંચક્યો ઈસપે કહ્યું શેઠ એમાં ભાથું છે રસ્તમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જગાએ તે વહેંચવાનું છે એક વખત તે વહેંચાશે એટલે મારો બોજો અર્ધો થશે બીજે વખતે ખાલી કરંડિયો જ રહેશે.

૬ નીચેનાં વાક્યોના પ્રકાર ઓળખો :—

(ક) બાર વાગ્યા પહેલાં ગાડી આવશે ?

(ખ) અરે ! આ જાનવર જબરું લાગે છે !

(ગ) ઘણી વાર તે બારી પર આવીને બેસે છે.

(ઘ) આવું તો કોઈએ કહ્યું નહોતું.

(ઙ) રસ્તામાં ભય નથી ને ?

(ચ) હાશ ! હવે મને નિરાંત થઈ !

*

પાઠ પંદરમો

નામના પ્રકાર

[૧]

નીચેનાં વાકયોમાં મોટા અક્ષરવાળાં નામો સરખાવો :—

(૧) ગાય ગરીબડું પ્રાણી છે.
(૩) ફૂલ સુંદર હોય છે.
(૫) પલંગ સૂવાના કામમાં આવે છે.

(૨) ખેતરમાં ગાય ચરે છે.
(૪) સુધાએ અંબોડામાં ફૂલ ખોસ્યું છે.
(૬) તે પલંગ ભાંગેલો છે.

પહેલા વાકયમાં ગાય એટલે ? જેટલી ગાયો હોય તે દરેક ગાય. એટલે બધી ગાયો ગરીબડી હોય છે, એમ અર્થ છે. અહીં ગાય એ નામ ગાયની જાતના પ્રાણીની આખી જાતિ માટે વપરાયું છે.

બીજા વાકયમાં ગાય એટલે ? એક જ ગાય. ખેતરમાં ગાયની જાતનું એક જ પ્રાણી ચરે છે, એમ અર્થ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ રીતે બીજા વાક્યમાં **ફૂલ** એટલે ફૂલની આખી જાતિ, અને ચોથા વાક્યમાં **ફૂલ** એટલે એક જ ફૂલ. પાંચમા વાક્યમાં પલંગ એટલે પલંગની આખી જાતિ અને છઠ્ઠા વાક્યમાં પલંગ એટલે એક જ પલંગ.

આમ ગાય, ફૂલ, પલંગ—એ દરેક નામ તે તે જાતના પ્રાણી અને પદાર્થની આખી જાતિ માટે વપરાયું છે અને તે જાતિની દરેક વ્યક્તિ માટે પણ વપરાયું છે. આવાં નામોને **જાતિવાચક નામ** અથવા **સામાન્ય નામ** કહે છે.

[૨]

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરવાળાં નામો વિચારો :—

(૧) રામને બે દીકરા હતા : **લવ** અને **કુશ.**

(૨) પેલા કૂતરાને અમે **ટીપુ** કહીએ છીએ.

(૩) નર્મદા નદીને કાંઠે **ભરૂચ** શહેર આવેલું છે.

(૪) અમે '**સૌરભ**' બંગલામાં રહીએ છીએ.

'લવ' અને 'કુશ' કોનાં નામ છે? રામના દીકરાનાં 'દીકરો' એમ કહેવાથી બેમાંથી ગમે તે દીકરો સમજાય. પણ 'લવ' કે 'કુશ' કહેવાથી બેમાંથી એક જ દીકરો સમજાય. આ રીતે રામના બે દીકરાને છૂટા છૂટા ઓળખવા તેમનાં ખાસ નામ પાડેલાં. એકનું ખાસ નામ **લવ** અને બીજાનું ખાસ નામ **કુશ.** આપણું દરેકનું એ રીતે ખાસ નામ પાડેલું છે.

એ જ રીતે **ટીપુ** એ કૂતરાનું ખાસ નામ છે. **નર્મદા** એ નદીનું ખાસ નામ છે. **ભરૂચ** એ શહેરનું ખાસ નામ છે. **સૌરભ** એ બંગલાનું ખાસ નામ છે.

આવાં ખાસ નામને **સંજ્ઞાવાચક નામ** અથવા **વિશેષ નામ** કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

આ નામો કયા પ્રકારનાં છે ?—

ધાતુઓ : સોનું, ચાંદી, તાંબું, પિત્તળ, લોઢું.

અનાજ : ઘઉં, બાજરી, જુવાર, ચોખા, ચણા.

પદાર્થ : દૂધ, ઘી, તેલ, પાણી, ખાંડ, માટી, કોલસો, રૂ.

એ બધાં જાતિવાચક નામો છે. પરંતુ બીજાં જાતિવાચક નામો અને આ નામોમાં ફેર છે. આ ફેર તમને સમજાય છે ? તે આ પ્રમાણે છે :—(૧) બીજાં જાતિવાચક નામો પ્રાણી અને પદાર્થ બંનેનાં હોય છે. આ નામો માત્ર પદાર્થોનાં છે. (૨) આ પદાર્થો એવા છે કે તેમાંથી વિવિધ જાતની વસ્તુઓ બની શકે છે. (૩) બીજાં પ્રાણીપદાર્થને એક, બે, પાંચ એમ સંખ્યા વડે ગણી શકાય છે. આ પદાર્થોને એવી સંખ્યા લાગુ પડતી નથી. તેમને આપણે વજન કે કદથી માપીએ છીએ. (૪) બીજાં પ્રાણીપદાર્થનાં નામો એકવચન અને બહુવચન બંને રૂપમાં વપરાય છે. આ નામો મોટે ભાગે એકવચનનાં રૂપમાં વપરાય છે. કેટલાંક જ માત્ર બહુવચનમાં વપરાય છે.

આવાં નામને **દ્રવ્યવાચક નામ** કહે છે.

આ નામો જુઓ:—**માણસ** : ટોળું, સંઘ, લશ્કર, પંચ, ટુકડી.

'**માણસ**' અને તેની પછીનાં બીજાં નામોમાં શો ફેર છે ? માણસ એટલે એક જ માણસ. ટોળું, સંઘ વગેરે એટલે ઘણાં માણસોનો સમૂહ. આમ ઘણાં માણસોનો સમૂહ એવો અર્થ એક જ નામથી બતાવાય છે. એવી જ રીતે 'ગાય' એટલે એક જ ગાય. 'ધણ' એટલે ગાયોનું ટોળું. 'દ્રાક્ષ' એટલે એક જ દ્રાક્ષ. 'ઝૂમખો' કે 'લૂમખો' એટલે દ્રાક્ષનો સમૂહ. 'ઝાડ' એટલે એક જ ઝાડ. 'ઝાડી' કે 'જંગલ' એટલે ઝાડોનો સમૂહ. આમ એક જ નામથી ઘણાં પ્રાણી કે પદાર્થનો સમૂહ એવો અર્થ બતાવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવાં નામોને **સમૂહવાચક નામ** કહે છે.

દ્રવ્યવાચક નામ અને સમૂહવાચક નામમાં શો ફેર?

વજનથી કે કદથી માપી શકાય તેવા પદાર્થોના જથાને કે તેના ભાગના નામને દ્રવ્યવાચક નામ કહે છે. ગણી શકાય તેવાં પ્રાણી કે પદાર્થના જથાના નામને **સમૂહવાચક નામ** કહે છે. દ્રવ્યવાચક **નામ** મોટે ભાગે એકવચનમાં વપરાય છે. સમૂહવાચક નામ બંને વચનમાં વપરાય છે.

[૪]

આ વાકયોમાં મોટા અક્ષરવાળાં નામો વિચારો :—

(૧) મોહનનું **ભોળપણ** નુકસાનકારક છે.
(૨) બાળક **રમત** કરે છે.
(૩) આજે **લેખન** શીખવાનું છે.
(૪) મને **ઊંઘ** આવતી નથી.
(૫) તેને **તરસ** લાગી છે.
(૬) સમાચાર જાણી મને **આનંદ** થયો.

ભોળપણ એટલે? ભોળા હોવાનો ગુણ. ભોળપણ એ નામ ગુણ બતાવે છે. ગુણ પદાર્થની અંદર રહેલો હોય છે. તે જુદો પાડી બતાવી શકાતો નથી. માત્ર મનથી સમજાય છે.

રમત એટલે? રમવાની ક્રિયાનું નામ. **લેખન** એટલે? લખવાની ક્રિયાનું નામ. ક્રિયાનું નામ પણ મનથી સમજાય છે.

ઊંઘ એટલે? અમુક સ્થિતિ. **તરસ** એટલે? અમુક સ્થિતિ. એ પણ મનથી સમજાય છે.

આનંદ એટલે? એક જાતની લાગણી. એ પણ મનથી સમજાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે ગુણ, ક્રિયા, સ્થિતિ અને લાગણીનાં નામો મનથી સમજાય છે. આવાં નામોને ભાવવાચક નામ કહે છે.

નામના પાંચ પ્રકાર છે :— જાતિવાચક, સંજ્ઞાવાચક, દ્રવ્યવાચક, સમૂહવાચક અને ભાવવાચક.

સ્વાધ્યાય

૧ નીચેનાં નામોમાંથી જાતિવાચક અને સંજ્ઞાવાચક નામો ઓળખો :—

(ક) ઘણાં વર્ષો પહેલાં અયોધ્યા નગરીમાં દશરથ રાજા રાજ્ય કરતા હતા.

(ખ) રસૂલખાંએ બાપની તલવાર, જમૈયો અને ફરસી સાચવી રાખેલાં.

(ગ) રામે શબરીનાં મીઠાં બોર પ્રેમથી ખાધાં.

(ઘ) ગોવિંદ અને ગોપાળ બે દક્ષિણી ભાઈઓ હતા.

૨ નીચેનાં વાક્યોમાંથી સમૂહવાચક અને દ્રવ્યવાચક નામો ઓળખો :—

(ક) એના આંગણામાં ઈંટોનો ઢગલો કાયમ રહે છે.

(ખ) મગફળીનું તેલ તલના તેલ કરતાં સસ્તું હોય છે.

(ગ) લોકોની મેદનીમાંથી આગળ જવું મુશ્કેલ હતું.

(ઘ) એવામાં લૂંટારાની એક ટોળી આવી.

૩ નીચેનાં વાક્યોમાંથી ભાવવાચક નામો ઓળખો :—

(ક) સમુદ્રમાં તોફાન વધી ગયું હતું.

(ખ) નોકરી ન મળી એટલે તેણે મજૂરી કરવા માંડી.

(ગ) દંડો પડ્યો કે તેણે દોટ કાઢી.

(ઘ) ભણતર વધતાં વાચન આપોઆપ વધશે.

૪ નામના પ્રકાર દર્શાવતો એક કોઠો દોરો અને તેમાં નીચેનાં નામો ગોઠવો :— બાવો, ટપાલ, શીરીન, બુલબુલ, આગગાડી, માખી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આળસ, મુશ્કેલી, ભાજી, ચણા, કાફલો, મીઠાશ, સાબરમતી, માગશર, ઉદારતા, હવેલી, પવન, દહીં, ભજન. ગરમી, ઘેટું.

૫ નીચેનાં વાક્યોમાંથી નામો ઓળખો અને તેમના પ્રકાર કહો :—

(ક) વિષ્ણુશાસ્ત્રી, અગરકર, ટિળક, નામજોશી વગેરે આગેવાનોએ ભેગા થઈ પૂનામાં એક શાળા સ્થાપી.

(ખ) કાશ્મીરને બચાવવા હિંદમાંથી લશ્કર ગયું.

(ગ) અર્જુનને સૈન્ય જોઈ ગભરાટ થયો અને તેના હાથમાંથી ગાંડીવ સરવા લાગ્યું.

(ઘ) ગાડીમાં કોલસો ભરાઈ રહે ત્યાં સુધી બાબર અને જીવી વાતો કરતાં.

*

પાઠ સોળમો

સર્વનામના પ્રકાર

[૧]

આ વાકચોમાંથી સર્વનામ ઓળખો :—

(૧) હું ઘેર જાઉં છું. ત્યાં અમે જમીશું.

(૨) તું અહીં રહે. તમે સાથે આવજો.

(૩) તે વાંચે છે. તેઓ લખે છે.

હું, અમે — પહેલો પુરુષ સર્વનામ. તું, તમે — બીજો પુરુષ સર્વનામ. તે, તેઓ — ત્રીજો પુરુષ સર્વનામ.

હું, અમે, તું, તમે, તે, તેઓ — આ સર્વનામો પુરુષ બતાવે છે, તેથી તે પુરુષવાચક સર્વનામ કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો ઓળખો :—

(૧) **આ** લો. (૨) **એ** લાવો. (૩) **તે** દૂર છે.
(૪) **પેલો** ખરાબ છે.

આ, એ, તે, પેલો—કોઈક વસ્તુ કે માણસને દેખાડી, તે વસ્તુ કે માણસને બદલે આ પદો વાપર્યાં છે. તેથી તે સર્વનામ છે.

કોઈક વસ્તુ કે માણસને દેખાડવા માટે તે વપરાય છે, તેથી તે **દર્શક સર્વનામ** કહેવાય છે.

[૩]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો ઓળખો :—

(૧) **કોણ** છે? (૨) **શું** પડ્યું?

કોણ, શું—એ પદો કોઈ માણસ કે વસ્તુને બદલે વપરાયાં છે. તેથી તે દરેક સર્વનામ છે.

આ સર્વનામો પ્રશ્ન પૂછવા માટે વપરાય છે. તેથી તે **પ્રશ્નાર્થક** અથવા **પ્રશ્નવાચક સર્વનામ** કહેવાય છે.

[૪]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો ઓળખો :—

(૧) હું **પોતે** જઈશ. (૨) હું **ખુદ** આવીશ.

પોતે, ખુદ—એટલે બોલનાર જાતે એવો અર્થ છે. તેથી તે દરેક સર્વનામ છે. એમને **સ્વવાચક સર્વનામ** કહે છે.

[૫]

આ વાક્યમાં મોટા અક્ષરવાળાં પદો ઓળખો :—

જે જાણશે **તે** રાજી થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે, તે—જાણનાર માણસને માટે વપરાયાં છે. તેથી તે સર્વનામ છે. 'જે-તે' એકબીજા સાથે સંબંધ ધરાવે છે, તેથી તે **સંબંધી સર્વનામ** કહેવાય છે.

[૬]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો ઓળખો :—

(૧) **કોઈ** આવે છે. (૨) **કંઈ** લેશો ? (૩) **કેટલાક** દોડ્યા. (૪) **થોડાક** ગયા. (૫) **ઘણાં** બોલ્યાં.

કોઈ, કંઈ, કેટલાક, થોડાક, ઘણાં—આ પદો કોઈ માણસ કે વસ્તુને બદલે વપરાયાં છે. તેથી તે દરેક સર્વનામ છે.

'કોઈ' એટલે કોણ ? એ ચોક્કસ નથી. 'કંઈ' એટલે શું ? એ ચોક્કસ નથી. આ રીતે એ દરેક સર્વનામનો અર્થ અનિશ્ચિત છે. તેથી તે દરેક **અનિશ્ચિત સર્વનામ** કહેવાય છે.

[૭]

ઉપર પ્રમાણે સર્વનામના છ પ્રકાર છે :— પુરુષવાચક, દર્શક, પ્રશ્નાર્થક કે પ્રશ્નવાચક, સ્વવાચક, સંબંધી, અનિશ્ચિત.

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોમાંથી સર્વનામો ઓળખો અને તેમના પ્રકાર કહો:—

(ક) અહીં કોઈ છે કે નહિ તે કોણ કહી શકે ?
(ખ) હું પોતે કંઈ કહી શકું નહિ.
(ગ) તું કયું રમકડું લઈશ ? આ કે પેલું ?
(ઘ) તમે બજારમાં જાઓ છો તો કંઈક લેતા આવજો.
(ઙ) શું લાવું તે તો કહો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ચ) આ મારું, આ તારું કહીને કેટલાક બીજાને કનડે છે.
(છ) નોકર ન હોય તો તમે પોતે કપડાં ધોઈ લો.
(જ) જે વહેલા ઊઠશે તે સવારની શોભા જોશે.

૨ નીચેનાં સર્વનામ વાપરી એક એક વાક્ય બનાવો :—
કેટલુંક, આ, અમે, જે–તે, કોઈ, એ.

૩ નીચેનાં વાક્યોમાં ખાલી જગાએ યોગ્ય સર્વનામ મૂકો :—

(ક) ________ જૂઠું બોલશે ________ પસ્તાશે.
(ખ) આ પતંગ ________ ચગાવે છે ?
(ગ) ________ તમને ________ કહે છે ?
(ઘ) મારે ________ ખાવું છે. તમારી પાસે ________ છે ?

*

પાઠ સત્તરમો

વિશેષણના પ્રકાર

[૧]

નીચેનાં વિશેષણોનો અર્થ વિચારો :—

(૧) સારો માણસ, ડાહ્યો માણસ, ઊંચો માણસ, ઘરડો માણસ.

(૨) ધોળી ગાય, મારકણી ગાય, દુબળી ગાય, દૂઝણી ગાય.

(૩) પીળું સોનું, ભારે સોનું, હલકું સોનું, મોઘું સોનું.

(૧) કેવો માણસ? સારો, ડાહ્યો, ઊંચો, ઘરડો—એ દરેક વિશેષણ 'માણસ'નો ગુણ બતાવે છે.

(૨) કેવી ગાય? ધોળી, મારકણી, દૂઝણી—એ દરેક વિશેષણ 'ગાય'નો ગુણ બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) કેવું સોનું? પીળું, ભારે, હલકું, મોંઘું—એ દરેક વિશેષણ 'સોનું'નો ગુણ બતાવે છે.

આવાં વિશેષણોને ગુણવાચક વિશેષણ કહે છે.

નામને કેવો, કેવી, કેવું લગાડી પ્રશ્ન પૂછવાથી ગુણવાચક વિશેષણ પરખાય છે.

[૨]

આ વિશેષણો શું બતાવે છે?—

(૧) **એક** કાગળ, **બે** કાગળ, **પાંચ** કાગળ.

(૨) **અર્ધો** રૂપિયો, **પા** રૂપિયો, **પોણો** રૂપિયો, **દોઢ** રૂપિયો.

(૩) **ડઝન** કેરી, **કોડી** કેરી, **સેંકડો** કેરી.

(૪) **થોડા** કાગળ, **ઘણા** કાગળ, **બહુ** કાગળ.

(૫) **એકવડું** કપડું, **બમણા** રૂપિયા, **ચારગણી** કેરી.

(૬) **પહેલો** છોકરો, **બીજો** છોકરો, **ત્રીજો** છોકરો.

(૭) **પહેલો** છોકરો, **વચલો** છોકરો, **છેલ્લો** છોકરો.

(૧) કેટલા કાગળ? એક કાગળ, બે કાગળ, થોડા કાગળ, ઘણા કાગળ વગેરે.

(૨) કેટલા રૂપિયા? અર્ધો રૂપિયો, પા રૂપિયો, બમણા રૂપિયા વગેરે.

(૩) કેટલી કેરી? ડઝન કેરી, ચારગણી કેરી, વગેરે.

(૪) કેટલામો છોકરો? કયો છોકરો? પહેલો છોકરો, બીજો છોકરો, છેલ્લો છોકરો વગેરે.

મોટા અક્ષરે છાપેલું દરેક વિશેષણ સંખ્યા બતાવે છે. આવાં વિશેષણોને સંખ્યાવાચક વિશેષણ કહે છે.

નામને કેટલો-લી-લું, કેટલામો-મી-મું, કયો-કઈ-કયું લગાડી પ્રશ્નો પૂછવાથી સંખ્યાવાચક વિશેષણ પરખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

આ વિશેષણો શું બતાવે છે ?

થોડું દૂધ, બધી ચાંદી, ઘણા ચણા.

કેટલું દૂધ ? થોડું દૂધ. કેટલી ચાંદી ? બધી ચાંદી. કેટલા ચણા ? ઘણા ચણા. થોડું, બધી, ઘણા—એ વિશેષણો ઉપરના જેવાં જ છે. પરંતુ તે દ્રવ્યવાચક નામોનો ગુણ બતાવે છે. દ્રવ્યવાચક નામોને સંખ્યા લાગુ પડતી નથી, તેથી આવાં વિશેષણોને માપવાચક વિશેષણ કહે છે.

ટોપલો માટી, ઢગલો અનાજ, પ્યાલો દૂધ, ખોબો પાણી, મણ બાજરી—આમાં ટોપલો, ઢગલો, પ્યાલો, ખોબો, મણ—એ દરેક નામ છે, પણ વિશેષણ તરીકે વપરાયું છે. તે દરેક માપવાચક વિશેષણ છે.

[૪]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો ઓળખો :—

(૧) આ ચોપડી લાવો.
(૨) એ ચોપડી વાંચો.
(૩) તે ચોપડી લો,
(૪) પેલી ચોપડી લાવો.

કઈ ચોપડી ? આ ચોપડી, એ ચોપડી, તે ચોપડી, પેલી ચોપડી. આ, એ, તે, પેલી—એ સર્વનામો છે, પણ અહીં નામ સાથે વપરાયાં છે. તેથી તે દરેક વિશેષણ છે. સર્વનામ તરીકે તેમને દર્શક સર્વનામ કહે છે. વિશેષણ તરીકે વપરાય ત્યારે તે દર્શક વિશેષણ કહેવાય છે.

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો ઓળખો :—

(૧) શી વાત કરો છો ?
(૨) કેવો રંગ છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શી, કેવો—એ પ્રશ્નાર્થક સર્વનામ છે. પણ અહીં તે નામ સાથે વપરાયાં છે. તેથી તે દરેક વિશેષણ છે. આવાં વિશેષણને પ્રશ્નાર્થક વિશેષણ કહે છે.

આ રીતે સર્વનામ જ્યારે નામ સાથે વપરાય ત્યારે તે વિશેષણ બને છે. એમ થાય ત્યારે જે પ્રકાર સર્વનામનો તે પ્રકાર વિશેષણનો ગણાય છે.

[૫]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો ઓળખોઃ—

(૧) બાળકો **રૂપાળાં** દેખાય છે.
(૨) પર્વત **ઊંચો** છે.
(૩) ટપાલી **મોડો** આવ્યો.
(૪) નોકર **વહેલો** ઘેર ગયો.

રૂપાળાં, ઊંચો, મોડો, વહેલો—એ દરેક વિશેષણ છે. પણ તે નામની પછી અને ક્રિયાપદની પહેલાં વપરાયું છે.

રૂપાળાં, ઊંચો—એ વિશેષણો ક્રિયાપૂરક છે. તેમના વિના ક્રિયાપદનો અર્થ અધૂરો રહે છે. તે નામનો તેમ જ ક્રિયાપદનો ગુણ બતાવે છે.

મોડો, વહેલો—એ દરેક વિશેષણ છે. પણ તે ક્રિયાપૂરક નથી. છતાં તે નામનો તેમ જ ક્રિયાપદનો ગુણ બતાવે છે.

આવાં વિશેષણોને ક્રિયાવિશેષણ (વિશેષણ) કહે છે, તે આપણે શીખી ગયાં. (જુઓ પાઠ તેરમો.)

[૬]

આ વાક્યોમાં વપરાયેલાં વિશેષણો વિચારોઃ—

(૧) તે ઘણો સારો માણસ છે.
(૨) તમે બહુ મોટી ટોપી પહેરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) બે ડબ્બા ઘી લાવજો.

(૪) કાળી, ધોળી, રાતી ગાય, પીએ પાણી, ચરવા જાય.

(૫) સારો, સસ્તો ને ટકાઉ રૂમાલ લાવજો.

(૧)–(૩) કેવો માણસ? સારો માણસ. કેટલો સારો માણસ? ઘણો સારો માણસ. અહીં 'સારો' એ માણસનું વિશેષણ છે. અને 'ઘણો' એ 'સારો'નું વિશેષણ છે. આમ 'ઘણો' એ વિશેષણનું વિશેષણ છે. તે જ રીતે બીજા અને ત્રીજા વાક્યમાં 'બહુ' અને 'બે' એ દરેક વિશેષણનું વિશેષણ છે. પરંતુ ચોથા અને પાંચમા વાક્યમાં એવું નથી. દરેક વાક્યમાં ત્રણ ત્રણ વિશેષણો છે. પણ તે બધાં નામનો ગુણ બતાવે છે, વિશેષણનો નહિ.

આ રીતે વિશેષણને પણ વિશેષણ લાગે છે. અને એક જ નામને એક કરતાં વધારે વિશેષણ પણ લાગે છે.

[૭]

ઉપર પ્રમાણે વિશેષણના પ્રકાર છે : ગુણવાચક, સંખ્યાવાચક, માપવાચક, દર્શક, પ્રશ્નાર્થક, વગેરે (સર્વનામ પ્રમાણે), **ક્રિયાવિશેષણ(વિશેષણ) અને વિશેષણનું વિશેષણ.**

આ પ્રકાર અર્થ પ્રમાણે થયા. એ દરેકના રૂપ પ્રમાણે બે પ્રકાર થાય : વિકારી અને અવિકારી. (જુઓ પાઠ દશમો.)

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોમાંથી વિશેષણો ઓળખો અને તે દરેકનો પ્રકાર કહો :—

(ક) ડિસેમ્બર એ વરસનો બારમો મહિનો છે.

(ખ) સફેદ ફોટા કરતાં રંગીન ફોટો સારો.

(ગ) ટેબલ ઊંચું છે. તેને ચાર પાયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઘ) જે છોકરા નિયમિત વાંચશે તે પાસ થશે.
(ઙ) લૂંટારો ઊંચો, કદાવર અને બિહામણો હતો.
(ચ) તે છત્રી મને ગમતી નથી, માટે બીજી આપો.

૨ નીચેનાં નામોને ઓછામાં ઓછાં બબ્બે વિશેષણ લગાડો :—
સીતા, ઝાડ, પથ્થર, શાહી, ગંગા, ફૂલ, ગામડું.

૩ કૌંસમાં આપેલાં વિશેષણોમાંથી યોગ્ય વિશેષણ મૂકી નીચેનાં વાક્યોમાં ખાલી જગા પૂરો :—

(ક) ઊંટની ડોક ——— હોય છે, પણ પૂંછડી ——— હોય છે. (ઊંચી, વાંકી, લાંબી; જાડી, પાતળી, ટૂંકી)
(ખ) ——— બી વાવશો ——— પાક લણશો. (જેવું, જે, સારું; તેવો, તે, સારો)
(ગ) ઘી પચવામાં ——— છે, પણ માખણ ——— છે. (ભારે, હલકું, કઠણ, હલકું, ચીકણું, મોંઘું)
(ઘ) ——— ઘર ——— છે. તેમાં ——— સામાન વાપર્યો છે. (આ, પેલું, મોટું; સુંદર, મજબૂત, નવું, કીમતી)

*

પાઠ અઢારમો

ક્રિયાપદના પ્રકાર

[૧]

આ વાક્યોનાં ક્રિયાપદો તપાસો :—

(૧) શેઠ ગણે છે.	**(૧) શેઠ રૂપિયા ગણે છે.**
(૨) બળદ ખેંચે છે.	**(૨) બળદ ગાડું ખેંચે છે.**
(૩) દુકાનદાર વેચે છે.	**(૩) દુકાનદાર રમકડાં વેચે છે.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ ગણે છે—આટલું કહેવાથી અર્થ પૂરો સમજાય છે? ના. શેઠ શું ગણે છે? એવો પ્રશ્ન ઊઠે છે. તેથી 'રૂપિયા' એ શબ્દ ઉમેરવો પડે છે.

એ જ રીતે—બળદ શું ખેંચે છે? ગાડું. દુકાનદાર શું વેચે છે? રમકડાં.

રૂપિયા, ગાડું, રમકડાં—એ પદો શું કહેવાય? કર્મ.

ગણે છે, ખેંચે છે, વેચે છે—એ ક્રિયાપદો એવાં છે કે તેમને કર્મ લગાડીએ તો જ વાકયનો અર્થ પૂરો થાય છે. આવાં ક્રિયાપદને સકર્મક ક્રિયાપદ કહે છે.

ગણે છે, ખેંચે છે, વેચે છે—એ દરેક સકર્મક ક્રિયાપદ છે.

[૨]

આ વાકયોનાં ક્રિયાપદો તપાસો:—

(૧) બાળક હસે છે.
(૨) દીવો બળે છે.
(૩) ફૂલ ખીલે છે.

અર્થ પૂરો સમજાય છે? હા. ક્રિયાપદોને કર્મ લગાડેલું છે? ના. કર્મની જરૂર છે? ના. કર્મ વાપરી શકાય? ના. શાથી? ક્રિયાનો કરનાર અને તેની અસર ભોગવનાર કર્તા પોતે જ છે તેથી.

હસે છે, બળે છે, ખીલે છે—આ ક્રિયાપદોમાં કર્તા પોતે જ ક્રિયાની અસર ભોગવનાર છે. તેથી તેમને કર્મ લાગતું નથી. આવાં ક્રિયાપદને અકર્મક ક્રિયાપદ કહે છે.

હસે છે, બળે છે, ખીલે છે—એ દરેક અકર્મક ક્રિયાપદ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

આ વાકયોનાં ક્રિયાપદો તપાસો :—

(૧) રસોઈયો લાડુ પીરસે છે.	(૧) રસોઈયો મહેમાનને લાડુ પીરસે છે.
(૨) બહેન ચિત્ર બતાવે છે.	(૨) બહેન ભાઈને ચિત્ર બતાવે છે.
(૩) માળી પાણી પાય છે.	(૩) માળી ઝાડને પાણી પાય છે.

રસોઈયો લાડુ પીરસે છે—આટલું કહેવાથી અર્થ પૂરો સમજાય છે? ના. પ્રશ્ન ઊઠે છે કે કોને પીરસે છે? તેથી મહેમાનને એ શબ્દ ઉમેરવો પડે છે. ક્રિયાની અસર ભોગવનાર કોણ છે? લાડુ અને મહેમાન. બંને એક વ્યક્તિ છે કે જુદી જુદી? બંને જુદી જુદી વ્યક્તિ છે.

'લાડુ' એ પદ શું છે? કર્મ. તો 'મહેમાનને' એ પદ શું કહેવાય? કર્મ.

આમ 'પીરસે છે' એ ક્રિયાપદને બે કર્મ લાગેલાં છે. આવાં ક્રિયાપદ દ્વિકર્મક ક્રિયાપદ કહેવાય છે.

રસોઈયો પીરસે છે—એમ સાંભળતાં પ્રશ્ન ઊઠે છે: શું પીરસે છે? તેનો જવાબ—લાડુ. તેથી 'લાડુ' એ પ્રધાન (મુખ્ય) કર્મ કહેવાય છે. બીજો પ્રશ્ન ઊઠે છે: કોને પીરસે છે? તેનો જવાબ—મહેમાનને. તેથી 'મહેમાનને' એ ગૌણ કર્મ કહેવાય છે. (ગૌણ=નાનું, ઊતરતા દરજ્જાનું)

આ રીતે બીજા વાકયમાં 'બતાવે છે' એ દ્વિકર્મક ક્રિયાપદ છે. શું બતાવે છે? ચિત્ર (પ્રધાન કર્મ). કોને બતાવે છે? ભાઈને (ગૌણ કર્મ).

ત્રીજા વાકયમાં 'પાય છે' એ દ્વિકર્મક ક્રિયાપદ છે. શું પાય છે? પાણી (પ્રધાન કર્મ). કોને પાય છે? ઝાડને (ગૌણ કર્મ).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીરસે છે, બતાવે છે, પાય છે—એ દરેક સકર્મક ક્રિયાપદ છે, પરંતુ તેમને બે કર્મ લાગતાં હોવાથી તે દ્વિકર્મક ક્રિયાપદ કહેવાય છે. આ રીતે જોતાં જે ક્રિયાપદને એક કર્મ લાગે તે એકકર્મક ક્રિયાપદ કહેવાય. તેથી ઉપરનાં 'ગણે છે', 'ખેંચે છે', 'વેચે છે'—એ દરેક એકકર્મક ક્રિયાપદ કહેવાય.

[૪]

આ વાક્યોનાં ક્રિયાપદો તપાસો :—

(૧) નટુ બને છે.	(૧) નટુ સૈનિક બને છે.
(૨) લોકો પટેલને ગણે છે.	(૨) લોકો પટેલને મુખી ગણે છે.

પહેલું વાક્યઃ—નટુ બને છે—આટલું કહેવાથી અર્થ પૂરો સમજાય છે? ના. પ્રશ્ન ઊઠે છે કે શું બને છે? તેથી 'સૈનિક' એ પદ ઉમેરવું પડે છે. કર્તા કોણ છે? નટુ. સૈનિક કોણ બને છે? નટુ. કર્તા અને ક્રિયાની અસર ભોગવનાર એક છે કે જુદા? એક. 'સૈનિક' એ પદ શું કહેવાય? ક્રિયાપૂરક.

'બને છે' એ ક્રિયાપદને કર્મ લાગ્યું છે? ના. તે કેવા પ્રકારનું ક્રિયાપદ કહેવાય? અકર્મક. આ ક્રિયાપદને ઉપરનાં 'હસે છે', 'બળે છે', 'ખીલે છે', એ અકર્મક ક્રિયાપદો સાથે સરખાવો. શો ફેર છે? ઉપરનાં ક્રિયાપદોને ક્રિયાપૂરકની જરૂર પડતી નથી, જ્યારે 'બને છે' એ ક્રિયાપદને ક્રિયાપૂરકની જરૂર પડે છે. આથી ઉપરનાં ક્રિયાપદોને સંપૂર્ણ ક્રિયાવાચક અકર્મક ક્રિયાપદ કહે છે, અને 'બને છે' એ ક્રિયાપદને અપૂર્ણ ક્રિયાવાચક અકર્મક ક્રિયાપદ કહે છે.

બીજું વાક્યઃ—લોકો પટેલને ગણે છે—આટલું કહેવાથી અર્થ પૂરો સમજાય છે? ના. પ્રશ્ન ઊઠે છે કે શું ગણે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી 'મુખી' એ પદ ઉમેરવું પડે છે. કોને મુખી ગણે છે? પટેલને. પટેલ અને મુખી એ બે એક છે કે જુદા? એક. 'પટેલને' એ પદ શું બતાવે છે? ક્રિયાની અસર ભોગવનાર. એને શું કહેવાય? કર્મ. 'મુખી' એ પદ શું બતાવે છે? ક્રિયાની અસર. એને શું કહેવાય? ક્રિયાપૂરક.

આમ 'ગણે છે' એ ક્રિયાપદ દેખાય છે દ્વિકર્મક જેવું; પરંતુ તેનું પ્રધાન કર્મનું પદ ક્રિયાપૂરક છે, તેથી તેને અપૂર્ણ ક્રિયાવાચક સકર્મક ક્રિયાપદ કહે છે. તેમાં 'પટેલને' એ કર્મ છે. અને 'મુખી' એ ક્રિયાપૂરક છે.

[૫]

ઉપરની ચર્ચા ઉપરથી સમજાય છે કે ક્રિયાપદના મુખ્ય બે પ્રકાર છે—સકર્મક અને અકર્મક. જેને કર્મ લાગે તે સકર્મક ક્રિયાપદ અને જેને કર્મ ન લાગે તે અકર્મક ક્રિયાપદ.

સકર્મક ક્રિયાપદના ત્રણ પ્રકાર છે—એક-કર્મક ક્રિયાપદ, દ્વિકર્મક ક્રિયાપદ અને અપૂર્ણ ક્રિયાવાચક સકર્મક ક્રિયાપદ. જેને એક કર્મ લાગે તે એકકર્મક ક્રિયાપદ, જેને બે કર્મ લાગે તે દ્વિકર્મક ક્રિયાપદ અને જેને કર્મ લાગે છતાં જેનો અર્થ પૂરો કરવા ક્રિયાપૂરકનું પદ ઉમેરવું પડે તે અપૂર્ણ ક્રિયાવાચક સકર્મક ક્રિયાપદ.

અકર્મક ક્રિયાપદના બે પ્રકાર છે—સંપૂર્ણ ક્રિયાવાચક અને અપૂર્ણ ક્રિયાવાચક. જેને કર્મ ન લાગે છતાં જેનો અર્થ પૂરો સમજાય તે સંપૂર્ણ ક્રિયાવાચક અકર્મક ક્રિયાપદ, અને જેને કર્મ ન લાગે છતાં જેનો અર્થ પૂરો કરવા ક્રિયાપૂરક ઉમેરવું પડે તે અપૂર્ણ ક્રિયાવાચક અકર્મક ક્રિયાપદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચેની આકૃતિથી ઉપરના પ્રકાર સ્પષ્ટ થશે :—

- ક્રિયાપદ
  - સકર્મક
    - એકકર્મક
    - દ્વિકર્મક
    - અપૂર્ણ ક્રિયાવાચક
  - અકર્મક
    - સંપૂર્ણ ક્રિયાવાચક
    - અપૂર્ણ ક્રિયાવાચક

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોમાંથી ક્રિયાપદો ઓળખો અને તે દરેકનો પ્રકાર કહો :—

(ક) મોહન ભિખારીને પૈસો આપે છે.
(ખ) ચીમનભાઈને અમે વડીલ માનીએ છીએ.
(ગ) ભૂખ્યાંને અન્ન આપો.
(ઘ) મરચાં તીખાં હોય છે.
(ઙ) ગાડી ઊપડે છે.
(ચ) દાદાજી વહેલા ઊઠે છે.
(છ) તમારાં કપડાં ગંદાં છે.
(જ) રામે પોતાનું વચન પાળ્યું.

૨ નીચેનાં ક્રિયાપદો વાક્યમાં વાપરો અને તેમના પ્રકાર કહો :—
બનાવ્યો, લાગે છે, બતાવે છે, ઊડે છે, ગયો, વધે છે, વણે છે.

૩ નીચેનાં વાક્યોમાં ખૂટતાં પદો ઉમેરો અને ઉમેરેલું દરેક પદ ઓળખો:—

(ક) અજવાળિયામાં ચાંદો ——— અને અંધારિયામાં ——— .
(ખ) બીકણ માણસ ——— ને સાપ સમજે છે.
(ગ) ચોમાસામાં ——— ઊગે છે.
(ઘ) તરબૂચ ઉપરથી ——— હોય છે અને અંદરથી ——— હોય છે.

卐

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ઓગણીસમો

ક્રિયાપદના મુખ્ય કાળ

[૧]

આ વાક્યો જુઓ :—

(૧) રમેશ દોડે છે.
(૨) રમેશ દોડ્યો.
(૩) રમેશ દોડશે.

બધાં ક્રિયાપદ એક જ છે કે જુદાં જુદાં ? ક્રિયાપદ એક જ છે, પણ તેનાં રૂપ જુદાં જુદાં છે.

કર્તા એક જ છે કે જુદા જુદા છે ? એક જ.

કર્તા એક જ હોવા છતાં ક્રિયાપદના રૂપમાં ફેર શાથી ?

[૨]

એ જ વાક્યો આ રીતે લખીએ :—

(૧) રમેશ અત્યારે દોડે છે.
(૨) રમેશ અત્યાર પહેલાં દોડ્યો.
(૩) રમેશ અત્યાર પછી દોડશે.

નવો શબ્દ ઉમેરવાથી મૂળ વાક્યના અર્થમાં ફેર પડ્યો ? ના. ત્યારે આ શબ્દોથી શો લાભ થયો ? ક્રિયાપદના અર્થમાં ચોખવટ થઈ.

રમેશ ક્યારે દોડે છે ? અત્યારે. એટલે ? જ્યારે વાત થાય છે તે વખતે.

રમેશ ક્યારે દોડ્યો ? અત્યાર પહેલાં. એટલે ? જ્યારે વાત થાય છે તે વખતે નહિ, પણ તે વખત પહેલાં.

રમેશ ક્યારે દોડશે ? અત્યાર પછી. એટલે ? જ્યારે વાત થાય છે તે વખતે નહિ, તે પહેલાં પણ નહિ, પણ તે વખત પછી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યારે, અત્યારે પહેલાં, અત્યાર પછી — એ શબ્દો શું બતાવે છે ? એ શબ્દો ક્રિયા ક્યારે થઈ તે બતાવે છે.

[૩]

હવે એ શબ્દો વિના મૂળ વાક્યો ફરી વાંચો. દરેક વાક્યમાં ક્રિયા ક્યારે થાય છે તે સમજાય છે ? હા. શા ઉપરથી ? ક્રિયાપદના રૂપ ઉપરથી.

આમ 'દોડે છે', 'દોડ્યો', 'દોડશે'—એ રૂપો ક્રિયા ક્યારે થાય છે તે બતાવે છે. એટલે તે ક્રિયાનો કાળ (સમય, વખત) બતાવે છે.

[૪]

દોડે છે — ક્યારે ? અત્યારે. એટલે જ્યારે વાત થાય છે ત્યારનો કાળ — ચાલુ કાળ. એને **વર્તમાનકાળ** કહે છે.

દોડ્યો—ક્યારે ? અત્યાર પહેલાં. એટલે જ્યારે વાત થાય છે તે અગાઉનો કાળ—થઈ ગયેલો કાળ. એને **ભૂતકાળ** કહે છે.

દોડશે—ક્યારે ? અત્યાર પછી. એટલે જ્યારે વાત થાય છે તે પછીનો કાળ — થવાનો કાળ. એને **ભવિષ્ય કાળ** કહે છે.

આ રીતે ક્રિયાપદના મુખ્ય ત્રણ કાળ ગણાય છે— **વર્તમાનકાળ, ભૂતકાળ, ભવિષ્યકાળ.**

ક્રિયાપદને ક્યારે શબ્દ લગાડી પ્રશ્ન પૂછવાથી જવાબમાં ચાલુ કાળનો અર્થ નીકળે તો **વર્તમાનકાળ**, થઈ ગયેલા કાળનો અર્થ નીકળે તો **ભૂતકાળ**, અને થવાના કાળનો અર્થ નીકળે તો **ભવિષ્યકાળ** પરખાય.

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોમાં ક્રિયાપદો ઓળખો અને તે દરેકનો કાળ કહો :—

(ક) મણિબહેન રૂમાલ ગૂંથે છે.

(ખ) રજાઓમાં અમે ખૂબ રમ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ગ) આ વખતે મને ઇનામ મળશે.
(ઘ) કૌશિક કહે છે, "તું મને પેન આપીશ?"
(ઙ) હું ગયો ત્યારે તે વાંચતો હતો.

૨ નીચેનાં ક્રિયાપદના કાળ માગ્યા પ્રમાણે બદલો :—

(ક) અમે આંગણું વાળીએ છીએ. (ભૂતકાળ બનાવો)
(ખ) તમે તકલી કાંતો છો? (ભવિષ્યકાળ બનાવો)
(ગ) પૂનમ ઉપર અમે દૂધપૌંઆ ખાધા. (વર્તમાનકાળ બનાવો)
(ઘ) ચાર વાગ્યે ઘંટ વાગશે. (ભૂતકાળ બનાવો)
(ઙ) જાદુગર ખેલ કરતો હતો. (ભવિષ્યકાળ બનાવો)
(ચ) કાગડાએ મોરનાં પીછાં પહેર્યાં. (વર્તમાનકાળ બનાવો)

૩ નીચેનાં વાક્યોમાં ક્રિયાપદો મૂકો અને તેમના કાળ ઓળખો :—

(ક) તે દિવસે લોકોએ બહુ ધાંધલ_____.
(ખ) શેરીમાં છોકરા લખોટીઓ_____.
(ગ) કાલે ટપાલ_____ ત્યારે સમાચાર_____.
(ઘ) કોને ખબર_____ કે સૂરજ મોડો_____?

卐

પાઠ વીસમો

અવ્યય

[૧]

નીચેનાં વાક્યોમાંથી નામ, સર્વનામ, વિશેષણ અને ક્રિયાપદ ઓળખો :—

(૧) હું હમણાં મોટો ખટારો લાવ્યો.
(૨) અમે હમણાં મોટા ખટારા લાવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) તું **હમણાં** મોટી ગાડી લાવી.

(૪) તમે **હમણાં** મોટી ગાડીઓ લાવ્યાં.

(૫) તે **હમણાં** મોટું ગાડું લાવ્યો.

(૬) તેઓ **હમણાં** મોટાં ગાડાં લાવ્યા.

નામ : ખટારો, ખટારા, ગાડી, ગાડીઓ, ગાડું, ગાડાં.

સર્વનામ : હું, અમે, તું, તમે, તે, તેઓ.

વિશેષણ : મોટો, મોટા, મોટી, મોટી, મોટું, મોટાં.

ક્રિયાપદ : લાવ્યો, લાવ્યાં, લાવી, લાવ્યા, લાવ્યો, લાવ્યા.

કયું પદ બાકી રહ્યું? **હમણાં.** બધાં પદોનાં રૂપ બદલાયાં છે, પણ 'હમણાં' એ પદનું રૂપ બદલાયું નથી.

નામ, સર્વનામ, વિશેષણ અને ક્રિયાપદ—એ દરેક પદનું રૂપ બદલાય છે. એ પદોને વ્યયી પદો કહે છે. ('વ્યય' એટલે ફેરફાર.) જે પદનું રૂપ બદલાતું નથી તે પદને અવ્યય કહે છે. 'હમણાં' એ પદ અવ્યય છે.

[૨]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો ઓળખો :—

(૧) કાકાએ **સફેદ** ડગલો પહેર્યો છે.

(૨) કુમુદે **સફેદ** સાડી પહેરી છે.

(૩) કાન્તિએ **સફેદ** ધોતિયું પહેર્યું છે.

'સફેદ' એ પદ વિશેષણ છે, કેમ કે તે 'ડગલો', 'સાડી', 'ધોતિયું'—એ નામોનો ગુણ બતાવે છે. એના રૂપમાં ફેરફાર થાય છે? ના. એને અવ્યય કહેવાય કે નહિ? ના કહેવાય. ત્યારે એ શું કહેવાય? અવિકારી વિશેષણ.

આમ અવિકારી વિશેષણને અવ્યય કહેવાય નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

નીચેનાં વાક્યોમાં અવ્યયો શું કામ કરે છે તે વિચારો:—

(૧) હાલ કાપડ સસ્તું છે.	ક્યારે? હાલ. વખત બતાવે છે.
(૨) તમે ઝટ નીકળો.	કેવી રીતે? ઝટ. રીત બતાવે છે.
(૩) ચોપડી પાછળ મૂકો.	ક્યાં? પાછળ. સ્થળ બતાવે છે.
(૪) જૂઠું બોલશો નહિ.	નકાર બતાવે છે.
(૫) હા, એ લાવો.	હકાર બતાવે છે.
(૬) એ તો હું છું.	ભાર બતાવે છે.
(૭) શું તમે જ છો?	ભાર બતાવે છે.

ઉપરના દરેક અવ્યયને ક્રિયાપદ સાથે સંબંધ છે. તે ક્રિયા ક્યારે, ક્યાં, કેવી રીતે થઈ, વગેરે બતાવે છે. આવાં પદોને શું કહે છે? ક્રિયાવિશેષણ અવ્યય. (જુઓ પાઠ તેરમો).

ઉપરનું દરેક અવ્યય ક્રિયાવિશેષણ અવ્યય છે. આમ કેટલાંક અવ્યયો ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે.

[૪]

નીચેનાં વાક્યોમાં વપરાયેલાં અવ્યયો તપાસો :—

(૧) ઘર પાછળ કૂવો છે.
(૨) છાપરા ઉપર મોર છે.
(૩) ઉંદર દર તરફ દોડ્યો.
(૪) તેઓ સાથે પિતાજી જાય છે.
(૫) બચુ માટે ચોપડી લાવજો.
(૬) હું કલમ વડે લખું છું.
(૭) તે વિના ચાલશે.

કૂવો ક્યાં છે? ઘર પાછળ. મોર ક્યાં છે? છાપરા ઉપર. ઉંદર ક્યાં દોડ્યો? દર તરફ. કોની સાથે? તેઓ સાથે....વગેરે.

પાછળ, ઉપર, તરફ, સાથે, માટે, વડે, વિના—એ અવ્યયો એવાં છે કે તે નામ અથવા સર્વનામ સાથે વપરાય છે. નામ કે સર્વનામ વિના એ અવ્યયો વાપરી શકાતાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવાં અવ્યયોને નામયોગી અવ્યય કહે છે.

ઉપરનું દરેક અવ્યય નામયોગી અવ્યય છે.

ક્રિયાવિશેષણ અવ્યય ક્રિયાપદ સાથે વપરાય, નામયોગી અવ્યય નામ કે સર્વનામ સાથે વપરાય. ક્રિયાવિશેષણ અવ્યય ક્રિયાપદ પહેલાં આવે, નામયોગી અવ્યય નામ કે સર્વનામ પછી આવે.

આમ કેટલાંક અવ્યયો નામ કે સર્વનામ પછી વપરાય છે.

[૫]

નીચેનાં વાક્યોમાં વપરાયેલાં અવ્યયો તપાસો:—

(૧) રામ અને લક્ષ્મણ ભાઈ હતા.
(૨) ચંદુ તથા ચીમન પતંગ ચગાવે છે.
(૩) નારંગી મોટી પણ ખાટી છે.
(૪) ખાંડ અથવા ગોળ ગમે તે ચાલશે.
(૫) શિક્ષકે કહ્યું કે આજે રજા પડશે.
(૬) વરસાદ પડે છે, માટે છત્રી ઉઘાડો.
(૭) જો સાચું બોલશો તો સુખી થશો.
(૮) જ્યારે તાર આવ્યો ત્યારે જાણ્યું કે તે માંદો છે.

અને, તથા, પણ, અથવા—એ અવ્યયો બે નામ કે વિશેષણને જોડે છે. કે, માટે, જો–તો, જ્યારે–ત્યારે—એ અવ્યયો બે વાક્યોને જોડે છે.

આમ કેટલાંક અવ્યયો કોઈ પણ બે પદ કે વાક્યને જોડે છે. એવાં અવ્યયોને ઉભયાન્વયી અવ્યય કહે છે.

[૬]

આ વાક્યોમાં વપરાયેલાં અવ્યયો તપાસો :—

(૧) વાહ! કેવું સરસ ગીત છે! (વખાણ બતાવે છે.)
(૨) અરેરે! સતવાદીની આ દશા! (દિલગીરી બતાવે છે.)

गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) અહો! દેખાવ ભવ્ય છે! (નવાઈ બતાવે છે.)
(૪) છટ! એવું કોણ ખાય! (ધિક્કાર બતાવે છે.)
(૫) શાબાશ! છોકરો બહાદુર છે! (વખાણ બતાવે છે.)

વાહ, અરેરે, અહો, છટ, શાબાશ—એ દરેક અવ્યય કંઈક લાગણી બતાવે છે. તે દરેક વાક્યથી છૂટું છે. તે ન હોય તો ચાલી શકે. આવાં અવ્યયને **કેવળપ્રયોગી અવ્યય** કહે છે.

આમ કેટલાંક અવ્યય માત્ર લાગણી બતાવવા વપરાય છે. તેમને વાક્યનાં બીજાં પદ સાથે કંઈ સંબંધ હોતો નથી.

આ રીતે અવ્યય ચાર પ્રકારનાં છે—**ક્રિયાવિશેષણ, નામયોગી, ઉભયાન્વયી અને કેવળપ્રયોગી.**

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોમાંથી અવ્યયો ઓળખો :—

(ક) તે હમેશ સાચું બોલે છે.
(ખ) તમે તરત અંદર જાઓ.
(ગ) પહેલાં તે બહાર હતો, પછી અંદર ગયો.
(ઘ) જોડા અહીં ઉતારવા.
(ઙ) વિમાન નીચે ઊતર્યું.
(ચ) ત્યાં જશો નહિ.
(છ) તમે તો જબરા જણાઓ છો.
(જ) આપણે સ્ટેશન સુધી ચાલતા જઈશું.

૨ નીચેનાં અવ્યયો વાપરી વાક્યો બનાવો :—

પણ, અથવા, વિના, વચ્ચે, તો.

૩ નામયોગી અવ્યયો વાપરી પાંચ વાક્યો બનાવો.

૪ નીચેનાં વાક્યોમાંથી ઉભયાન્વયી અવ્યયો ઓળખો :—

(ક) ગાડી આવી, એટલે મુસાફરો ઊભા થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ખ) ઉનાળો લંબાયો, તેથી પાણીની તંગી થઈ.
(ગ) તેને ઠોકર લાગી, કેમ કે તે ઊંચું જોઈને ચાલતો હતો.
(ઘ) નાનુ ઘેર ગયો છે, કારણ કે તેની મા માંદી છે.
(ઙ) મેં તેને બોલાવ્યો, તો પણ તે આવ્યો નહિ.

૫ ખાલી જગામાં અવ્યયો મૂકી વાક્યો પૂરાં કરો :

(ક) કનુ ______ કાન્તિ બોલે.
(ખ) બહેન ______ રૂમાલ મોકલજો.
(ગ) મહિના ______ શાળા ઊઘડશે.
(ઘ) તે ઊંચો છે, ______ પાતળો ______ રોગીલો છે.
(ઙ) એક કામ પૂરું કર્યા ______ બીજું લેવું નહિ.

*

પાઠ એકવીસમો

પદોની ગોઠવણ

[૧]

નીચેનાં વાક્યોમાં પદો કેવે ક્રમે ગોઠવાયાં છે તે તપાસો:—

(૧) દેડકો કૂદે છે.
(૨) ગિરીશભાઈ કવિતા લખે છે.
(૩) મોહન મગનને ચોપડી આપે છે.
(૪) બગલો ધોળો હોય છે.
(૫) રતન શીશી સાફ કરે છે.

આપણે જાણીએ છીએ કે વાક્યમાં ક્રિયાપદ અને કર્તા એ બે પદ મુખ્ય છે. એ બે પદ ન હોય તો વાક્ય બને નહિ.

ઉપરનાં વાક્યોમાં ક્રિયાપદનો ક્રમ કયો છે? છેલ્લો. કર્તાનો? પહેલો. કર્મનો? કર્તા પછી અને ક્રિયાપદ પહેલાં. પ્રધાન કર્મ ક્રિયાપદની પહેલાં છે, અને ગૌણ કર્મ પ્રધાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્મની પહેલાં છે. ક્રિયાપૂરકનો ક્રમ કયો છે? ક્રિયાપદની પહેલાં (પ્રધાન કર્મને સ્થાને).

આ ઉપરથી સમજાય છે કે વાક્યમાં પદો સામાન્ય રીતે આ ક્રમે ગોઠવાય છે:—

(૧) કર્તા, ક્રિયાપદ.
(૨) કર્તા, કર્મ (કે ક્રિયાપૂરક), ક્રિયાપદ.
(૩) કર્તા, ગૌણ કર્મ, પ્રધાન કર્મ (કે ક્રિયાપૂરક), ક્રિયાપદ.

[૨]

હવે આ વાક્યોનાં પદોનો ક્રમ તપાસો:—

(૧) મોટો દેડકો **આમતેમ** કૂદે છે.
(૨) પેલા ગિરીશભાઈ **હાલ** સુંદર કવિતા લખે છે.
(૩) મોહન મગનને રોજ નવી ચોપડી વાંચવા આપે છે.
(૪) બગલો ઘણો ધોળો હોય છે,
(૫) હવે રતન ગંદી શીશી સાફ કરે છે.

શરૂઆતનાં વાક્યોમાં કેટલાંક પદો ઉમેરીને આ વાક્યો બનાવેલાં છે. આ નવાં પદો ઓળખીએ:—

મોટો, પેલા, સુંદર, નવી, ઘણો, ગંદી—આ દરેક પદ વિશેષણ છે. તે દરેક પોતાના વિશેષ્યની પહેલાં આવેલું છે.

આમતેમ, હાલ, રોજ, વાંચવા, હવે—આ દરેક પદ ક્રિયાવિશેષણ અવ્યય છે. તે દરેક ક્રિયાપદની પહેલાં આવેલું છે.

'આમતેમ' અને 'વાંચવા'—એ દરેક પદ ક્રિયાપદની તદ્દન નજીક છે. 'હાલ' અને 'રોજ'—એ દરેક પદ કર્મના વિશેષણની નજીક છે. 'હવે'—એ પદ વાક્યની શરૂઆતમાં છે.

આ ઉપરથી સમજાય છે કે કર્તા, કર્મ (કે ક્રિયાપૂરક) અને ક્રિયાપદ—એ પદોના અર્થમાં વધારો કરનારાં પદો સામાન્ય રીતે જે તે પદની પહેલાં આવે છે. પરંતુ ક્રિયાવિશેષણનું પદ વાક્યમાં ગમે તે સ્થળે આવી શકે છે. આમ છતાં ક્રિયાપદને લગતાં તમામ પદો સામાન્ય રીતે ક્રિયાપદ પહેલાં ગોઠવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

નીચેનાં વાક્યોનાં પદોનો ક્રમ તપાસોઃ—

(૧) એક હતો રાજા. તેનું નામ અભેસિંહ.
(૨) એવામાં આવ્યો વરસાદ.
(૩) અહીં તહીં દીસે બહુ દોડતાં અભ્ર કાળાં.
(૪) સકળ જન કહે એ વૃષ્ટિના થાય ચાળા.

બધાં વાક્યોમાં ક્રિયાપદ વાક્યની અંદર ગમે તે સ્થળે આવેલું છે. છતાં અર્થ સમજાય છે. લેખકો અને કવિઓ ઘણી વાર આવી ભાષા વાપરે છે.

સાદી રીતે ગોઠવીએ તો એ વાક્યો આમ વંચાયઃ—

(૧) એક રાજા હતો. તેનું નામ અભેસિંહ હતું.
(૨) એવામાં વરસાદ આવ્યો.
(૩) બહુ કાળાં અભ્ર અહીં તહીં દોડતાં દીસે (છે).

અથવા

કાળાં અભ્ર અહીં તહીં બહુ દોડતાં દીસે (છે).

(૪) સકળ જન કહે (છે), એ વૃષ્ટિના ચાળા થાય (છે).

આમ પદોને સાદી રીતે ગોઠવવાથી અર્થ સહેલાઈથી સમજાય છે અને કયું પદ કર્તા, કર્મ, ક્રિયાપૂરક, ક્રિયાવિશેષણ કે ક્રિયાપદ છે તે પણ ઓળખાય છે. ખાસ કરીને કવિતા સમજવામાં આ રીતથી મદદ થાય છે.

[૪]

વાક્યનાં પદોની આવી ગોઠવણને **પદોનો અન્વય** કહે છે. પદોનો અન્વય એટલે પદોનો વ્યાકરણના નિયમ પ્રમાણેનો ક્રમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ શબ્દ અને પદ એ બેમાં શો તફાવત છે ? મુખ્ય પદો ગણાવો.

૨ મુખ્ય પદો દર્શાવતો એક કોઠો દોરો અને તેમાં દરેક પદના પ્રકાર લખો. (કૃદંતને ક્રિયાપદના ખાનામાં મૂકવું.)

૩ નીચેનાં વાક્યોનાં પદોને સાદી રીતે ગોઠવો :—

(ક) એમ કરતાં આવી દિવાળી.
(ખ) આવશે એ તો રખડતો રખડતો.
(ગ) જોયા ના હોય તો મોટા પંડિત !
(ઘ) વૃદ્ધ માતા અને તાત તાપે છે સગડી કરી.
(ઙ) ત્યાં ધૂળ દૂર નજરે ઊડતી પડે છે.

૪ નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ, કૃદંત અને અવ્યય— એટલાં પદો બતાવતો કોઠો દોરો અને પ્રશ્ન **૩**નાં વાક્યોનાં પદો તે કોઠામાં ગોઠવો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખન

*

પાઠ પહેલો

ચિત્રવર્ણન

[આપણે જે જોઈએ તેનો સાચો ને પૂરો ખ્યાલ બીજાંને આપતાં આપણને આવડવું જોઈએ. જે વસ્તુ, દેખાવ, પ્રસંગ કે ચિત્રનું વર્ણન કરવાનું હોય તેનો આપણે પહેલાં ઝીણવટથી અભ્યાસ કરવો જોઈએ. એમાંની મુખ્ય વિગતો રીતસર ગોઠવી એને રજૂ કરવી. કોઈ પણ નોંધવા જેવી હકીકત રહી ન જાય એ બાબત પર ખાસ ધ્યાન રાખવું. માત્ર આપણે કરેલું વર્ણન વાંચવાથી, પ્રસંગ કે ચિત્ર જોયા વગર, બીજાને તેનો સાચો, વિગતવાર ને આબેહૂબ ખ્યાલ આવે તો જ આપણું એ પ્રસંગ કે ચિત્રનું વર્ણન સફળ થયું ગણાય. સારું અને સચોટ વર્ણન કરવાની પણ કળા છે અને એ કળા લખવાવાંચવાના મહાવરાથી કેળવી શકાય છે.]

૧ સામે આપેલું ચિત્ર જુઓ અને નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો :—

(ક) આ ચિત્ર કઈ જગ્યાનું છે ?
(ખ) ચિત્રમાં કઈ કઈ જાતની દુકાનો દેખાય છે ?
(ગ) શાકવાળી શું કરે છે ? એની સામે કોણ ઊભું છે ? દુકાનમાં ક્યાં ક્યાં શાક દેખાય છે ?
(ઘ) છોકરો કોની દુકાને ઊભો છે ? એ શું ખરીદે છે ?
(ઙ) રસ્તામાં શું શું છે ?
(ચ) ફળવાળાની દુકાને ક્યાં ક્યાં ફળો છે ?
(છ) મીઠાઈવાળાની દુકાને કોણ કોણ છે ? તે શું કરે છે ?
(જ) કંસારાની દુકાનમાં શું શું છે ?

૨ સામેના ચિત્રનું દશ–બાર લીટીમાં વર્ણન કરો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ બીજો

પત્રલેખન

[આપણે કાંઈ કહેવું હોય કે માગવું હોય ત્યારે આપણે વાત કરીએ છીએ; પણ જેને કાંઈ કહેવાનું હોય કે જેની પાસે કાંઈ માગવાનું હોય તે વ્યક્તિ આપણી પાસે ન હોય કે બીજે ગામ હોય તો આપણે શું કરીએ? ચિઠ્ઠી કે પત્ર લખી આપણે આપણા વિચારો કે માગણી તેની પાસે રજૂ કરી શકીએ. આપણા દરરોજના જીવનમાં આ રીતે ચિઠ્ઠી કે પત્ર મોકલવાના પ્રસંગો ઘણી વાર આવે છે.

જેને લખતાં આવડતું હોય તે દરેક આવી ચિઠ્ઠી કે પત્ર લખી તો શકે; પણ દરેક જણ તે સારી રીતે લખી શકે નહિ. સારો પત્ર લખવો એ પણ એક જાતની કળા છે. તે કળા મહાવરાથી કેળવી શકાય છે.

જેને આપણે કાગળ લખતા હોઈએ તે વ્યક્તિ આપણી સાથે હોય અને આપણે તેની સાથે વાતચીત કરતા હોઈએ, એવી ભાષા અને ઢબમાં પત્ર લખવો જોઈએ. આપણા વિચારો મનમાં બરાબર ગોઠવી, ટૂંકાણમાં અને સ્પષ્ટ રીતે; સાદી અને શુદ્ધ ભાષામાં તે પત્રમાં દર્શાવવા જોઈએ. અશુદ્ધ કે આડંબરી ભાષા, ખોટી હકીકત, એકની એક વાત ફરી ફરી કહેવાની રીત અને વધારે પડતો વિવેક, એ પત્રમાં શોભતાં નથી.

પત્ર લખવાની પણ ઢબ હોય છે. લખનારે પોતાનું સરનામું ક્યાં અને કેવી રીતે લખવું, જેને પત્ર લખવાનો હોય તેને કેવી રીતે સંબોધન કરવું, અને પત્રનો અંત કેમ કરવો એ પત્રલેખનમાં અગત્યની બાબતો છે. આ પુસ્તકમાં આપેલા જુદા જુદા પત્રો તમે ધ્યાનપૂર્વક જોશો, અને પત્ર લખવાનો મહાવરો કેળવશો તો તમે જરૂર સારા પત્રો લખી શકશો.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્રનો નમૂનો

અહીં એક પત્ર અને સરનામાનો નમૂનો આપ્યો છે. તે ધ્યાનથી વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો :—

અવિધા (અંકલેશ્વર થઈને)
તા. ૨૭-૧૨-૧૯૫૫.

વહાલા બાપાજી, બા તથા ઉષાબહેન,

હું અહીં મઝામાં છું. અહીંનાં હવાપાણી સરસ છે. હું તમને બધાંને બહુ યાદ કરું છું. બા તું મારી જરા પણ ચિંતા કરીશ નહિ.

અહીં બિલકુલ ચાંચડ નથી. અહીંના કરતાં તો વિદ્યામંદિરમાં વધારે ચાંચડ હશે. અહીં તો જરા પણ ઠંડી પડતી નથી એટલે ગરમ કપડાં પહેરવાની જરૂર લાગતી નથી. આજે હું છગનકાકાની ઘોડી પર નર્મદા કાંઠે જઈ આવી. મને બહુ મઝા પડી.

ગઈ કાલે અમે સુભદ્રાકાકીને ત્યાં જમી આવ્યાં. ફોઈ તથા ફુઆ મઝામાં છે. તેઓ તમને બધાંને ખૂબ યાદ કરે છે. અરવિંદ પણ મઝામાં છે.

ઉમાબહેનને મારા પ્રણામ કહેશો.

લિ.

ઈલાના પ્રણામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સ્વાધ્યાય

૧ ૭૭મા પાના પર આપેલો પત્ર જોઈને નીચેના સવાલોના જવાબ આપો :—

(ક) ઈલાએ કયા ગામથી પત્ર લખ્યો છે ?

(ખ) ઈલાએ કઈ તારીખે પત્ર લખ્યો છે ?

(ગ) ઈલાએ કોના પર પત્ર લખ્યો છે ?

(ઘ) ઈલાએ પરબીડિયા પર કોનું સરનામું કર્યું છે ?

૨ પરબીડિયાનો આકાર પાડી તેના પર તમારા મિત્રનું સરનામું લખો.

૩ તમારી વર્ષગાંઠને દિવસે તમારા મિત્રને તમારે ઘેર જમવા બોલાવવાનો એક પત્ર લખો. પત્રને છેડે સરનામું લખવું.

૪ સારો પત્ર લખવા માટે શું ધ્યાનમાં રાખવું જોઈએ ?

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ત્રીજો

વાર્તાલેખન

નીચે એક વાર્તાના મુદ્દા આપ્યા છે. એ મુદ્દાઓ પરથી રચાયેલી વાર્તા નીચે આપી છે. તે ધ્યાનપૂર્વક વાંચો.

જયપુરનો રાજા અમરસિંહ—રાજાનો માનીતો વિશ્વાસુ દીવાન—બીજા દરબારી—એની અદેખાઈ—દરબારીઓએ રાજાના કાન ભંભેર્યા—દીવાન બરતરફ—વેશપલટો કરી દીવાન રાજાના નોકર તરીકે રહ્યો—દરબારીઓએ રચેલું રાજાના ખૂનનું કાવતરું—નોકરની રાજાને ચેતવણી—દરબારીઓને સજા અને દીવાનને મોટું ઈનામ.

વફાદાર દીવાન

ઘણાં વર્ષો પહેલાં જયપુરમાં અમરસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો. અમરસિંહને તેના દીવાન પર સંપૂર્ણ વિશ્વાસ હતો. આખા રાજ્યમાં દીવાન રાજાનો સૌથી માનીતો માણસ હતો. દીવાન પર રાજાની ખૂબ મહેરબાની હતી, તેથી બીજા દરબારીઓ તેની અદેખાઈ કરતા. એક વખત એક કારભારીએ દીવાન સામે એક બનાવટી ફરિયાદ કરી. ત્યાર પછી રોજ ને રોજ બધા દરબારીઓ દીવાનની વિરુદ્ધ રાજાના કાન ભંભેરવા લાગ્યા. વખત જતાં રાજાને દીવાન માટે અણગમો થયો ને તેના તરફ તે શંકાની નજરે જોવા લાગ્યો. છેવટે એક દિવસ રાજાએ દીવાનને પોતાની નોકરીમાંથી બરતરફ કર્યો.

દીવાન તરત જ જયપુર છોડીને જતો રહ્યો. પણ ત્રણેક મહિના પછી તે વેશપલટો કરી પાછો જયપુર આવ્યો. તે રાજાના નોકર તરીકે રહ્યો અને રાજાની નોકરી કરવા લાગ્યો. પોતાના રાજાની સેવા કરવી એને તે પોતાનો ધર્મ સમજતો હતો. બીજા દરબારીઓની વાત પર તે બરાબર ધ્યાન આપતો અને તેમની હિલચાલ પર છૂપી રીતે નજર રાખતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરબારીઓ રાજાને મોઢે તેનું સારું બોલતા, પણ તેની પીઠ પાછળ ભૂંડું બોલતા; અને તેનું કાસળ કાઢવાના પ્રયાસ કરતા હતા. એક દિવસ બધા કપટી દરબારીઓ ભેગા મળ્યા. તેમણે રાજાનું ખૂન કરવાનો નિર્ણય કર્યો. રાજાને મારી નાખવાની બાજી બરાબર ગોઠવાઈ ગઈ હતી, પણ રાજાના નોકરને આ વાતની ખબર હતી. તેણે છૂપી રીતે બધી બાતમી મેળવી લીધી અને રાજાને આ કાવતરાની ચેતવણી આપી. હવે રાજાના મહેલની ચોતરફ છૂપા વેશમાં સૈનિકો ગોઠવી દેવામાં આવ્યા. રાત્રે જ્યારે કપટી દરબારીઓ રાજાનું ખૂન કરવા આવ્યા ત્યારે તેમને પકડી લેવામાં આવ્યા.

બીજે દિવસે નોકરે બધી વાત રાજા પાસે રજૂ કરી. તેણે વેશપલટો દૂર કર્યો, ત્યારે રાજાને ખબર પડી કે નોકર તરીકે સેવા કરનાર તો તેનો વફાદાર દીવાન જ હતો. રાજાને પોતાની ભૂલ સમજાઈ અને તેણે દીવાનની માફી માગી. રાજાએ પેલા લુચ્ચા દરબારીઓને દેશનિકાલ કર્યા. દીવાનને તેનું દીવાનપદ પાછું સોંપ્યું અને મોટી જાગીર ઇનામમાં આપી.

સ્વાધ્યાય

૧ (ક) આ વાર્તામાં મુખ્ય પાત્રો ક્યાં ?
(ખ) દીવાનને રાજાએ શા માટે બરતરફ કર્યો ?
(ગ) રાજાને દીવાનની વફાદારીની ખાતરી ક્યારે અને કેવી રીતે થઈ?

૨ નીચેના શબ્દપ્રયોગ સમજાવો અને વાક્યોમાં તેમનો ઉપયોગ કરો :—
કાસળ કાઢવું; નજર રાખવી; કાન ભંભેરવા; અણગમો થવો; બરતરફ કરવો; વફાદાર; દેશનિકાલ.

૩ આ વાર્તામાં કાંઈ બોધ સમાયેલો છે ખરો ? ત્રણચાર લીટીમાં આ વાર્તાનો બોધ દર્શાવો.

૪ નોકરની વફાદારી દર્શાવતી બીજી કોઈ વાર્તા તમને આવડે છે ? આવડતી હોય તો તે વાર્તા ટૂંકમાં લખો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ચોથો

નિબંધલેખન

બિલાડી



બિલાડીના શરીર પર સુંવાળા વાળ હોય છે. ઠંડા દેશોમાં બિલાડીના શરીર પર ઘણા લાંબા ને રેશમ જેવા સુંવાળા વાળ હોય છે. બિલાડી જુદા જુદા રંગની હોય છે. કેટલીક કાળી ને કેટલીક ધોળી હોય છે. વળી કેટલીક ચટાપટાવાળી અને કેટલીક આસમાની રંગની પણ હોય છે. બિલાડી કૂતરા જેવી બુદ્ધિવાળી કે વફાદાર નથી હોતી. છતાં એના દેખાવ અને સુંવાળા વાળને લીધે ઘણા લોકો એને પાળે છે. કેટલાક ઉંદરથી બચવા માટે પણ બિલાડી પાળે છે.

બિલાડીને પગે પોચી ગાદી હોય છે. તેથી જ્યારે તે ચાલે કે દોડે છે ત્યારે અવાજ થતો નથી. આ રીતે એના પગ નીચેની ગાદી એને શિકાર કરવામાં ખૂબ ઉપયોગી થઈ પડે છે. બિલાડીના પંજામાં તીણા નહોર હોય છે. શિકાર કરતી વખતે બિલાડી એ નહોર બહાર કાઢે છે અને શિકારને પકડવામાં ને તેને મારી નાખવામાં તેનો ઉપયોગ કરે છે.

બિલાડીને ઉંદર બહુ ભાવે છે. જ્યાં ઉંદરોની વસ્તી વિશેષ હોય ત્યાં બિલાડી હોય જ. બિલાડીને દૂધ પણ બહુ ભાવે છે. આ ઉપરાંત માંસ, માછલી, રોટલી, ભાત વગેરે પણ તે ખાય છે.

બિલાડીની આંખોની રચના એવી કરવામાં આવી છે કે તે રાતે ચોખ્ખું જોઈ શકે. એટલે બિલાડી રાતે જ શિકાર શોધવા નીકળે છે. આપણે અંધારામાં બિલાડીની આંખો જોઈએ તો તે બે ગોળ ચળકતા લખોટા જેવી દેખાય છે. બિલાડી ઝાડ પર પણ ચડી શકે છે. ઘણી વાર તે ઝાડ પરના પક્ષીઓના માળામાંથી નાનાં બચ્ચાં અને ઈંડાં ખાઈ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિલાડીનાં બચ્ચાં ઘણાં રમતિયાળ હોય છે. નાનાં બચ્ચાંને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જતી વખતે બિલાડી તેમને મોંમાં રાખીને લઈ જાય છે. પણ બચ્ચાંને જરાયે ઈજા થતી નથી. બચ્ચાં નાનાં હોય છે ત્યારે તેમને દુશ્મનથી બચાવવા બિલાડી તેમને જુદી જુદી જગ્યાએ ફેરવ્યા કરે છે.

ઉંદર આપણને ખૂબ હેરાન કરે છે. તે ઘરમાં નુકસાન કરે છે તેમ જ પ્લેગ જેવા ભયંકર રોગોનો પણ ફેલાવો કરે છે. એ ઉંદરોનો નાશ કરવાનું કામ બિલાડી કરે છે. એ રીતે બિલાડી આપણને ઘણી ઉપયોગી છે.

સ્વાધ્યાય

૧. નીચેના પ્રશ્નોના જવાબ આપો :—

(ક) બિલાડીની જાતનાં બીજાં પ્રાણીઓનાં નામ ગણાવો.
(ખ) બિલાડી અંધારી રાતે કેવી રીતે શિકાર પકડી શકે છે?
(ગ) લોકો બિલાડી શા માટે પાળે છે? બિલાડી માણસને કેવી રીતે ઉપયોગી થઈ પડે છે?

૨. નીચેના મુદ્દાઓ પરથી **'ગાય'** ઉપર ત્રણચાર ફકરા લખો :—

(क) ગાયનો દેખાવ-કદ—એનાં શિંગડાં-કાન, પગની ખરી.
(ख) સ્વભાવ—ગરીબ, એટલે લોકો પાળે છે. બચ્ચાં પ્રત્યે પ્રેમાળ, ભેંસ જેવી મારકણી નહિ.
(ग) ઉપયોગ—દૂધ અને દૂધમાંથી બનતી વસ્તુઓ; માણસનો મુખ્ય ખોરાક. ગાયના વાછરડા મોટા થાય ત્યારે બળદ—ખેતીમાં ઉપયોગી.
(घ) ગાયના છાણનો ઉપયોગ—લીંપણ, બળતણ અને ખાતર.
(ङ) આટલી બધી ઉપયોગી એટલે ગાયમાતા કહેવાય. લોકો પૂજે છે.

૩. નીચે આપેલા વિષયો પૈકી ગમે તે એક પર ત્રણચાર ફકરા લખો :—
ઉંદર; વાઘ; કૂતરો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ પાંચમો

શાળાની નોંધપોથીનું એક પાનું

સોમવાર : એપ્રિલ ૧૦, ૧૯૫૦

૧	ગુજરાતી	:	વાચનમાળાનો પાંચમો પાઠ વાંચવો. અઘરા શબ્દોની નોંધ કરવી. સ્વાધ્યાયના બે પ્રશ્નોના ઉત્તર તૈયાર કરવા.
૨	ગણિત	:	મનોયત્ન ૧૫ : દાખલા ૧૨ અને ૧૪ ગણવા.
૩	વિજ્ઞાન	:	પાઠ ૯મો–કોલસો અને તેના જુદા જુદા ઉપયોગ વિશે વાંચી જવું. વિજ્ઞાનની નોટબૂક લઈ જવી.
૪	ઇતિહાસ	:	સમ્રાટ ચંદ્રગુપ્ત અને ચાણક્ય વિશે વાંચી જવું.
૫	હસ્તકળા	:	લાલ, લીલો અને પીળો કાગળ—ફૂલ બનાવવા લઈ જવા.
૬–૭	ચિત્રકળા	:	પતંગ ચગાવતા છોકરાઓનું ચિત્ર દોરવા માટે રંગની ડબ્બી, પેનસિલ અને રબર લઈ જવાં.

નોંધ:—ચાલુ માસની ફી લઈ જવી. રજિસ્ટરમાં વાલીની સહી કરાવવી. સ્કાઉટ વર્ગ માટે જાડી દોરી લઈ જવી.

સ્વાધ્યાય

૧ ઉપર પ્રમાણે મંગળવારની નોંધપોથીનું એક પાનું તમારા વર્ગના સમયપત્રકને ધ્યાનમાં રાખી તૈયાર કરો.

૨ તમે શાળામાંથી પર્યટને ગયા હો એવા એક દિવસની નોંધ ટૂંકમાં લખો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ છઠ્ઠો

અભિનંદનપત્ર

૪-૧૮, આનંદ ભવન,
વિઠ્ઠલભાઈ પટેલ રોડ,
મુંબઈ ૪,
તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૫૦

પ્રિય અશોક,

હમણાં તારો પત્ર નથી. ગઈ કાલે રમેશે વાત કરી કે તું વાર્ષિક પરીક્ષામાં પહેલે નંબરે પાસ થયો. એ બદલ હું તને અભિનંદન આપું છું.

આ વર્ષે તો તું એક મહિનો માંદો રહ્યો હતો. એટલે મને ભય હતો કે હમેશનો પહેલો નંબર તું કદાચ ગુમાવશે. પણ તેં તો તારું પાણી બતાવી આપ્યું. ગણિતમાં તને પૂરેપૂરા ૧૦૦ ગુણ મળ્યા, એ જાણીને મને ખૂબ આનંદ થયો.

મને આશા છે કે હવે તું પત્ર લખવામાં વિશેષ નિયમિત થશે. પરીક્ષા આવે એટલે કાંઈ મિત્રોને ભૂલી જવાય ?

તારાં પૂજ્ય માતાપિતાને મારા પ્રણામ. જયંત મને યાદ કરે છે કે ભૂલી ગયો ?

લિ૦
પ્રભાતનાં સ્મરણ

સ્વાધ્યાય

૧. તમારા મિત્રની વર્ષગાંઠને પ્રસંગે અભિનંદનનો પત્ર લખો.
૨. તમારી પરીક્ષાનું પરિણામ જણાવતો એક પત્ર તમારા પિતાને લખો.
૩. તમારો મિત્ર માંદો છે. તેની ખબર પુછાવવા એક પત્ર લખો.
૪. કાગળ કાપી એક પરબીડિયું બનાવો ને તેના પર સરનામું કરો.
૫. પોસ્ટ કાર્ડ અને પરબીડિયાના ટપાલના દર વિશે માહિતી એકઠી કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ સાતમો

મારું ગામ

મારા ગામનું નામ હરિયા છે. રેલવે સ્ટેશનથી તે ત્રણ માઈલ દૂર છે. ગામની પાસેથી નદી વહે છે. અમારું ગામ એક નમૂનેદાર ગામ છે. તેની સ્વચ્છતા, ઘરોની બાંધણી, અને લોકોનો સંપ અને પ્રેમભર્યો સંબંધ જોઈ સૌ કોઈ અમારા ગામનાં વખાણ કરે છે.

સ્ટેશનથી અમારા ગામ સુધી જવા માટે પાકી સડક બાંધેલી છે. રસ્તાની બંને બાજુએ ઝાડો રોપેલાં છે. થોડે થોડે અંતરે બત્તીઓ મૂકેલી છે. ઉનાળામાં રસ્તે પાણીની પરબો પણ માંડવામાં આવે છે. રસ્તાની બંને બાજુએ લીલાંછમ ખેતરો છે.

ગામમાં દાખલ થતાં જ શાળાનું સુંદર મકાન નજરે પડે છે. પાસે રમતગમતનું મોટું મેદાન છે. આગળ જતાં ગામનું પુસ્તકાલય આવે છે. આ પુસ્તકાલયમાં ગામના ઘણા લોકો છાપાં વાંચવા આવે છે. અહીંથી વાંચવા માટે પુસ્તકો પણ મળે છે. બાળકોને વાંચવા લાયક પુસ્તકો પણ આ પુસ્તકાલયમાં છે.

થોડે દૂર ગામની ઇસ્પિતાલ છે. અહીં માંદા લોકોને મફત દવા મળે છે. ઇસ્પિતાલના દાક્તર પણ ત્યાં જ રહે છે. ઇસ્પિતાલમાં એક નર્સ પણ રાખવામાં આવી છે. ગામના લોકો ઇસ્પિતાલનો સારો લાભ લે છે.

ત્યાંથી આગળ જતાં ગામના મુખીનો ચોરો છે. ગ્રામપંચાયતના સભ્યો અહીં ભેગા મળે છે. મુખીની કચેરીમાં આખો દિવસ લોકોની આવજા થયા કરે છે. ગામના મુખી ઘણા સારા સ્વભાવના માણસ છે. ગામલોકોને મુખી માટે ઘણું માન છે, કારણ તે બધાને ઉપયોગી સલાહ આપે છે.

પછી ગામ શરૂ થાય છે. ગામનાં ઘરો બેઠી બાંધણીનાં છે. ઘણાંખરાં ઘરનાં આંગણાં સ્વચ્છ હોય છે. ગામની દુકાનો પણ હારબંધ આવેલી છે. દુકાનોમાં જુદી જુદી ચીજો બહુ જ સુંદર રીતે ગોઠવેલી હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારા ગામનો મુખ્ય ઉદ્યોગ હાથવણાટનો છે. લગભગ અર્ધું ગામ એ ઉદ્યોગમાં રોકાયેલું છે. બીજા ઘણા ખેતીનું કામ કરે છે. અમારા ગામમાં લુહાર, સુથાર અને મોચીનાં પણ થોડાં ઘર છે.

અમારા ગામમાં બાજુના શહેરમાંથી ઘણા લોકો અવારનવાર આવે છે. તેઓ અમારા ગામની વ્યવસ્થા અને સ્વચ્છતા જોઈ ખુશ થાય છે. મને પણ મારું ગામ ખૂબ જ ગમે છે.

સ્વાધ્યાય

૧ નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :—

(ક) તમારા ગામનું નામ શું? તે ક્યાં આવેલું છે?
(ખ) તમારા ગામના લોકો કયા કયા ધંધા કરે છે?
(ગ) લોકોનાં સુખસગવડ માટે તમારા ગામમાં શું શું છે?

૨ તમે જે ગામ કે શહેરમાં રહેતા હો તેનું ટૂંકમાં વર્ણન કરો.

૩ તમને ગામડામાં રહેવું ગમે કે શહેરમાં? શા માટે?

૪ શાળાના મિત્રો સાથે તમે કોઈ બીજે ગામ પર્યટન પર ગયા હો તેનું વર્ણન તમારી બહેનને પત્ર લખી જણાવો.

૫ નીચેના વિષયો પૈકી ગમે તે એક પર ત્રણચાર ફકરા લખો :—

(क) મારા ગામનું તળાવ; (ख) શહેરનું પુસ્તકાલય;
(ग) શહેરનું સંગ્રહસ્થાન; (घ) શહેરનું બજાર.

૬ નીચે આપેલા મુદ્દાઓ પરથી "**મારા ગામનો બાગ**" વિશે ચારપાંચ ફકરા લખો.

(क) બાગ ક્યાં આવ્યો છે?
(ख) બાગનું વર્ણન – ઝાડ – વેલાની વિગત–રચના, આકાર અને વિસ્તાર – બેસવાની ગોઠવણ – બાળકો માટે રમતનાં સાધનો.
(ग) બાગનો માળી – તેની સંભાળ, પાણીની વ્યવસ્થા વગેરે.
(घ) બાગની જરૂરિયાત – કામથી કંટાળેલા માટે આરામનું સ્થાન – તંદુરસ્તી અને શોભા – શહેરમાં બાગની જરૂર વિશેષ રહે છે. શા માટે?

卐

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ આઠમો

કથાકાવ્ય

નીચે એક કાવ્ય આપ્યું છે. એ કાવ્ય તમે ધ્યાનથી વાંચો.

કામ દિવસનું પૂરું થયું ને સાંજ તણી દીસે શરૂઆત;
"કહો, કહો, ઓ ગુરુજી અમને એક મજાની નાની વાત."
એમ કહી બાળક સૌ હોંશે શિક્ષકને વીંટળાઈ વળ્યાં,
શિક્ષકને મુખેથી વાર્તા સાંભળવા ઉત્સુક બન્યાં.
ખોંખારો ત્યાં ખાઈ શિક્ષકે બાળકને બેસાડ્યાં પાસ:
"સારું, સાંભળો," કહી ચલાવી પિંજરના પંખીની વાત.

"દૂર દૂરનાં જંગલ માંહી એક હતું બુલબુલનું બાળ,
રોજ પ્રભાતે ઊડી બેસતું એક ડાળથી બીજી ડાળ.
નીલ ગગનમાં ઊંચે ઊંચે ફફરે એની નાની પાંખ,
હવાતણા સાગરમાં તરતું ગિરિશિખર પર માંડે આંખ.

"સવાર સાંજે ખીલી ઊઠતા વિધવિધ વાદળીઓના રંગ,
જોઈ જોઈ એના નાનકડા હૈયામાં નવ માય ઉમંગ.
દશે દિશામાં સૂરજ ઢોળે તેજ તેજ કેરા અંબાર,
પંખી ત્યાં અંતરનાં મીઠાં ગીત તણી રેલાવે ધાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખું યે આસ્માન ભરી દે ગુંજે એવાં એનાં ગીત,
પંખી મુક્ત ગગનનું પ્યાસી પ્રકાશ સાથે એને પ્રીત.

"એક દિવસ નિષ્ઠુર પારધી જંગલમાં પાથરતો જાળ,
સૂર્યે તે દિન વ્યોમ આખું યે કરી મૂકેલું લાલમલાલ.
ભોળું બુલબુલ ગાતું ગાતું જાળ મહીં જ ગયું સપડાઈ,
પગ બંધાયા, પાંખો થાકી, ચાલ્યો ના એકે ય ઉપાય.
પંખીને લઈ ગયો પારધી ઊંચા જ્યાં રાજાના મહેલ,
રાજકુમારી રોજ ખોળતી નવા નવા મનગમતા ખેલ.
ઉમંગથી એણે લઈ લીધું સુંદર એ નાનું બુલબુલ,
સોનાનાં પિંજરમાં પૂરી ઘણું ચૂકવી દીધું મૂલ.
નોકર, ચાકર, દાસદાસીઓ સહુ પંખીનું રાખે ધ્યાન
મીઠાઈમેવા ખાવા આપે પંખીને આપે બહુ માન.

"તો યે પંખીને ચેન પડે ના જંગલ એને આવે યાદ,
લાખ લાખ ફૂલોના જાણે દૂર દૂરથી આવે સાદ.
બોલાવે વન વનનાં વૃક્ષો બોલાવે નદીઓનાં નીર,
'આવ આવ,'ના અવાજ દેતો દશે દિશામાં વાય સમીર.
પિંજરની જાળીમાં પંખી ફરી ફરી ફફડાવે પાંખ,
સોનાના સળિયા નવ તૂટે થાકી રે' નાનકડી ચાંચ.

"રાજકુમારી રડે, 'પંખી આ કેમ રહે છે છેક ઉદાસ?
ખાય પીએ ના, ગીત ગાય ના, શી એના જીવવાની આશ?'
રંગ રંગનાં ઊડે પક્ષીઓ નવાં મધુરાં ગીતો ગાય,
પિંજરના પંખીનું હૈયું સૌની પાછળ દોડ્યું જાય.
આખું વ્યોમ પ્રકાશે છલકે ખલકે રે' નદીઓનાં નીર,
હાય! પંખીની હૃદયઝંખના સમજે ના કોઈ જ લગીર."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પછી થયું શું ? પછી થયું શું ?" ચાલી ત્યાં ચોમેર ધમાલ,
"થાય પછી શું ? રાજકુમારી કેરા મનમાં આવ્યો ખ્યાલ,
છોડી મૂક્યું પંખી." કહીને લાવ્યા વાત તણો જ નિકાલ.
રાજી થઈને છુટ્ટાં પડિયાં સમય થતાં શાળાનાં બાળ.

—નાથાલાલ દવે

સ્વાધ્યાય

૧ ઉપરના કથાકાવ્યની વાર્તા ટૂંકમાં લખો. (યોગ્ય રીતે ફકરા પાડવાનું ને વાર્તાને મથાળું આપવાનું ભૂલશો નહિ.)

૨ નીચે આપેલા મુદ્દાઓ પરથી વાર્તાઓ બનાવો, અને દરેક વાર્તાને યોગ્ય શીર્ષક (મથાળું) આપો :—

(क) એક ફકીર વનમાંથી પસાર થાય છે—ઝાડ પર એક બાજ પક્ષી—મોંમાં માંસનો મોટો ટુકડો—જમીન પર પડેલો એક અધમૂઓ કાગડો—બાજ નીચે ઊતરી આવે છે—પોતાની ચાંચ વડે કાગડાને માંસ ખવડાવે છે—પક્ષીઓમાં પણ એકબીજા માટે લાગણી જોઈ ફકીર આશ્ચર્ય પામે છે.

(ख) એક ઘરડો શિકારી કૂતરો—એક દિવસ શિકારી જોડે જંગલમાં શિકારે જાય છે—એક સસલાને પકડે છે—તેના મોંમાં પૂરા દાંત ન હોવાથી સસલાને બરાબર પકડી શકાતું નથી—સસલું નાસી જાય છે—શિકારી કૂતરાને મારે છે—કૂતરો કહે છે: "મારી જુવાનીમાં મેં તમારી ચાકરી કરી તે તમે ભૂલી ગયા ?"

૩ આ પાઠની ઉપર આપેલા ચિત્રનું દસેક લીટીમાં વર્ણન કરો.

૪ તમારા પુસ્તકમાંના કોઈ કથાકાવ્યનો પ્રસંગ ટૂંકમાં લખો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ નવમો

વિરામ ચિહ્નો

નીચે આપેલો ફકરો વાંચો :—

એક વખત બુદ્ધ ભગવાન મગધની રાજધાની રાજગૃહની પાસેના વેણુવનમાં રહેતા હતા તે નગરમાં ભારદ્વાજ નામે એક અતિ ક્રોધી બ્રાહ્મણ રહેતો હતો એક દિવસ ભારદ્વાજ વેણુવનમાં આવ્યો ને બુદ્ધને ગાળો દેવા લાગ્યો બુદ્ધે તેને પૂછ્યું હે બ્રાહ્મણ તારે ઘેર કદી પરોણા આવે છે ખરા ભારદ્વાજે કહ્યું હા મારાં સગાંવહાલાં કદી કદી મારે ઘેર આવે છે બુદ્ધે પૂછ્યું તેમને તું ખાવાપીવાનું આપે છે ભારદ્વાજે કહ્યું હા મારે ઘેર આવેલા મહેમાનોને હું ખાવાપીવાની સામગ્રી આપું છું બુદ્ધે કહ્યું જો તારા પરોણા તારી આપેલી વસ્તુઓ ન સ્વીકારે તો તે વસ્તુઓનું શું થાય ભારદ્વાજે કહ્યું મહેમાનો મારી વસ્તુઓ ન સ્વીકારે તો તે બધી મારી પાસે જ રહે બુદ્ધે કહ્યું તે જ પ્રમાણે તેં આજે આ ગાળોની ભેટ મારે માટે આણી છે તેનો હું સ્વીકાર કરતો નથી.

*

ઉપરનો ફકરો વાંચતાં તમને માલૂમ પડશે કે એનો અર્થ સારી રીતે સમજી શકાતો નથી. એનું કારણ એ છે કે એ ફકરામાં જોઈતાં **'વિરામચિહ્નો'** મૂકવામાં આવ્યાં નથી. એ જ ફકરામાં યોગ્ય વિરામ–ચિહ્નો મૂક્યાં હોય તો એનો અર્થ તમને ઘણી સહેલાઈથી સમજાય. યોગ્ય સ્થાને, યોગ્ય વિરામચિહ્નો મૂકવાથી લખાણનો અર્થ સારી અને સાચી રીતે સમજી શકાય છે. આપણા વિચારો સ્પષ્ટ અને સરળ રીતે દર્શાવવા માટે વિરામચિહ્નો વગર ચાલી ન શકે. વિરામચિહ્નો મૂકીને એ જ ફકરો નીચે આપ્યો છે. તે ધ્યાનપૂર્વક વાંચો. એમાં કયે સ્થળે કેવાં કેવાં વિરામ–ચિહ્નો વપરાયાં છે, તે પણ ધ્યાનપૂર્વક જોઈ લો. શા માટે આવાં જુદાં જુદાં ચિહ્નો વપરાય છે તે વધુ મહાવરાથી તમને સમજાશે.

*　　*　　*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખત બુદ્ધ ભગવાન મગધની રાજધાની રાજગૃહની પાસેના વેણુવનમાં રહેતાં હતા. તે નગરમાં ભારદ્વાજ નામે એક અતિ ક્રોધી બ્રાહ્મણ રહેતો હતો. એક દિવસ ભારદ્વાજ વેણુવનમાં આવ્યો ને બુદ્ધને ગાળો દેવા લાગ્યો. બુદ્ધે તેને પૂછ્યું, "હે બ્રાહ્મણ! તારે ઘેર કદી પરોણા આવે છે ખરા?" ભારદ્વાજે કહ્યું, "હા, મારાં સગાંવહાલાં કદી કદી મારે ઘેર આવે છે." બુદ્ધે પૂછ્યું, "તેમને તું ખાવાપીવાનું આપે છે?" ભારદ્વાજે કહ્યું, "હા, મારે ઘેર આવેલા મહેમાનોને હું ખાવાપીવાની સામગ્રી આપું છું." બુદ્ધે કહ્યું, "જો તારા પરોણા તારી આપેલી વસ્તુઓ ન સ્વીકારે તો તે વસ્તુઓનું શું થાય?" ભારદ્વાજે કહ્યું, "મહેમાનો મારી વસ્તુઓ ન સ્વીકારે તો તે બધી મારી પાસે જ રહે." બુદ્ધે કહ્યું, "તે જ પ્રમાણે તેં આજે આ ગાળોની ભેટ મારે માટે આણી છે તેનો હું સ્વીકાર કરતો નથી."

*

ઉપરના ફકરામાં (.) પૂર્ણવિરામ; (,) અલ્પવિરામ; (?) પ્રશ્નાર્થચિહ્ન; (!) ઉદ્‌ગારચિહ્ન અને ("..........") અવતરણચિહ્નો વાપર્યાં છે. એ બધાં ચિહ્નોનો સાચો ઉપયોગ તમારે શીખવો જોઈએ.

સ્વાધ્યાય

નીચે આપેલા ફકરામાં યોગ્ય વિરામચિહ્નો મૂકી ફકરો ફરીથી લખો:—

બંસીધર બજાર વચ્ચે બેઠો છે મધુર બંસી વગાડે છે ગામ આખું ગાંડું થયું છે સોની કહે સોનું તો કાલ ઘડાશે દિવસોનો ક્યાં દુકાળ છે આજ તો બંસી સાંભળવા દે લુહાર કહે મૂકને હથોડો હેઠો આખો દિવસ ટપટપ એ તે કોને ગમે જવા દે બંસી સાંભળવા મજૂર કહે અરે ભાઈ કામ તો રોજનું થયું આવી રૂડી બંસી ક્યાંથી બે દિવસ જાણે નો'તા રળ્યા શાળામાંથી છોકરાં ભાગ્યાં મંદિરેથી સાધુ ભાગ્યા દુકાનેથી વાણિયા આવ્યા

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પાઠ દશમો

કાગડો

કાગડાને કોણે નહિ જોયો હોય? સવાર થાય ને તેનો 'કા....કા....કા' અવાજ સંભળાય છે. વનવગડામાં કે વસ્તીવાળાં ગામડાંમાં અને શહેરોમાં બધે જ કાગડા હોય છે.

કાગડાનો રંગ કાળો હોય છે. કેટલાકના ગળાનો ભાગ રાખોડી રંગનો હોય છે. તેને મજબૂત, અણીદાર, લાંબી ચાંચ હોય છે.

કાગડા ઘણા હિંમતવાન હોય છે. ઘરમાં આપણે બેઠા હોઈએ તો પણ તે આવીને ખાવાનું ઉઠાવી જાય છે. નાનાં બાળકો પાસેથી પૂરી કે રોટલીનો ટુકડો ઉપાડી જતાં એને જરા યે વાર લાગતી નથી. કાગડાની નજર બહુ તીક્ષ્ણ હોય છે. ગમે ત્યાં પડેલી વસ્તુ ઝટ એની નજરે પડે છે.

કાગડો ઘણો ચાલાક અને લુચ્ચો હોય છે. ઘણી વાર તે આપણા ઘરની બારી પર આવીને બેસે છે. આપણે તેને લાકડી બતાવીએ તો પણ તે ઊડી જતો નથી. આપણે છેક પાસે જઈએ ત્યારે જ તે ઊડી જાય છે.

બે ત્રણ કાગડા ભેગા મળે એટલે થઈ રહ્યું. તેઓ એટલો બધો અવાજ કરે છે કે આપણે કંટાળી જઈએ. કાગડાની જાત બહુ સંપીલી હોય છે. જ્યારે તે ખાવાનું જુએ છે ત્યારે તે એકલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાતો નથી, પણ કા....કા...કા કરીને બીજા કાગડાઓને બોલાવે છે. પછી બધા ભેગા મળીને ખાય છે. એક કાગડો મરી ગયો હોય ત્યારે સંખ્યાબંધ કાગડાઓ તેની પાસે બેસીને મોટેથી અવાજ કરે છે.

કાગડો કોઈને ગમતો નથી. એના કર્કશ અવાજથી બધા કંટાળી જાય છે. તેમ છતાં એ આપણને ઘણો જ ઉપયોગી છે. ઘરની બહાર ફેંકી દીધેલી ગંદી વસ્તુઓ અને ગંદકીના જીવજંતુને કાગડો ખાઈ જાય છે. આ ગંદી વસ્તુઓ પડી રહે તો રોગ ફેલાય. આ રીતે રોગ ફેલાતો અટકાવવાનું ઉપયોગી કામ કાગડો કરે છે; એ માટે આપણે કાગડાનો ઉપકાર માનવો જોઈએ.

સ્વાધ્યાય

૧ ઉપરનું લખાણ વાંચી કાગડા વિશે બાર-પંદર લીટી લખો.

૨ 'કાગડો નહિ હોત તો રોગચાળો ફાટી નીકળત.' કારણ આપી સમજાવો.

૩ લોકો પોપટને પાંજરામાં પૂરીને ઘરમાં રાખે છે. કાગડાને કોઈ કેમ રાખતું નથી?

૪ નીચેના શબ્દોની જોડણી સુધારીને ફરી લખો :—

શાંતી; લૂચ્ચો; તિક્ષ્ણ; હીંમત; ઉંચુ વસ્તૂ; ઊપયોગી.

૫ તમે કાગડા વિશે વાંચ્યું. એ જ પ્રમાણે નીચે આપેલા મુદ્દાઓ પરથી **'કોયલ'** વિશે ચાર-પાંચ ફકરા લખો :—

(क) કોયલનો દેખાવ—રંગ, શરીર. કાગડા જોડે સરખામણી.

(ख) કોયલ ક્યાં અને ક્યારે જોવામાં આવે છે? વસંત અને ગ્રીષ્મ એ કોયલને પ્રિય ઋતુ છે.

(ग) કોયલનો સ્વભાવ-ટહુકા કરતી વખતે સંતાઈને બેસે – ચાળા પાડીએ તો સામા ટહુકા કરે. એના મીઠા ટહુકા સહુને ગમે છે.

(घ) પોતાનાં ઈંડાં કાગડાના માળામાં મૂકી દે છે – તેથી કોયલ અને કાગડા વચ્ચે અણબનાવ.

CC-0. In Public Domain: Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ અગિયારમો

રજાચિઠ્ઠી

દેસાઈ ફળિયું,
પારડી,
તા. ૨૭-૭-૧૯૫૦

પૂજ્ય ગુરુજી,

આજે સવારે અમારી બાજુમાં રહેતાં સૂરજકાકી એકાએક માંદાં પડી ગયાં. તેમને ટાઢ ચડીને સખત તાવ આવ્યો છે. એમને ઘેર બીજું કોઈ જ નથી, એટલે હું એમની સારવાર કરવા રોકાયો છું. ડૉકટરે તાવ ઓછો ન થાય ત્યાં સુધી એમને માથે બરફ મૂકવા કહ્યું છે. એટલે મારે એમની પાસે જ રહેવું પડશે. એટલે આજે મારાથી નિશાળે આવી શકાય તેમ નથી. માટે મને આજની રજા આપવા કૃપા કરશો.

સૂરજકાકીનો દીકરો ઉદવાડામાં નોકરી કરે છે. તેને મારા બાપાજીએ સંદેશો મોકલ્યો છે. તે આજે રાતે આવી જશે, એટલે આવતી કાલે હું જરૂર નિશાળે આવીશ.

લિ૦
આપના આજ્ઞાંકિત શિષ્ય
મગન નાયકના પ્રણામ.

સ્વાધ્યાય

૧ કાગળમાંથી એક પરબીડિયું બનાવી તેના પર તમારા ગુરુજીનું પૂરેપૂરું સરનામું સારા અક્ષરે લખો.

૨ તમે નિશાળે જતાં પડી ગયા. તમને ઈજા થઈ. તમે નિશાળે જઈ શકતા નથી. બેત્રણ દિવસની રજા માટે શાળાના આચાર્યને પત્ર લખો.

૩ તમારી પાડોશમાં એક વૃદ્ધ ગૃહસ્થ રહે છે. તેઓ એકાએક માંદા પડી ગયા. તેમનો દીકરો બહારગામ રહે છે. તેના પિતાની માંદગીના સમાચાર આપી તેને તેડાવવાનો એક પત્ર લખો.

卐

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ બારમો

મારી રોજનીશીનું એક પાનું

શનિવાર : ૨૩ મી જુલાઈ, ૧૯૫૦

સવારે છ વાગ્યે ઊઠ્યો. નાહીધોઈને સાત વાગ્યે તૈયાર થયો. સાડાસાત વાગ્યે નિશાળે ગયો.

શાળામાં બાગકામ કર્યું. ગુલાબની કલમો બાગમાં રોપી. ૧૧ વાગ્યે ઘેર આવ્યો.

જમીને બાપા માટે ખાવાનું લઈ ખેતરે ગયો.

બે વાગ્યે બાપા જોડે બળદની જોડ ખરીદવા ચીખલી ગયા.

ભાણાકાકાને ત્યાં ગયા. ભાણાકાકા કેટલા માયાળુ છે ! ખૂબ પ્રેમથી અમને ચાપાણી અને નાસ્તો આપ્યાં.

ભાણાકાકા જોડે ઊકા પટેલને ત્યાં બળદ જોવા ગયા.

ઊકા પટેલે ઘણા બળદ બતાવ્યા. બાપાએ બે સફેદ મોટા બળદ પસંદ કર્યા. ૨૫૧ રૂપિયામાં સોદો નક્કી કર્યો.

બાપાએ એક બળદને દોર્યો, બીજાને મેં દોર્યો.

ભાણાકાકાનો ઉપકાર માની અમે ઘેર પાછા ફર્યા. ઘેર પાછા ફરતાં થોડો વરસાદ પડ્યો. આકાશમાં મેઘધનુષ્ય જોયું.

બળદની જોડ જોવા ફળિયાના લોકો ભેગા થયા. નવા આણેલા બળદોને મેં અને બહેને હોંશથી ઘાસ નીર્યું.

*

મેઘધનુષ્ય કેટલું સુંદર હતું ! એમાં કેવા સરસ રંગો હતા ! એ મેઘધનુષ્ય આકાશમાં કેવી રીતે થતું હશે ? દરરોજ આકાશમાં મેઘધનુષ્ય થતું હોય તો આકાશ કેટલું સુંદર લાગે ?

સ્વાધ્યાય

૧ તમારી રોજનીશીમાં લખવા/માટે એક દિવસની નોંધ લખો.

૨ ગઈ કાલનો દિવસ તમે કેવી રીતે પસાર કર્યો તે બતાવતું નોંધપોથીનું એક પાનું લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ તેરમો

સંવાદ લેખન

નીચેની વાર્તા ધ્યાનપૂર્વક બે વખત વાંચો.

સાચો ખેલાડી

પ્રતાપ તેનાં માતાપિતાનો એકનો એક દીકરો હતો. તે ઘણો ઠરેલ અને સેવાભાવી હતો. તેનાં માતાપિતા તેને ખૂબ ચાહતાં. અભ્યાસમાં તે ઘણો હોશિયાર હતો અને શિક્ષકોનો એ માનીતો હતો. રમતગમતમાં પણ પ્રતાપ એક્કો હતો.

એક દિવસ એની શાળાની બૉલબૅટની મૅચ હતી. પ્રતાપ તેમાં રમવાનો હતો. મૅચ અગિયાર વાગ્યે શરૂ થતી હતી. જતી વખતે પ્રતાપના પિતાએ કહ્યું, "બેટા પ્રતાપ, આજની મૅચમાં તું સારું રમશે તો તને એક બૅટ ભેટ આપીશ." પ્રતાપ આ સાંભળી રાજી રાજી થઈ ગયો.

પ્રતાપ શાળાના મેદાનમાં જવા નીકળ્યો. રસ્તે જતાં, બાગ પાસે એક ગરીબ આંધળો ભિખારી પડ્યો હતો. તેને પાણીની તરસ લાગી હતી અને તે ભૂલો પડ્યો હતો. રસ્તે જતા આવતા સેંકડો લોકોમાંથી કોઈએ પણ એના તરફ ધ્યાન આપ્યું નહિ.

પ્રતાપને દયા આવી. બગીચામાંથી પાણી લઈ આવી તેણે તે ભિખારીને પાયું અને તે આંધળા ભિખારીને જ્યાં જવું હતું ત્યાં મૂકી આવ્યો. ભિખારી રાજી થયો ને કહ્યું, "ભાઈ! ભગવાન તારું ભલું કરશે."

આમ ભિખારીને મદદ કરતાં અગિયાર વાગી ગયા. મૅચ શરૂ થઈ ગઈ હતી. પ્રતાપ મેદાનમાં પહોંચ્યો ત્યારે તેના શિક્ષક તેના પર ખૂબ ગુસ્સે થયા. મોડા આવવાને કારણે તે મૅચમાં રમી શક્યો નહિ. મૅચ પૂરી થતાં પહેલાં નિરાશ થઈને તે ઘેર પાછો આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાએ મૅચ વિશે પ્રતાપને પૂછ્યું. પ્રતાપે તેમને બધી હકીકત કહી. પિતા ખુશી થયા ને તેમણે કહ્યું, "બેટા! તું ભલે બૉલબૅટની રમતમાં મોડો પડયો, પણ તું તો આજે સાચી જ રમત રમ્યો છે. તને નવું બૅટ જરૂર અપાવીશ. ગરીબ આંધળા ભિખારીને મદદ કરવાનું તેં જે કામ કર્યું એ જ સાચી અને મોટી રમત છે."

*

[ઉપરની વાર્તા ઉપરથી પ્રતાપ અને તેના પિતા વચ્ચે સંવાદ યોજી શકાય. સંવાદનો થોડો ભાગ નીચે આપ્યો છે. તે વાંચો.]

બાપા : પ્રતાપ, તું આટલો વહેલો કેમ આવ્યો? શું મૅચ ન રમાઈ?

પ્રતાપ : પિતાજી, હું મેદાન પર મોડો પહોંચ્યો. મૅચ શરૂ થઈ ગઈ હતી, એટલે મારી જગાએ બીજા એક છોકરાને રમતમાં ઉતારવામાં આવ્યો હતો.

બાપા : બેટા, તને મોડું કેવી રીતે થયું? અહીંથી તો તું વખતસર નીકળ્યો હતો.

પ્રતાપ : ....

....

સ્વાધ્યાય

૧ ઉપર આપેલો સંવાદ અધૂરો છે. ઉપરની વાર્તાની મદદથી એ સંવાદ પૂરો કરો.

૨ આંધળા ભિખારી અને પ્રતાપ વચ્ચે જે વાતચીત થઈ શકે તે સંવાદરૂપે લખો.

૩ તમે નિશાળે એક દિવસ મોડા પહોંચ્યા. તમારા વર્ગશિક્ષક અને તમારી વચ્ચે એ વિશે એક સંવાદ લખો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ચૌદમો

નાળિયેરી

બધાંને નાળિયેરનું પાણી પીવું ઘણું ગમે છે. કોપરું પણ બહુ ભાવે છે. આ નાળિયેર નાળિયેરીનાં ઝાડ પર થાય છે.

નાળિયેરી ઘણી ઊંચી હોય છે. મોટે ભાગે તેનું ઝાડ પચાસ--સાઠ ફૂટ ઊંચું હોય છે. ઊંચાઈના પ્રમાણમાં એનું થડ ઘણું પાતળું હોય છે. બીજાં ઝાડો માફક નાળિયેરને ડાળીઓ હોતી નથી. એની છેક ટોચે છત્રીની માફક પાંદડાં હોય છે. ગરમ પ્રદેશમાં, દરિયાકિનારે નાળિયેરી પુષ્કળ પ્રમાણમાં થાય છે. કોંકણને દરિયાકિનારે નાળિયેરનાં ઝાડોનાં ઝુંડ માઈલોના માઈલો સુધી પથરાયેલાં હોય છે.

નાળિયેરીના જેટલું ઉપયોગી બીજું ઝાડ ભાગ્યે જ હશે. તે ઝાડનો એક પણ ભાગ નકામો નથી. નાળિયેરનાં છોડાંને સૂકવી તેમના રેસામાંથી કાથી કે કાથો બનાવે છે. એનાથી ગાદીઓ અને ગાદલાં ભરાય છે. એમાંથી દોરડાં, દોરડી અને પગલૂછણિયાં પણ બને છે. કાચલીમાંથી પ્યાલા, રકાબી, બટન, બંગડી અને રમકડાં બને છે. બળતણમાં પણ એનો ઉપયોગ થાય છે. કોપરું આપણને કેટલું ઉપયોગી છે! રસોઈમાં કોપરું નાખી એને સ્વાદિષ્ટ બનાવવામાં આવે છે. એમાંથી સરસ મીઠાઈ અને ચટણી પણ બને છે. ગરીબ મજૂરો કે ખેડૂતો તાકાત મેળવવા ને થાક ઉતારવા કોપરું અને ગોળ ખાય છે. કોપરાને સૂકવીને તેને ઘાણીમાં પીલી કોપરેલ કાઢવામાં આવે છે. રસોઈમાં ને માથામાં નાખવાનાં તેલ બનાવવામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. કોપરેલ કાઢયા પછી જે ખોળ રહે તે ઢોરને ખવડાવવામાં આવે છે ને ખાતર તરીકે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે.

નાળિયેરીનાં પાંદડાં પણ ઘણાં ઉપયોગી છે. ગરીબ માણસો ઘરનાં છાપરાં પર નાળિયેરીનાં પાંદડાં છાય છે. આ પાંદડાંમાંથી બેસવા માટે સાદડી પણ બનાવાય છે. નાની નાની સુંદર ટોપલીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



નાળિયેરી અને તેમાંથી મળતી ચીજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આ પાંદડાંમાંથી બનાવવામાં આવે છે. પાંદડાંની પટીઓમાંથી અને સળીઓમાંથી સાવરણી અને ઝાડુ પણ બને છે.

નાળિયેરીનું લાકડું ઇમારતી લાકડા જેટલું મજબૂત હોતું નથી. પણ ગરીબ માણસો પોતાનાં ઘરો બાંધવા આ લાકડાંનો ઉપયોગ કરે છે. બળતણ માટે પણ એનો ઉપયોગ થાય છે.

આપણે ત્યાં કોંકણ, મલબાર અને લંકામાં તો નાળિયેરી ઉપર જ ઘણા લોકોના જીવનનો આધાર હોય છે. એ લોકો માટે તો નાળિયેરી એ ખરેખર કલ્પવૃક્ષ જ છે.

સ્વાધ્યાય

નીચેના પ્રશ્નોના જવાબ આપો :—

૧ નાળિયેરીના વર્ગનાં-તેનાં જેવાં-બીજાં ઝાડોનાં નામ આપો.

૨ (ક) નાળિયેરીનાં ફળો શા શા ઉપયોગમાં આવે છે?

(ખ) નાળિયેરીના લાકડાના શા શા ઉપયોગ થાય છે?

(ગ) ખોરાકની કઈ કઈ વાનીમાં કોપરું વપરાય છે?

૩ નાળિયેરીના ઝાડ વિશે તમે વાંચ્યું. એ જ પ્રમાણે નીચે આપેલા મુદ્દાઓનો ઉપયોગ કરી '**આંબાનું ઝાડ**' એ વિષય પર ચારપાંચ ફકરાઓ લખો :—

(ક) દેખાવ, કદ, ઘટા, થડ, પાંદડાં, ફૂલ, ફળ, વગેરેનું વર્ણન.

(ખ) આંબો કેવી જગાએ ઊગે? તેને માફક આવતાં હવાપાણી.

(ગ) શી રીતે ઉપયોગી છે? લાકડાનો ઉપયોગ. માનીતું ફળ.

(ઘ) આંબાવાડિયાનું વર્ણન. કેરી ક્યારે થાય છે? વસંતમાં મોર બેસે. ગ્રીષ્મમાં કેરીઓ આવે. કેરીનો ઉપયોગ—ખાવામાં; રસનો ઉપયોગ; અથાણાં, ચટણીમાં થતો ઉપયોગ.

૪ આ વિષયો પૈકી કોઈ એક પર ચારપાંચ ફકરા લખો:-કેળ; બાવળ; વડ.

૫ તમે જે જે ઝાડો જોયાં હોય તેનાં નામ લખો.

૬ આ પાઠમાં જે ચિત્ર આપ્યું છે તેનું દશ લીટીમાં વર્ણન કરો.

✱

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ પંદરમો
નિમંત્રણપત્ર

દેસાઈ ફળિયું,
કતારગામ,
તા. ૨૨-૧૨-૧૯૫૦

પ્રિય ભાઈ જવાહર,

આપણે છેલ્લા મળ્યા પછી બહુ સમય વીતી ગયો. મેં તારા પત્રનો જવાબ આપ્યો હતો. ત્યાર પછી તારા તરફથી પત્ર નથી.

આ વર્ષે અમારા ખેતરમાં જુવાર બહુ સરસ થઈ છે. આવતા રવિવારે મેં આપણા થોડા મિત્રોને પોંક ખાવા માટે બોલાવ્યા છે. બાપાજી તરફથી જ આ સૂચના થઈ હતી. તારે જરૂર આવવાનું છે. સાથે તારા ભાઈ જગદીપ તથા બહેન જ્યોતિને પણ જરૂર લઈ આવજે. સૂરતથી તમે સવારે સાતેક વાગ્યે નીકળશો તો આઠ વાગ્યે મારે ખેતરે પહોંચી શકશો. બધા મિત્રો ભેગા મળીશું એટલે ખૂબ મજા પડશે. તમે બધાં જરૂર આવશો એવી આશા રાખું છું. મારાં માતાપિતાને પણ ખૂબ આનંદ થશે.

હમણાં તો તું અને રમેશ પતંગ ચગાવવામાં ખૂબ રોકાયેલા રહેતા હશો. બધાં કુશળ હશે.

લિ૦
નવીનનાં સ્મરણ

સ્વાધ્યાય

૧ તમારા મોટાભાઈ માધ્યમિક શાળાંત પરીક્ષામાં પાસ થયા છે. એની ખુશાલીમાં તમારા મિત્રને તમારે ઘેર જમવાનું નિમંત્રણ આપતો એક પત્ર લખો.

૨ તમે પરીક્ષામાં ઊંચે નંબરે પાસ થયા છો. જુદા જુદા વિષયોમાં તમે મેળવેલા ગુણ જણાવતો એક પત્ર તમારા મિત્રને લખો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ સોળમો
શેરડીને ખેતરે
[૧]
શેરડીનો રસ

એક દિવસ અમારા શિક્ષક અમને શેરડીને ખેતરે લઈ ગયા. શેરડીનાં મોટાં મોટાં ખેતરો તો અમે કોઈ દિવસ જોયાં જ નહોતાં, એટલે એ જોઈને અમને ખૂબ આનંદ થયો.

ખેતરોમાં શેરડી પાકીને તૈયાર થયેલી હતી. શેરડીના સાંઠા પર લાંબાં લીલાં પાન હતાં. ખેતરમાં કેટલાક સ્ત્રીપુરુષો કામ કરી રહ્યાં હતાં. કેટલાક માણસો શેરડી કાપતા હતા અને કેટલાક શેરડીના કાપેલા સાંઠા એક જગાએ ભેગા કરતા હતા કેટલીક સ્ત્રીઓ એ ઢગલા-માંથી શેરડીના ભારા બાંધીને માથા પર મૂકી ઊંચકી લાવતી હતી.

અમે ત્યાં થોડીવાર ઊભાં રહ્યાં અને પછી ખેતરના બીજા ભાગ તરફ ગયાં. ત્યાં આગળ બીજા કેટલાક માણસો કામ કરી રહ્યા હતા. તે જગાએ શેરડીનું કોલુ ફરી રહ્યું હતું. કોલુ લોખંડનું બનેલું હતું. તેને ચલાવવાને માટે બે બળદો જોડેલા હતા. બળદો ગોળ ગોળ ફરતા અને તેને લીધે કોલુ ફરતું હતું. એક માણસ કોલુમાં શેરડીના સાંઠા મૂકતો હતો. કોલુમાં શેરડી કચરાતી અને તેનો રસ નીચે મૂકેલા વાસણમાં પડતો હતો. જ્યારે એક વાસણ શેરડીના રસથી ભરાઈ જતું ત્યારે તે વાસણની જગાએ બીજું વાસણ મુકાતું. શેરડીમાંથી રસ કાઢવાની ક્રિયા જોઈ અમને ખૂબ મજા પડી. અમારા શિક્ષકે કોલુના બધા ભાગો અમને બતાવ્યા. શહેરમાં વપરાતા હાથકોલુ વિશે પણ તેમણે અમને માહિતી આપી.

પછી અમે બધાં ઝાડના છાંયડામાં બેઠાં. કરસન પટેલે અમને બધાંને પેટ ભરીને શેરડીનો તાજો રસ પાયો. આવો મીઠો રસ મેં પહેલાં કદી પણ ચાખ્યો ન હતો.

[૨]
ગોળ

શેરડીનો રસ પી રહ્યા પછી કરસન પટેલ અમને ગોળ કેમ બને છે તે બતાવવા લઈ ગયા. કોલુથી થોડે દૂર એક મોટો ચૂલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સળગાવેલો હતો. ત્યાં બીજા કેટલાક માણસો કામ કરી રહ્યા હતા. ચૂલા ઉપર એક મોટી ચપટા તળિયાવાળી કઢાઈ મૂકેલી હતી. કોલુમાંથી શેરડીનો રસ લાવી કઢાઈમાં રેડવામાં આવતો હતો.

અમે ચૂલાથી થોડે દૂર ઊભા રહ્યા. કઢાઈમાં રસ ઉકળતો હતો. બેત્રણ માણસો બાજુમાં ઊભા રહી મોટા તવેથાથી રસને હલાવતા હતા. રસ જેમ જેમ ઉકળતો ગયો તેમ તેમ તેના પર મેલની છારી આવતી ગઈ. એક માણસ એ છારી લોખંડના મોટા ઝારા વડે કાઢી નાખતો હતો. રસને ખૂબ ઉકાળવામાં આવ્યો, એટલે તે ધીમે ધીમે ઘટ્ટ થવા લાગ્યો. એ ઘટ્ટ બનેલો રસ તે જ ગોળ.

ગોળ તૈયાર થયો એટલે કઢાઈને ચૂલા પરથી ઉતારી લેવામાં આવી. થોડે દૂર માટીનાં માટલાં પડેલાં હતાં. તેમાં ગોળ ભરાતો ગયો. કરસન પટેલે અમને ખાવા માટે ગોળ પણ આપ્યો. તાજા ગોળનો સ્વાદ કંઈ જુદો જ હતો.

આ પ્રમાણે શેરડીમાંથી રસ અને રસમાંથી ગોળ બનતો જોઈને અમને ઘણું જાણવાનું મળ્યું.

કરસન પટેલનો આભાર માની અમે બધાં ઘેર જવા નીકળ્યાં. આખે રસ્તે શેરડીના રસ અને ગોળની વાત કરતાં અમે સાંજે ઘેર પહોંચ્યાં.

*

સ્વાધ્યાય

૧ શેરડી કઈ ઋતુમાં થાય છે? શેરડી કેટલા પ્રકારની હોય છે?
૨ શેરડીમાંથી રસ કાઢે છે, તે આખી ક્રિયાનું ટૂંકમાં વર્ણન કરો.
૩ શેરડીમાંથી ગોળ કેવી રીતે બને છે? ટૂંકમાં વર્ણન કરો.
૪ તમે શેરડીનો રસ પીધો છે? તેનો સ્વાદ અને રંગ કેવો હોય છે?
૫ શહેરના હાથકોલુ અને ખેતરના કોલુ વચ્ચે શો ફેર હોય છે?
૬ તમે પોંક ખાવા કદી ગયા છો? એ ખેતરનું, પોંક પાડવાની ક્રિયાનું ને પોંકની ઉજાણીનું ટૂંકમાં વર્ણન કરો.
૭ વાવણીના દિવસ માટે ખેડૂત શી શી તૈયારી કરે? વાવણીની ક્રિયા ટૂંકમાં વર્ણવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ સત્તરમો
ચિત્રવાર્તા



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ સામેના પાના પર છ ચિત્રો આપ્યાં છે. એ ચિત્રો એક વાર્તા કહે છે. એ ચિત્રો કાળજીપૂર્વક જુઓ.

(ક) પહેલા ચિત્રમાં કોણ કોણ છે? એ દરેક જણ શું કરે છે?

(ખ) બીજા ચિત્રમાં કોણ આવતું જણાય છે? કૂતરો એમાં શું કરતો જણાય છે?

(ગ) છોકરાનો બાપ પાછો આવી તરવાર શા માટે કાઢે છે?

(ઘ) છોકરાનો બાપ પાછો ફર્યો ત્યારે છોકરો ક્યાં હતો? એ શું કરતો હતો?

(ઙ) છેલ્લા ચિત્રમાં છોકરાના બાપે કપાળ પર શા માટે હાથ મૂકયો હશે?

૨ એ વાર્તામાંથી તમને જે બોધ મળતો હોય તે ત્રણેક લીટીમાં લખો.

૩ તમે વાંચેલા કોઈ એક પુસ્તક વિશે પંદર લીટી લખો.

૪ આ ચિત્રો પરથી એક વાર્તા આશરે પંદર લીટીમાં લખો. વાર્તાને યોગ્ય મથાળું આપો.

૫ નીચે આપેલા મુદ્દાઓ પરથી એક વાર્તા બનાવો. તમારી વાર્તાને યોગ્ય મથાળું આપજો.

ચાર બળદો સાથે જંગલમાં ચરતા—એક સિંહે તેમને જોયા—હલ્લો કરવાની હિંમત ન ચાલી—એક દિવસ એક બળદ ત્રણ બળદો સાથે લડ્યો—એકલો જુદો ચરવા લાગ્યો—સિંહે તેને મારી નાખ્યો—થોડા દિવસ પછી એક બીજો બળદ લડીને જુદો થયો—તે પણ સિંહનો ભોગ બન્યો—એમ વારાફરતી સિંહે બધા બળદોને મારી નાખ્યા.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ અઢારમો

દશેરા

દશેરાનો તહેવાર આસો સુદ દશમને દિવસે આવે છે. એ તહેવારને આપણે વિજયાદશમી તરીકે પણ ઓળખીએ છીએ. આસો સુદ એકમથી નવરાત્ર શરૂ થાય છે. નવરાત્રમાં ચકલે ચૌટે ગરબા ગવાય છે. નવરાત્ર પછી દશેરા આવે છે. એ દિવસે ઘણા વીરપુરુષોએ વિજય મેળવ્યો હતો. તેમ જ કેટલાકે વિજય મેળવવા એ દિવસે મુહૂર્ત કરેલું. આથી આ તહેવાર વિજયાદશમીના નામથી ઓળખાય છે. હિંદુઓ એ તહેવારને ઘણા ઉત્સાહથી ઊજવે છે.

વિજયાદશમીને દિવસે દેવોને દુઃખ દેનાર અને પૃથ્વીના માણસોને ત્રાસ આપનાર મહિષાસુર નામના રાક્ષસને દેવી દુર્ગાએ નવ દિવસના યુદ્ધ પછી માર્યો હતો. દશેરાને દિવસે શ્રી રામચંદ્રજીએ સીતાને હરી જનાર લંકાના રાજા રાવણ પર ચડાઈ કરી હતી. પાંડવોએ પણ તેમના વનવાસ પછી વિજયાદશમીને દિવસે જ પાછાં હથિયાર સજ્જ કર્યાં હતાં.

રઘુરાજાએ વિશ્વજિત યજ્ઞ કર્યો. પછી વિજયાદશમીને દિવસે ગામની બહાર આવેલા શમીવૃક્ષની નીચે તેમણે સોનાની મહોરોનો ઢગલો કર્યો. ગામના લોકોને આ સોનામહોરો આપી દેવામાં આવી હતી. તેથી જ વિજયાદશમીને દિવસે શમીપૂજન કરવામાં આવે છે; અને મહારાષ્ટ્રમાં એકમેકને શમીવૃક્ષનાં પાન આપવામાં આવે છે. શાંતિ અને અહિંસાનો ધર્મ શીખવનાર ભગવાન બુદ્ધનો જન્મ પણ વિજયાદશમીને દિવસે જ થયો હતો.

વિજયાદશમીને દિવસે કેટલાંક ગામોમાં ઘોડદોડની હરીફાઈ યોજવામાં આવે છે. ઘરને આંગણે આસોપાલવનાં પાંદડાં અને ગલગોટાનાં ફૂલોનાં તોરણ બાંધવામાં આવે છે. આંગણામાં સાથિયા પૂરવામાં આવે છે. ઘરમાં ભોજન માટે મિષ્ટાન્ન બનાવે છે. રાત્રે બાળકો ફટાકડા ફોડે છે. કેટલાંક ગામોમાં અને શહેરોમાં ગાડી, ઘોડા અને મોટરોને શણગારવામાં આવે છે. અને એ દિવસે મેળો પણ ભરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાંના વખતમાં કેટલાક રાજાઓ એ દિવસે હાથી પર બેસીને ઠાઠમાઠથી પૂજા કરવા જતા. આજે પણ વડોદરા અને મ્હૈસુરમાં દશેરાને દિવસે મોટી સવારી નીકળે છે. ત્યાં આખા ગામને શણગારવામાં આવે છે અને રાત્રે સુંદર આતશબાજી થાય છે. દેશના જુદા જુદા ભાગોમાંથી લોકો એ સવારી જોવા અને ઉત્સવમાં ભાગ લેવા ત્યાં જાય છે.

સ્વાધ્યાય

૧ હિંદુ, જૈન, મુસલમાન, પારસી અને ખ્રિસ્તીઓના મુખ્ય તહેવારોની જુદી જુદી યાદી તૈયાર કરો.

૨ તમને કયો તહેવાર સૌથી વધારે ગમે છે? શા માટે?

૩ નીચે આપેલા તહેવારોમાંથી ગમે તે એક વિશે માહિતી એકઠી કરો અને થોડા ફકરા લખો :—

રામનવમી; દિવાળી; પર્યુષણ; મોહરમ; પતેતી; નાતાલ.

૪ નીચે આપેલા શબ્દોના અર્થ તમે જાણો છો? ન જાણતા હો તો શબ્દકોશમાંથી શોધી કાઢો, અને એ શબ્દો વાપરી વાક્યો બનાવો.

અહિંસા; મિષ્ટાન્ન; મુહૂર્ત; સંપૂર્ણ; આતશબાજી.

૫ નીચે આપેલા મુદ્દાઓ પરથી '**હોળી**'ના તહેવાર વિશે થોડા ફકરા લખો :—

(ક) હોળી ક્યારે આવે છે? એનું મહત્ત્વ. તે શા માટે ઊજવવામાં આવે છે?

(ખ) એ દિવસે લોકો શું કરે છે? બાળકો શું કરે છે?

(ગ) સાંજે હોળી પ્રગટ કરવામાં આવે છે તે દૃશ્ય—હોળીની પૂજા, રાતનું ભોજન વગેરે.

(ઘ) હોળીના તહેવારની ઉજવણીમાં રહેલાં ખરાબ તત્ત્વો—હોળી ઊજવવાની સારી અને સાચી રીત.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ઓગણીસમો

ચિત્રવર્ણન

નીચે આપેલા ચિત્રનું દશ-બાર લીટીમાં વર્ણન કરો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ વીસમો

પિતાને પત્ર

આદર્શ છાત્રાલય,
હોપ પુલ પાસે,
સૂરત,
તા. ૧૫મી નવેમ્બર, ૧૯૫૦

પૂજ્ય પિતાશ્રી,

તમારો કાગળ મળ્યો. તમે બધા મજામાં છો જાણી આનંદ થયો. હવે મારી તબિયત સારી છે ને મેં ડૉકટરની દવા પણ બંધ કરી છે.

મને તાવ આવ્યો ત્યારે ડૉ. મનુભાઈએ કહ્યું હતું કે, 'મલેરિયા તાવ છે. તમારે મચ્છરદાની રાખીને સૂવું જોઈએ.' અહીં મચ્છર ઘણા છે. મેં બજારમાં તપાસ કરી તો સારી જાતની મચ્છરદાની દસ રૂપિયે મળે છે. માટે તમે જો રજા આપો તો તો હું એક મચ્છરદાની ખરીદી લઉં. એ ખરીદવા માટે મારે પૈસા પણ જોઈશે. માટે આવતે મહિને મારા છાત્રાલય ને શાળાના ખર્ચના રૂ. ૩૦ સાથે વધારાના રૂ. ૧૫ મોકલશો. ડૉકટરને પણ છ દિવસની દવાના ત્રણેક રૂપિયા આપવાના થશે.

પૂજ્ય બા તથા કાકી મઝામાં હશે. તેમને મારા પ્રણામ કહેશો. બહેન તરલા મને ઘણી યાદ આવે છે. એ પણ મને યાદ કરતી હશે.

લિ૦
રમેશના પ્રણામ

સ્વાધ્યાય

૧ તમારે સંગીત કે ચિત્રકળાના વર્ગમાં દાખલ થવું છે. વર્ગની માસિક ફી રૂપિયા ત્રણ છે. વર્ગમાં જોડાવાની પરવાનગી મેળવવા માટે તમારા પિતાને એક પત્ર લખો.

૨ તમારી શાળાના વિદ્યાર્થીઓ કોઈ જાણીતા સ્થળના પ્રવાસે જનાર છે. તમારે પણ એમની સાથે જવું છે. પ્રવાસના ખર્ચ માટે તમારે રૂ. ૨૦ની જરૂર છે. રજા મેળવવા તથા પૈસા મોકલવા તમારા મોટા ભાઈને પત્ર લખો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ એકવીસમો

મનીઑર્ડર વિશે માહિતી

રમેશે તેના પિતા પાસેથી ૪૫ રૂપિયા મંગાવ્યા. તેના પિતા તો બહારગામ રહે છે. તે રમેશને એ પૈસા કેવી રીતે મોકલશે તે તમે જાણો છો ?

આપણે કોઈને બહારગામ પૈસા મોકલવા હોય તો તે **'મનીઑર્ડર'**થી મોકલી શકીએ. મનીઑર્ડર કરવા માટે એક કાગળ પર અમુક પ્રકારની વિગત ભરવી પડે છે. આ જાતના છાપેલા કાગળ પોસ્ટ ઑફિસમાંથી મફત મળે છે. એને **'મનીઑર્ડર ફૉર્મ'** કહે છે. એ ફૉર્મમાં નીચે પ્રમાણે વિગતો હોય છે. એ બધી વિગતો આપણે સારા અક્ષરે ભરવી જોઈએ.

રકમ (આંકડામાં લખવી) ______________________

રકમ (શબ્દોમાં લખવી) ______________________

નાણાં લેનારનું નામ અને તેનું પૂરેપૂરું સરનામું ______________________

તારીખ ______________ નાણાં મોકલનારની સહી.

નાણાં લેનારનું નામ ______________________

મનીઑર્ડરની રકમ (આંકડામાં) રૂપિયા ________ આના ________

(શબ્દોમાં) ______________________

નાણાં મોકલનારનું પૂરું નામ અને સરનામું ______________________

કૂપન : આ ભાગમાં નાણાં મોકલનારે નાણાં લેનારને જોઈએ તે લખવું.

રૂપિયા ______ આના ______

નાણાં મોકલનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનીઑર્ડર ફૉર્મની પાછળની વિગત પોસ્ટ ઑફિસે ભરવાની હોય છે. આ ફૉર્મની નીચેનો થોડો ભાગ કોરો હોય છે. આ ભાગમાં પૈસા મોકલનારે પૈસા લેનારને કાંઈ લખવું હોય તો તે લખી શકાય.

મનીઑર્ડરના ફૉર્મમાં જરૂરી વિગત ભર્યા પછી આપણે એ ફૉર્મ લઈને ટપાલ ઑફિસમાં જવું પડે છે. મોટી ટપાલ ઑફિસમાં જુદી જુદી બારીઓ હોય છે. મનીઑર્ડરની બારી આગળ બેઠેલા કારકુનને આપણે એ ફૉર્મ આપવું જોઈએ. મનીઑર્ડરના ફૉર્મની સાથે, જેટલા રૂપિયાનો મનીઑર્ડર કરવો હોય તેટલી રકમ પણ આપણે કારકુનને આપવી જોઈએ. મનીઑર્ડર કરવા માટે ટપાલ ઑફિસ થોડું ખર્ચ લે છે. દા. ત. રૂ. ૧૦ નો મનીઑર્ડર કરવો હોય તો ટપાલ ઑફિસ બે આના લે છે. એટલે મનીઑર્ડરના ફૉર્મ સાથે આપણે રૂ. ૧૦-૨-૦ આપવા પડે. જેમ રકમ મોટી તેમ મનીઑર્ડર કરવાના ખર્ચના પૈસા પણ વધારે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટપાલ ઑફિસનો કારકુન મનીઑર્ડરનું ફૉર્મ તથા પૈસા લઈને આપણને એક પહોંચ આપે છે. એ પહોંચ આપણે સાચવી રાખવી જોઈએ. કોઈ વખત પૈસા લેનારને પૈસા ન મળે તો આપણે ટપાલ ખાતામાં એ પહોંચ બતાવીને ફરિયાદ નોંધાવી શકીએ.

ટપાલ ઑફિસવાળા રેલવે મારફતે એ મનીઑર્ડર બહારગામ મોકલે છે. જ્યાં પૈસા મોકલવા હોય તે ગામની ટપાલ ઑફિસમાં એ મનીઑર્ડરનું ફૉર્મ જાય છે. ત્યાંનો ટપાલી પૈસા લેનારની સહી લે છે તથા તારીખ લખાવે છે. પછી ટપાલી તેને મનીઑર્ડરના ફૉર્મમાં લખેલી રકમ ચૂકવી આપે છે.

પૈસા લેનારની સહીવાળો મનીઑર્ડરનો ભાગ પૈસા મોકલનારને ટપાલખાતું પાછો પહોંચાડે છે. એ મળવાથી પૈસા મોકલનારને ખબર પડે છે કે તેણે મોકલેલા પૈસા લેનારને બરાબર મળી ગયા છે. આ પ્રમાણે મનીઑર્ડરથી આપણે પૈસા મોકલી શકીએ.

સ્વાધ્યાય

૧ ટપાલ ઑફિસમાંથી મનીઑર્ડરનું ફૉર્મ લઈ આવો. તમારા કોઈ મિત્રને પાંચ રૂપિયા તમારે મોકલવા છે. ફૉર્મ સારા અક્ષરે ભરો.

૨ તમારે પુસ્તકો મંગાવવાં છે. બુકસેલરને તમારે રૂ. ૮ મોકલવા છે. તેનો મનીઑર્ડર કરો. ફૉર્મ તમારી જાતે જ દોરીને ભરો.

૩ રૂ. ૧૦, રૂ. ૨૦, રૂ. ૨૫ અને રૂ. ૧૦૦ના મનીઑર્ડર પર ટપાલખાતું ખર્ચના કેટલા પૈસા લેશે તેની વિગત મેળવો.

૪ તમે જ્યાં રહો છો તેની નજીકમાં કઈ ટપાલ ઑફિસ આવી છે? તમે ટપાલ ઑફિસમાં કોઈ દિવસ ગયા છો? ગયા હો તો શા માટે ગયા હતા તે લખો, અને ટપાલ ઑફિસનું ટૂંકમાં વર્ણન કરો.

૫ મનીઑર્ડરના પૈસા ટપાલ ઑફિસમાં ભરાય ત્યાંથી શરૂ કરી, પૈસા લેનારની રકમ મળ્યાની પહોંચ મોકલનારને પહોંચે ત્યાં સુધીમાં શું બને છે તે ટૂંકમાં લખો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ બાવીસમો

ચર્ચા

તમારા વર્ગમાં ઘણા વિદ્યાર્થીઓ હશે. બધા વિદ્યાર્થીઓમાં એકસરખી બુદ્ધિ હોતી નથી. તેમ જ બધા વિદ્યાર્થીઓના વિચારો પણ એકસરખા હોતા નથી. વિચારો દર્શાવવા માટે વપરાતી ભાષા કે દલીલ પણ એકસરખી હોતી નથી. આપણા જીવનમાં પણ એવું જ જોવામાં આવે છે.

ઘણી વાર આપણને અમુક બાબતો વિશે વિચાર કરવો પડે છે. વિચાર કરીને બીજા માણસોને આપણા વિચાર સમજાવવા પડે છે. બધા માણસો આપણા વિચાર સાથે મળતા ન થાય. તેમને સમજાવવા આપણે દલીલ કે ચર્ચા કરવી પડે. સામા પક્ષની દલીલ તોડી પાડવા માટે પણ આપણે પ્રયત્ન કરવો પડે છે. તેથી આપણી દલીલ મુદ્દાસર અને સચોટ હોવી જોઈએ. દરેક વિદ્યાર્થીએ ચર્ચા કે દલીલ કરતાં શીખવું જ જોઈએ. આ માટે વખતોવખત શાળામાં અને વર્ગમાં ચર્ચાસભા યોજાવી જોઈએ. એમાં વિદ્યાર્થીઓએ વારાફરતી ભાગ લેવો જોઈએ.

શાળાની ચર્ચાસભામાં મોટે ભાગે પ્રમુખસ્થાન શિક્ષક લે છે. પણ પ્રમુખની ફરજો ને જવાબદારીની સીધી સમજણ મેળવવા માટે કોઈ વાર વર્ગના કે શાળાના વિદ્યાર્થીએ પણ એ સ્થાન લેવું જોઈએ.

ચર્ચાસભામાં અમુક નિયમો પાળવા જરૂરી છે.

(૧) દલીલો સંગીન અને સ્પષ્ટ હોવી જોઈએ.

(૨) દલીલો યોગ્ય ક્રમ પ્રમાણે ગોઠવાવી જોઈએ. દલીલને મજબૂત બનાવવા યોગ્ય દાખલા આપવા જોઈએ.

(૩) એક જ વિચાર, દલીલ, કે દૃષ્ટાંત ફરી ફરીને રજૂ ન કરવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) જેટલો સમય મળ્યો હોય તેટલા જ સમયમાં દલીલો પૂરી કરવી જોઈએ.

(૫) પ્રમુખશ્રીની આજ્ઞા કે સૂચન હમેશાં સ્વીકારી લેવું જોઈએ

(૬) વિરોધપક્ષ સામે ક્રોધ કે તિરસ્કાર બતાવવો ન જોઈએ. તેમની દલીલો પ્રત્યે માનથી જોવું જોઈએ અને છતાં કુશળતાથી તેમની દલીલો તોડી પાડવા યત્ન કરવો જોઈએ.

(૭) વિષયની ગંભીરતા સમજી જરૂર જણાય ત્યાં વિનોદ લાવવા યત્ન કરવો જોઈએ.

(૮) ક્રિકેટ કે બીજી રમતમાં હોય છે તે પ્રમાણે હારજીતનો પ્રશ્ન અગત્યનો ન ગણતાં સાચી ખેલદીલીને જ ચર્ચામાં મહત્ત્વ આપવું જોઈએ.

*

પાઠ ત્રેવીસમો

ચર્ચાસભાનું કામકાજ

આપણે આપણા વર્ગમાં એક ચર્ચા યોજવી છે એ માટે આપણે નીચે પ્રમાણે તૈયારી કરવી જોઈએ.

પ્રથમ એક વિષય પસંદ કરવો જોઈએ. એ વિષય એવો હોવો જોઈએ કે જેના પર રસમય ચર્ચા યોજી શકાય બંને પક્ષને દલીલો અને દૃષ્ટાંતો મળી રહે તેવો વિષય પસંદ કરવો જોઈએ. વિષય પસંદ કર્યા પછી વર્ગમાં એની જાહેરાત કરવી જોઈએ. જેઓ વિષયની તરફેણમાં કે વિરુદ્ધમાં બોલનાર હોય તેમનાં નામ ચર્ચાસભાના મંત્રીએ ભેગાં કરવાં જોઈએ. અને બંને પક્ષ માટે એકેક નેતા બોલનારાઓએ ચૂંટી કાઢવો જોઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ ચર્ચા માટે બે પક્ષ તૈયાર થાય છે. પ્રસ્તાવ રજૂ કરનાર પક્ષને 'તરફેણ પક્ષ' કહે છે. પ્રસ્તાવનો વિરોધ કરનાર પક્ષને 'વિરોધ પક્ષ' કહે છે. પછી ચર્ચાસભાના પ્રમુખની પસંદગી કરવામાં આવે છે. પ્રમુખ સભા પર દેખરેખ રાખે છે ને વક્તાઓ પાસે નિયમોનું પાલન કરાવે છે. શરૂઆતમાં પ્રમુખ સભા આગળ પ્રસ્તાવ રજૂ કરે છે. પ્રમુખ પ્રસ્તાવ સમજાવે છે. અને પછી તરફેણ પક્ષના નેતાને ચર્ચા શરૂ કરવા કહે છે. ત્યાર પછી વારાફરતી તરફેણ પક્ષ અને વિરોધ પક્ષમાંથી એકેક વક્તાને પોતાની દલીલો રજૂ કરવાની તક આપવામાં આવે છે. એક વખત બોલી રહ્યા પછી એ જ વકતાને બીજી વાર બોલવાની રજા આપવામાં આવતી નથી. બધા વકતા બોલી રહ્યા પછી તરફેણ પક્ષના નેતાને વિરોધ પક્ષને જવાબ આપવાની તક આપવામાં આવે છે. પ્રમુખની ઇચ્છા હોય તો વિરોધ પક્ષના નેતાને પણ તે છેવટે આવી તક આપી શકે.

બંને પક્ષની દલીલો પૂરી થયા પછી પ્રમુખ સભાજનોમાંથી જેઓ પ્રસ્તાવની તરફેણમાં હોય તેમના મત લે છે. ત્યાર પછી પ્રસ્તાવની વિરુદ્ધ હોય તેમના મત લે છે. મતગણતરી કરી પ્રસ્તાવ મંજૂર થયો કે નામંજૂર થયો તેની પ્રમુખ જાહેરાત કરે છે. છેવટે ચર્ચાના વિષય પર પ્રમુખ પોતાના વિચાર દર્શાવી ચર્ચા બંધ કરે છે. પછી ચર્ચાસભાનો મંત્રી પ્રમુખનો તથા વક્તાઓનો આભાર માને છે.

આપણે આપણા વર્ગમાં ચર્ચા કરવી હોય તો સામાન્ય રીતે આપણને તે માટે ૩૫ મિનિટ મળે. એની વહેંચણી અને અનુક્રમ માર્ગદર્શન પૂરતાં પાછળ આપ્યાં છે. વક્તાઓની સંખ્યા અને ચર્ચા માટેના સમય પ્રમાણે દરેક વક્તાને અને બંને પક્ષના નેતાઓને કેટલો સમય આપવો એ પ્રમુખે નક્કી કરી પહેલેથી જાહેર કરવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. પ્રમુખ
[સભા સમક્ષ પ્રસ્તાવ જાહેર કરે]
(૨ મિનિટ)

૨. તરફેણ પક્ષનો નેતા :
[પ્રસ્તાવ અને દલીલો
રજૂ કરે]
(૪ મિનિટ)

૩. વિરોધ પક્ષનો નેતા
પ્રસ્તાવનો વિરોધ
કરી દલીલો રજૂ કરે]
(૪ મિનિટ)

૪. તરફેણ પક્ષ : વક્તા બીજો
(૨ મિનિટ)

૫. વિરોધ પક્ષ : વક્તા બીજો
(૨ મિનિટ)

૬. તરફેણ પક્ષ : વક્તા ત્રીજો
(૨ મિનિટ)

૭. વિરોધ પક્ષ : વક્તા ત્રીજો
(૨ મિનિટ)

૮. તરફેણ પક્ષ : વક્તા ચોથો
(૨ મિનિટ)

૯. વિરોધ પક્ષ : વક્તા ચોથો
(૨ મિનિટ)

૧૦. તરફેણ પક્ષનો નેતા
[વિરોધ પક્ષની દલીલોનો
ઉત્તર વાળે]
(૨ મિનિટ)

૧૧. મત ગણતરી
(૨ મિનિટ)

૧૨. પ્રમુખની સમીક્ષા
(૩–૪ મિનિટ)

૧૩. આભાર દર્શન
(૧ મિનિટ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ તમે તરફેણ પક્ષના નેતા હો તો તમારે ક્યારે ક્યારે બોલવાનું આવે ? કયા સંબોધનથી તમે તમારા ભાષણની શરૂઆત કરો ?

૨ ચર્ચામાં પ્રમુખે શું શું કરવું પડે ? પ્રમુખ ક્યારે ક્યારે બોલે ?

૩ તમે તમારા વર્ગની ચર્ચાસભાના મંત્રી હો તો ચર્ચા માટે તમે કઈ જાતની તૈયારી કરો ? ચર્ચાને અંતે તમારી ફરજ શી ?

૪ નીચેના પર ટૂંકી નોંધ લખો :

પ્રમુખ; પ્રસ્તાવ; તરફેણ પક્ષ; વિરોધ પક્ષ.

૫ આપણે ચર્ચા કરતાં શા માટે શીખવું જોઈએ ? જીવનમાં એની જરૂર ખરી ?

૬ ચર્ચાસભામાં ભાગ લેનારે કયા કયા નિયમો પાળવા જોઈએ ?

૭ તમે ચર્ચામાં ભાગ લેતા હો તો તમારી દલીલો રજૂ કરતાં શું શું ધ્યાનમાં રાખો ?

૮ આપણી જાહેર સંસ્થાઓમાં ચર્ચાપદ્ધતિનો કઈ કઈ સંસ્થામાં અમલ થતો જોવામાં આવે છે ?

૯ તમારા વર્ગની કે શાળાની ચર્ચાસભા યોજવામાં આવી છે. તમે ચર્ચાસભાના મંત્રી છો. નોટિસબોર્ડ પર મૂકવા માટે એક વિગતવાર જાહેરાત તૈયાર કરો. (વિષય : પૃ. ૧૧૯ ઉપરનો : વક્તાઓ વગેરેનાં નામ વર્ગમાંથી લેવાં.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ચોવીસમો
ચર્ચાની નોંધ



ચર્ચાસભાનું કામકાજ કેવી રીતે ચાલવું જોઈએ એનો ખ્યાલ તો તમને હવે આવી ગયો હશે. જુદા જુદા વિષયો લઈ મહિનામાં એકાદ વખત તો તમે જરૂર તમારા વર્ગમાં ચર્ચાસભા ગોઠવજો. કોઈ કોઈ વાર બીજા વર્ગોને કે બીજી શાળાઓને પણ તેમાં ભાગ લેવા નિમંત્રણ આપી શકાય. આવી ચર્ચાસભામાં તમારે પણ ભાગ લેવો જોઈએ.

તમારે ચર્ચામાં ભાગ લેવો હોય તો થોડી તૈયારી પહેલેથી કરવી જરૂરની છે. એ માટે તમારે તમારી ટૂંકી નોંધ તૈયાર કરતાં શીખવું જોઈએ. બને ત્યાં સુધી નોંધના એ કાગળનો ચર્ચાસભામાં ઉપયોગ ન કરવો જોઈએ. પણ જરૂર જણાય અને કોઈ મુદ્દો કે તેનો ક્રમ ભૂલી ગયા હો તો એ નોંધનો થોડો ઉપયોગ તમે કરી શકો.

નીચે તમને ચર્ચા માટે એક વિષય આપવામાં આવ્યો છે. પ્રસ્તાવની તરફેણમાં અને વિરુદ્ધમાં કઈ કઈ જાતની દલીલો કરી શકાય તે તમારી જાણ માટે અહીં આપી છે. એવી જ રીતે તમે બીજા પ્રસ્તાવની તરફેણમાં કે વિરુદ્ધમાં દલીલો કરવા તમારી નોંધ તૈયાર કરી શકો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવ : " ફટાકડા ફોડવા એ પૈસાનો ખોટો ઉપયોગ છે. "

તરફેણમાં	વિરુદ્ધમાં
૧. ફટાકડા ફોડવાથી કાંઈ ફાયદો થતો નથી. પૈસાનો ધુમાડો થાય છે. ખાંસી થાય છે.	૧. ફટાકડા ફોડવાથી આનંદ મળે છે. બાળકો ખૂબ ખુશ થાય છે.
૨. દાઝી જવાના ને આગ લાગવાના ભયંકર અકસ્માતો થાય છે. (બને તો એક-બે ખરા પ્રસંગો ટાંકવા.)	૨. આપણા ઉત્સવો અને બીજા પ્રસંગો દીપી ઊઠે છે. ઉત્સવ અને આનંદનું વાતાવરણ રચાય છે.
૩. એ જ પૈસાનો બીજો સારો ઉપયોગ થઈ શકે છે. (કઈ રીતે ? તે દાખલા આપી સમજાવવું.)	૩. સામાન્ય રીતે ફટાકડા દિવાળી પર ફોડવામાં આવે છે. ચોમાસા પછીની ખરાબ હવા અને મચ્છર જેવાં જીવજંતુનો નાશ થાય છે.
૪. ફટાકડા ફોડવાના પ્રસંગોમાંથી તોફાનો અને તકરારો થાય છે.	૪. ફટાકડા બનાવનાર કારીગરો ને વેચનાર દુકાનદારનું આ ધંધાથી ગુજરાન ચાલે છે.
૫. ફટાકડા ને એમાં વપરાતા પદાર્થો પરદેશથી આવે છે. એ રીતે દેશનો પૈસો પરદેશમાં ઘસડાઈ જાય છે. એ પૈસો દેશમાં રહે તો એથી દેશને ફાયદો થાય. આવા નજીવા આનંદોનો ત્યાગ કરવો જોઈએ. ફટાકડા ફોડવાના બંધ કરવા જોઈએ.	૫. જૂના વખતથી ચાલતો આવેલો રિવાજ. હજારો વર્ષથી પ્રજા જેમાં આનંદ લેતી આવી હોય એવો આ રિવાજ ચાલુ રાખવો જોઈએ. થોડા અકસ્માત થાય કે ઉત્સવ પ્રસંગે થોડો ખર્ચ થાય એટલા માટે આનંદ આપતો આ રિવાજ બંધ ન જ કરવો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ પાછળ આપેલા પ્રસ્તાવની તરફેણમાં તમારે બોલવાનું છે. ઉપરના મુદ્દાઓને આધારે તમારા ભાષણની નોંધ તૈયાર કરો.

૨ એ જ પ્રમાણે પ્રસ્તાવની વિરુદ્ધ બોલવા માટે ભાષણની નોંધ તૈયાર કરો.

૩ નીચે આપેલા પ્રસ્તાવની તરફેણમાં બોલવા માટે તમારી નોંધ તૈયાર કરો :—

(ક) વિદ્યાર્થીઓને સિનેમાથી નુકસાન થાય છે.
(ખ) યંત્રોને લીધે માણસો આળસુ બની ગયા છે.
(ગ) મુસાફરી કરવાથી જ સાચું શિક્ષણ મળે છે.
(ઘ) સંગીત કરતાં ચિત્રકળા વધુ આનંદ આપે છે.
(ઙ) બળદ કરતાં ઘોડો વધારે ઉપયોગી પ્રાણી છે.

૪ નીચે આપેલા પ્રસ્તાવની વિરુદ્ધ બોલવા માટે તમારી નોંધ તૈયાર કરો :—

(ક) ગામડાનું જીવન શહેરી જીવન કરતાં વધુ સારું છે.
(ખ) ગાડા કરતાં મોટર વધુ ઉપયોગી છે.
(ગ) આંખો કરતાં કાન વધારે ઉપયોગના છે.
(ઘ) ફાઉન્ટનપેન કરતાં પેનસિલ વધારે સગવડભરી છે.
(ઙ) તોફાન કરનારને શિક્ષા કરવી જોઈએ.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ પચીસમો

થોડા અગત્યના શબ્દોની જોડણી

અક્ષાંશ
અગિયાર
અગ્નિ
અછૂત
અતિ
અતિથિ
અતિશય
અદ્ભુત
અધૂરું
અભિનંદન
અષાડ, અષાઢ
અહિંસા
આકૃતિ
આડોશીપાડોશી
આબરૂ
આર્થિક
ઇતિહાસ
ઇનામ
ઇમારત
ઇલાકો
ઇંદુ
ઇંદ્રિય
ઈર્ષા, ઈર્ષ્યા
ઈશાન
ઈશ્વર
ઈસવી સન
ઈંટ
ઈંડું
ઉજાણી
ઉત્તર
ઉનાળો
ઊગવું
ઊજળું
ઊઠવું
ઊન
ઊંચું
ઊંટ
ઊંડું
ઋગ્વેદ
ઋષિ
ઍટલૅન્ટિક
એશિયા
એરિંગ
ઍંજિન
ઐતિહાસિક
ઐશ્વર્ય
ઑક્ટોબર
ઑગસ્ટ
ઑસ્ટ્રેલિયા
કજિયો
કટિબંધ
કબૂતર
કરુણ
કર્ક
કર્ણેન્દ્રિય
કર્તવ્ય
કલિંગડ
કવિ
કંજૂસ
કાઠિયાવાડ
કાર્તિક
કાંતિ
કીર્તિ
કુતૂહલ
ખનિજ, ખનીજ
ગુરુ, ગુરુ
ગ્રીષ્મ
ચક્ર
ચિત્ત
ચિહ્ન
છિદ્ર
છૂટ
જન્મતિથિ
જયંતી
જાતિ
જાસૂસ
જુલાઈ
જૂન
જૂતું
જ્ઞાતિ
ઝનૂની
ટિકિટ
ટૂંકું
ડિસેમ્બર
ડૂચો
તત્ત્વ
તદ્દન
તપસ્વી
તબિયત
તિજોરી
તિથિ
તિરસ્કાર
તીર્થ
દક્ષિણ
દિલ
દિલગીર
દીપ
દીપાવલી (–લિ)
દુર્ગુણ
દુર્દશા
દૃષ્ટિ
દેશનિકાલ
દેશાભિમાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

पुस्तक वितरण की तिथि नीचे अङ्कित है। इस तिथि सहित १५ वें दिन तक यह पुस्तक पुस्तकालय में वापिस आ जानी चाहिए। अन्यथा ५ नये पैसे प्रतिदिन के हिसाब से विलम्ब दण्ड लगेगा।

12 OCT 1970

પરબીડિયું | માણ | શનિવાર | ...

નોંધ : કોઈ પણ શબ્દની જોડણી કે અર્થ ન આવડે તો શબ્દકોશનો ઉપયોગ કરો. (૨) નવા શબ્દો એકઠા કરવાની અને તેનો સાચો ઉપયોગ કરવાની ટેવ કેળવો. (૩) શબ્દભંડોળ વધારવા નવરાશના સમયે શબ્દની રમત કે હરીફાઈ ગોઠવો.

*

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विषय संख्या 66 ग	आ० स०
लेखक 697 28,702
आख्या

पुस्तकालय
गुरुकुल कांगड़ी विश्वविद्यालय

12 OCT 1979
202/2

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय,
हरिद्वार ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેસર્સ કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ • નાણાવટ • સૂરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar